Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય

ચૂનીલાલ પુ૦ બારોટ
ભા. વિ. (ગૂ. વિદ્યાપીઠ)

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Foundation

Gurukul Ka

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ...... ५३ ग

पञ्जिका संख्या २०८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી સૂરજબહેન પટેલ સ્મારકમાળા – ૭

આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય

ચૂનીલાલ પુ૦ બારોટ
ભા. વિ. (ગૂ. વિદ્યાપીઠ)

ऋते ज्ञानान्न मुक्तिः
३०४८६
પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

દોઢ રૂપિયો

ડિસેમ્બર, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

ભાઈશ્રી ચૂનીલાલ બારોટ પાસે તૈયાર કરાવેલી આ જીવનકથા પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. હિંદનાં વિવિધ જીવનક્ષેત્રમાં કામ કરીને આપણા રાષ્ટ્રજીવનનું ઘડતર કરનાર ગણાય એવા અમુક મહાપુરુષોની જીવનકથામાળા ગુજરાતીમાં ઉતારવી ઘટે, એ વિચારથી મેં ઈ. સ. ૧૯૪૫ બાદ ભાઈ બારોટને સૂચના કરી કે, આ કામ હાથ પર લેવું છે. આ અગાઉ તેમની પાસેથી શ્રી કાકાસાહેબે વિલિયમ લૉઈડ ગૅરિસનની જીવનકથા તૈયાર કરાવેલી, તે પરથી મેં એમ તેમને સૂચવ્યું. અને આ અરસામાં જોડણીકોશના કામમાંથી તે પરવાર્યાં હતા, તે સંજોગનો લાભ લઈ વિદ્યાપીઠ વતી તેમને આ કામ સોંપ્યું. એ મુજબ તેમણે નીચેની ૬ જીવનકથા તૈયાર કરી:—૧. આચાર્ય રાય, ૨. શ્રી ફીરોઝશાહ મહેતા, ૩. શ્રી સુરેન્દ્રનાથ બૅનરજી, ૪. શ્રી મદનમોહન માલવિયા, ૫. શ્રી ઍની બેસંટ, અને ૬. સ્વામી શ્રદ્ધાનંદ. તેમાંની પહેલી હવે બહાર પડે છે તે આનંદની વાત છે. હવે પછી બાકીની, એક પછી એક, જેમ જેમ છેવટની પ્રેસ માટે તૈયાર થતી જશે, તેમ તેમ પ્રસિદ્ધ કરાશે.

આ પુસ્તક વિદ્યાપીઠ તરફથી ચાલતી શ્રી સૂરજબહેન પટેલ સ્મારક માળાના ૭મા પુસ્તક તરીકે બહાર પડે છે. ચિખોદરાના પટેલ ગોરધનભાઈ આશાભાઈએ તેમનાં પત્નીના સ્મારક માટે રૂ. ૧૦,૦૦૦) વિદ્યાપીઠને આપ્યા છે, તે રકમ ઇતિહાસ ભૂગોળ, અર્થશાસ્ત્ર, રાજકારણ જેવા સામાજિક વિષયોનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવા પેટે વપરાય છે.

આ ગ્રંથમાળામાં હમણાં લોકમાન્ય ટિળકનું જીવનચરિત બહાર પાડ્યું; તેના જેવી પ્રાસંગિક મહત્તા ઉપરની ૬ જીવનકથાઓને નથી. તેથી તે તરત ખપવાની દૃષ્ટિએ વિચારમાં નાંખે એ ઉઘાડું છે. એટલે કે, તેમાં મૂડી રોકવાનો સવાલ ઊભો થાય છે. આ માળામાં અગાઉ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં તેની રકમ રોકાઈ ગઈ છે. આથી કરીને પણ આ માળાને ઝટ ઝટ બહાર પાડવામાં કાંઈક મુશ્કેલી વધે છે. આ ચરિત્રમાળા જલદી બહાર ન પાડી શકાઈ, તેનું દુઃખ લેખકને તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને રહ્યું છે, તે આ કારણે. છતાં હવે સ્વરાજ આવ્યું છે અને શિક્ષણ સ્વભાષામાં ચાલશે તથા પુસ્તકાલય-પ્રવૃત્તિ પણ ખીલતી જશે — વગેરે બાબતો જોતાં, આશા બંધાય છે કે, આવી જાતનું સાહિત્ય પણ આર્થિક દૃષ્ટિએ બહાર પાડવાનું હવે પછી કાંઈક અંશે બની શકશે. ગુજરાતી વાચકો આવી ચોપડીઓને વસાવીને તેમને ઝટ બહાર પાડવામાં મદદ કરશે એવી વિનંતી છે.

આચાર્ય રાય વિષે વાચક આ ચોપડીમાંથી જ વિગતે જાણશે. તેમના જીવનનો સંબંધ કેવળ વિજ્ઞાન અને વિદ્યાક્ષેત્રે જ નહોતો. તે દેશભક્ત હતા. કોરી વિદ્યાનું અનુશીલન ગુલામ દેશને પાલવે જ કેમ? આ૦ રાય આ વિષે જાગ્રત હતા. તેથી તેમણે દેશનાં સેવાનાં કામોમાં ગાંધીજીની આગેવાની સ્વીકારીને ઝંપલાવ્યું. તેમાં રેંટિયા અને ખાદીના રચનાકાર્યનો ઉપયોગ ગામડાંની સંકટ-રાહત માટે થઈ શકે છે, એ તેનો અર્થ એમણે આબાદ પ્રગટ કરી બતાવ્યો. રસાયણવિદ્યાની કુટકળ શોધો પરચૂરણ નાના ઉદ્યોગો જન્માવી શકે, પણ તેમના વડે દેશની અફાટ બેકારી દૂર ન થઈ શકે; તે તો ખાદીના મંત્રથી જ બને; — આ એમનું દર્શન બીજી એક મોટી રાષ્ટ્રીય બીના ગણાય. આ દ્વારા તેમણે બંગાળમાં રચનાકાર્યની પરંપરાનો પાયો નાખ્યો. કેવળ વિદ્યાક્ષેત્ર જોઈએ તો તેમાં પણ તેમણે રસાયણશાસ્ત્રના જગતમાં હિંદનું નામ દાખલ કરાવ્યું. તથા પોતાના અનેક શિષ્યો દ્વારા એ વિદ્યાના શિક્ષણને દેશમાં ઉઠાવ આપ્યો. આ રીતે પણ એમણે દેશની નામના વધારી અને આપણા સ્વમાનમાં બળ પૂર્યું. ગૂજરાત વિદ્યાપીઠ એક અંગત સંભારણા માટે પણ એમને ખાસ યાદ કરે છે. વિદ્યાપીઠના મુખ્ય મકાનનો પાયો ઈ. સ. ૧૯૨૩માં તેમના જેવા મહાન કેળવણીકાર અને રાષ્ટ્રભક્તને શુભ હસ્તે નંખાયો હતો. આવા મહાપુરુષનું આ નાનકડું જીવનચરિત પ્રસિદ્ધ કરીને વિદ્યાપીઠ અમુક રીતે કૃતાર્થ પણ છે. આશા છે કે, નવી પેઢી આ પુસ્તકમાંથી પ્રેરણા મેળવશે અને આપણા મહાન રાષ્ટ્રની સેવા કરવા માટે તેમાંથી પોતાનું જીવન-પાથેય સંઘરશે.

૮-૧૧-'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકના બે બોલ

આપણા દેશમાં ચરિત્રલેખનની પદ્ધતિ, ઇતિહાસલેખનની જેમ, પશ્ચિમથી આવેલી છે એમ કહો તો ચાલે. આમ તો હર્ષચરિતાદિ અનેક ચરિત્રો આપણા સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. પરંતુ એ બધાના લેખનમાં, કાવ્યના રંગની આડે, હાડચામના જીવતા જાગતા માનવીના યથાર્થ ચરિત્રની વિગતો ગૌણ થઈ ગયેલી હોય છે. એથી યથાર્થ ચરિત્રને બદલે ઉક્ત ચરિત્રો કાવ્યાનંદનો જ રસ રેલાવે છે, અને નાયકો મોટે ભાગે કાલ્પનિક પાત્રો જ બની જાય છે.

રામ અને કૃષ્ણનાં ચરિત્રો વાંચી આપણે એમને ભગવાન કહેતા થઈ શકીએ છીએ; પણ 'નર ચાહ્ય સો કર' એ લોકોક્તિનું રહસ્ય ભૂલી જઈએ છીએ. ચરિત્રલેખનની આધુનિક પદ્ધતિ માણસને માણસ રાખી એના વિકાસની સાચી કથા રજૂ કરવાની અને માનવજીવનની મહત્તાને પ્રેરક બનાવવાની છે. અંગ્રેજી કવિ લૉન્ગફેલોએ કહ્યું છે :

Lives of great men all remind us
We can make our lives sublime,
And, departing, leave behind us
Footprints on the sands of time;—
Footprints, that perhaps another,
Sailings o'er life's solemn main
A forlorn and shipwrecked brother,
Seeing shall take heart again. *

---

* મહાપુરુષોનાં ચરિત્રો બધાં યાદ કરાવે છે કે આપણે આપણાં જીવન ભવ્ય કરી શકીએ છીએ; અને આ શરીર છોડી જતાં પહેલાં કાળરૂપી રણમાં એવાં પગલાં મૂકતા જઈ શકીએ છીએ કે જે જોઈને જીવનરૂપી મહાસાગરની સફરે નીકળેલો કોઈ બીજો માણસ — કોઈ ભગ્નનૌકા, એકલવાયો માનવબંધુ ફરીથી હિંમત ધારણ કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરિત્રલેખનની આમ પ્રતિષ્ઠા થવાથી આત્મકથાની પણ પ્રતિષ્ઠા થવા પામી છે અને ઘણા મોટા માણસો પણ, આ દુનિયા છોડી જતાં પહેલાં, આત્મકથાના લેખનને આત્મપ્રશંસાની પડઘમને બદલે આત્મવ્યક્તિ અને જનકલ્યાણની એક પ્રગતિશીલ માનવ આવશ્યકતા અથવા તો ભવિષ્યની પ્રજા પ્રત્યેનું એક કર્તવ્ય સમજે છે.

આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય પણ આ આવશ્યકતા સમજી આત્મકથા પ્રસિદ્ધ કરતા ગયા છે એ સારું છે. 'લાઇફ ઍન્ડ એક્સ્પીરિયન્સીસ ઑફ એ બેન્ગાલી કૅમિસ્ટ' નામક એમની સાડા પાંચસો પાનાની આત્મકથા ઈ. સ. ૧૯૩૨માં પ્રકટ થયેલી છે. ત્યાર પછી ગુજરાતીમાં શ્રી સોમાભાઈ પટેલે અને શ્રી સોમપુરાએ* પ્રફુલ્લબાબુનાં નાનકડાં ચરિત્રો લખ્યાં છે. પ્રફુલ્લબાબુના શિષ્યો ઘણા છે, પણ કોઈએ એમના અવસાન પછી એમનું વિસ્તૃત ચરિત્ર નહીં તો વિગતવાર સંસ્મરણો લખીને પ્રકટ કર્યાનું જાણ્યામાં નથી. આ ચરિત્ર તૈયાર કરતાં પહેલાં કેટલીક તપાસ પણ કરી જોવાઈ હતી; પરંતુ આ વિષયમાં વિપુલતર કોઈ સાહિત્યની પ્રાપ્તિ થઈ શકી નથી એ ખેદની વાત છે. ૧૯૩૨ પછીના જીવનની માહિતી આથી ખાસ કરીને આછીપાતળી જ છે.

આથી ઉક્ત આત્મકથા અને પુસ્તિકાઓ ઉપરાંત मॉडर्न रिव्यू અને નવજીવનની ફાઈલો તથા ॲन्युअल रजिस्टर અને इन्डियन रिव्यूમાં આવતી ડાયરી ઇત્યાદિ ઉપરથી આ ચરિત્ર તૈયાર કરવામાં આવ્યું છે. આશા છે કે આચાર્યશ્રી વિષે જે અલ્પ સાહિત્ય ગુજરાતીમાં છે એમાં આ પુસ્તિકા ઉપયોગી વધારો કરશે, અને ગુજરાતની ઊગતી પ્રજાને એમાં આપણા દેશના આ મહાપુરુષનું વિસ્તૃત, સુરેખ અને પ્રેરક દર્શન થશે.

અંતમાં નજરચૂકથી ચરિત્રમાં નોંધવી રહી ગયેલી એક બીનાનો ઉલ્લેખ અહીં કરી લેવો જરૂરી છે. ઈ. સ. ૧૯૨૫માં કલકત્તામાં અખિલ ભારતીય હિંદુ મહાસભાનું અધિવેશન લાલા લજપતરાયના પ્રમુખપણે મળ્યું હતું. તે અધિવેશનના સ્વાગતપ્રમુખ ડૉ. રાય હતા.

* 'મહાન વૈજ્ઞાનિકો' પૃ. ૧૭૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સ્વાગતના ભાષણમાં એમણે હિંદુ મહાસભાને હિંદુ સમાજનાં સામાજિક અને રચનાત્મક કાર્યો પૂરતી પોતાની પ્રવૃત્તિ મર્યાદિત રાખવાની સલાહ આપી હતી. અને કહ્યું હતું કે, 'એમ થાય તો હિંદુ મહાસભાને રાષ્ટ્રવિરોધી કોઈ રીતે નહીં કહી શકાય. દરેક સમાજને પોતાનું સંગઠન, સંરક્ષણ અને હિત સાધવાનો અધિકાર છે.'

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૧૪
લાભપાંચમ, વિ. સં. ૨૦૧૩

ચૂ. પુ. બારોટ

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૨૭	સોનામહોરે	સોનામહોરો
૧૦	૧૩	૧૮૭૧માંથી	૧૮૭૧માં
૧૭	૧૯	જિલકાઈસ્ટ	જિલક્રાઈસ્ટ
૨૨	૧૧	ઑડેસ્લેઘ	ઇર્ડેસ્લેઘ
૨૭	૨૪	બિંડિસી	બ્રિંડિસી
૩૧	૬	લડંન	લંડન
૩૧	૧૫	પ્રલ્લફુબાબુ	પ્રફુલ્લબાબુ
૩૬	૧૬	મોરથૂથુ	હીરાકશી
૩૯	૧૫	નાઇટસ	નાઇટ્સ
૪૦	૧૧	મોરથૂથુ	હીરાકશી
૫૩	૩	રસાયણશાસ્ત્રને	રસાયણશાસ્ત્રના
૫૪	૧૭	તોફ	હોફ
૫૫	૧૭	ફ્રેંન્ચ	ફ્રેન્ચ
૬૧	૨૦	એણે	એમણે
૭૦	૨૭	આ	આખી
૭૪	૨૨	કરી	કરી છે
૮૨	૨૬	ઔદ્યોગીકરણ	ઉદ્યોગીકરણ
૮૩	૩	,,	,,
૮૭	૩	૧૯૧૫	૧૯૧૪
૮૯	૨૫	પ્રકુલ્લબાબુ	પ્રફુલ્લબાબુ
૯૨	૪	મૅજિટ્રેસ્ટ	મૅજિસ્ટ્રેટ
૯૬	૫	બનાવેલા	બનાવેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
લેખકના બે બોલ	૫
શુદ્ધિપત્રક	૭
૧. જન્મ, કુળ, માતાપિતા	૩
૨. કેળવણી – ૧	૬
૩. કેળવણી – ૨	૧૧
૪. વિલાયતમાં અભ્યાસ	૧૯
૫. સરકારી નોકરીની શોધ	૨૫
૬. અધ્યાપકપણું અને બીજી પ્રવૃત્તિઓ	૩૧
૭. ધી બેન્ગાલ કેમિકલ ઍન્ડ ફાર્મસ્યુટિકલ વર્કસ	૩૫
૮. રાસાયણિક શોધખોળ અને 'હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ'	૪૬
૯. યુરોપની વિજ્ઞાનયાત્રાએ	૫૧
૧૦. સાચા વિદ્યાગુરુ અને બહોળું શિષ્યમંડળ	૫૭
૧૧. ત્રીજી વાર વિલાયત	૬૬
૧૨. પ્રેસિડંસી કૉલેજમાંથી નિવૃત્તિ	૭૨
૧૩. યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ	૭૬
૧૪. જીવનનો પરમ પ્રવૃત્તિકાળ	૮૦
૧૫. 'વિજ્ઞાન વાટ જોઈ શકે, સ્વરાજ્ય નહિ'	૮૬
૧૬. સમાજસેવાની પ્રવૃત્તિ અને રાહતકાર્ય	૯૦
૧૭. સ્વદેશી ઔદ્યોગિક સાહસો	૯૫
૧૮. આ તે રાય કે રંક?	૧૦૦
પરિશિષ્ટ — શ્રી પ્રફુલ્લબાબુના જીવનની સાલવારી	૧૦૫
વિશેષનામોની શબ્દસૂચિ	૧૦૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

જન્મ, કુળ, માતાપિતા

હિંદના સુવિખ્યાત વૈજ્ઞાનિક અને દેશપ્રેમી આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાયનો જન્મ બંગાળાના ખુલના જિલ્લાના રારુલી નામક ગામડામાં ઈ.સ. ૧૮૬૧ની બીજી ઑગસ્ટે થયો હતો. એમના પિતા હરિશ્ચંદ્ર રાય ત્યાંના જમીનદાર હતા. એ જમીનદારી એમના પરદાદા માણેકલાલ રાયે ઈ. સ. ૧૮૦૦ની આસપાસમાં ખરીદેલી. જોકે એમની જમીનજાગીરનો કેટલોક ભાગ તો ઠેઠ જહાંગીર બાદશાહના સમયથી ચાલ્યો આવતો હતો. એ પરદાદા નદિયા અને જેસોરના કલેક્ટરના દીવાન અર્થાત્, હિંદી કારકુન હતા. આજે દીવાન અને કારકુન બંને શબ્દોનો અર્થ બદલાઈ ગયો છે. પણ એ દિવસોમાં કારકુનનું પદ ખરેખર દીવાન જેવું હતું; અને કલેક્ટર એ જિલ્લાના રાજા જેવો સત્તાધીશ હતો. એટલે માણેકલાલ રાયને પૈસા કમાવાની તક પાર વિનાની હતી. અને એનો એમણે સારો ઉપયોગ કર્યો જણાય છે. પ્રફુલ્લબાબુ પોતાના જીવનચરિત્રમાં લખે છે: 'હું જ્યારે બાળક હતો ત્યારે એમણે કરેલી કમાણીની પરીકથાઓ મારા સાંભળવામાં આવતી. ઈ. સ. ૧૮૦૦ની આજુબાજુમાં જમીનમાં એમણે જે નાણાં રોક્યાં, એ તો એમની દોલતનો એક અંશમાત્ર જ હતો.' દોલતનો મોટો ભાગ એમણે બૅંકમાં રોકેલો; પણ એ બૅંક પડી ભાગવાથી એમને ઘણું નુકસાન થયેલું. એમ કહેવાય છે કે એ ખબર એમને મળી ત્યારે એ શેતરંજ રમતા હતા. કાગળ વાંચવા એમણે રમત બંધ કરી હતી, પણ નુકસાનની ખબર પડી ત્યારે એમણે એક ઊંડો નિસાસો નાખ્યો એ સિવાય એમના ચહેરા પર ત્યાર પછી એની કશી અસર જણાઈ નહોતી. ને જાણે કાંઈ બન્યું જ નથી એવી રીતે એમણે ફરી બાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમવી ચાલુ કરી હતી ! પ્રફુલ્લબાબુના કુટુંબમાં એવી માન્યતા હતી કે કેટલાંક નાણું એમણે ઘરના ભોંયતળિયામાંના તથા ઈંટેરી ભીંતમાંના સંચોમાં વા ગુપ્ત ભંડારિયાંઓમાં દાટયાં હતાં. પણ એમનું એકાએક અવસાન થવાથી ઘરમાં કોઈને એની ભૂગોળની બાતમી એ આપી શક્યા નહોતા.

પ્રફુલ્લબાબુના દાદા આનંદીલાલ રાય જેસોરમાં શિરસ્તેદાર હતા. અને એમણે પણ કૌટુંબિક સંપત્તિમાં સારો એવો ઉમેરો કર્યો હતો.

પ્રફુલ્લબાબુના પિતાશ્રી હરિશ્ચંદ્ર રાયને માથે જમીનદારીનો વહીવટ આવી પડ્યો ત્યારે એમની ઉંમર પચીસેક વર્ષની હતી. એ વખતે એ કૃષ્ણનગર (નદિયા)માં ચાલતી કેપ્ટન ડી. એલ. રિચર્ડસનની કૃષ્ણનગર કોલેજમાં ભણતા હતા, અને ‘ જુનિયર સ્કૉલરશિપ ’ની પરીક્ષા આપવાની તૈયારી કરતા હતા. દાદા આનંદીલાલને બીજા ભાઈ નહોતા એટલે પરદાદાનું અવસાન થતાં જમીનજાગીરનો વહીવટ કરવા માટે ઘેર કોઈ અંગત માણસની જરૂર હોવાથી એમણે પોતાના પુત્ર હરિશ્ચંદ્રને નિશાળમાંથી ઉઠાડી લઈ એ વહીવટ સંભાળવા મૂક્યો. એકાએક આમ કરવાનું બીજું પણ એક કારણ હતું. રારુલીથી થોડે જ દૂર આવેલા એક ગામડાનો મધુસૂદન દત્ત* નામનો છોકરો ખ્રિસ્તી થઈ ગયો હતો. આથી બધાં હિંદુ માબાપોને અંગ્રેજી નિશાળોની એક જાતની ભડક પેસી ગઈ હતી કે ત્યાં તો છોકરા ખ્રિસ્તી થઈ જાય છે.

હરિશ્ચંદ્રબાબુને ફારસી સારું આવડતું અને અરબી પણ તે કામચલાઉ જાણતા. શિષ્ટ અંગ્રેજી સાહિત્યનું એમનું જ્ઞાન સારું હતું. એ ‘તત્ત્વબોધિની પત્રિકા’, ‘વિવિધાર્થસંગ્રહ’, ‘હિંદુપત્રિકા’, ‘ અમૃત બજાર પત્રિકા ’ ઇ૦ એ જમાનાનાં સામયિકો અને પત્રોના નિયમિત ગ્રાહક રહેતા. અને એમની પુસ્તકાલયની અભરાઈઓ પરથી ઘણાં સારાં સારાં પુસ્તકો પ્રફુલ્લબાબુને વાંચવા મળતાં.

* પાછળથી આ મધુસૂદન બંગાળનો એક મહાકવિ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસે ટકે સુખી હોવા* ઉપરાંત એ જમાનાના અદ્યતન સંસ્કારો પામેલ હોવાથી એ કેળવણીના મોટા હિમાયતી હતા. પોતાના વતનના ગામડામાં એમણે પોતાને ખર્ચે એક નિશાળ કાઢી હતી. અને પ્રફુલ્લબાબુને પ્રાથમિક શિક્ષણ એ ગ્રામશાળામાં જ મળ્યું હતું. ત્યાં એમણે કન્યાશાળા (કદાચ બંગાળામાં પ્રથમ ગણાય એવી) પણ કાઢી હતી. અને પં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વિધવાવિવાહની પ્રવૃત્તિનો એમને એટલો રંગ લાગ્યો હતો કે ગામની એક બ્રાહ્મણ વિધવાનું પુનર્લગ્ન એમણે એ જ ગ્રામશાળાના શિક્ષક જોડે કરવાનું ગોઠવ્યું. પણ એ વાત બહાર આવતાં ગામમાં મોટી ધમાલ મચી ગઈ અને જેસોરથી પ્રફુલ્લબાબુના દાદાએ આવીને એ અટકાવ્યું. સંગીતના એ શોખીન હતા. વાયોલિન તો એ ઉસ્તાદની અદાથી જાતે વગાડી જાણતા. અને બ્રિટિશ ઇંડિયન ઍસોસિયેશનના સભ્ય થઈને એમણે બંગાળાના પ્રાથમિક રાજકીય જીવનમાં પણ ભાગ લીધેલો. મકાનોનો પણ એમને શોખ હતો. એટલે બાપીકા મકાનની ઇમારતમાં એમણે કેટલાક ભારે અને ભવ્ય ફેરફારો કરાવ્યા હતા. જીવન એ રાજવી ઠાઠથી ગાળતા. દરવાજે પાંચ છ બરકંદાજો અને સિપાઈઓ બેસતા. અને કચેરીમાં મુનશી, ખજાનચી, નાયબો અને ગુમાસ્તાઓ વચ્ચે બેસી સવારના આઠથી બપોર સુધી રૈયતના નાનામોટા દાવાઓનો ઇન્સાફ કરતા, નાણાં માગનારને વ્યાજે નાણાં ધીરતા, આપવા આવનારનાં નાણાં સ્વીકારતા ને સાંથ વગેરેની વસૂલાત કરતા.

પ્રફુલ્લબાબુનાં માતુશ્રીનું નામ ભુવનમોહિની હતું.× હરિશ્ચંદ્રબાબુ સ્ત્રી-કેળવણીના આદિ હિમાયતીમાંના એક હોવાથી ઈ. સ. ૧૮૫૮ પછી

* એમની વાર્ષિક આવક લગભગ એ જમાનાના દસ હજાર રૂપિયાની હતી. એમનાં પત્નીને સસરા તરફથી દસ હજારના તો દાગીના મળ્યા હતા. અનેક મહેમાનો એમને ત્યાં એકસરખા રૂપેરી થાળમાં જમતા અને પ્રફુલ્લબાબુનાં માતુશ્રી પોતાના બાળકને મોગલ બાદશાહોની છાપની સોનામહોરે અભિમાનપૂર્વક બતાવતાં.

× 'સંવાદ-સંજીવની', ૨૮મી મે, ૧૮૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને કલકત્તામાં રહેવાનું થયું ત્યારથી એમણે ખુદ પં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને હાથે એમને બંગાળી ભણવાનું મળે એવી વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત હરિશ્ચંદ્રબાબુના સહવાસ અને સંસ્કારોની પણ એમની પર ઘણી સારી અસર થઈ હતી.

૨

કેળવણી — ૧

નવ વર્ષના થયા ત્યાં સુધી પ્રફુલ્લબાબુ રારુલીમાં જ રહીને પિતાની ગ્રામશાળામાં ભણ્યા. ત્યાં સુધીમાં એમના મોટાભાઈએ 'માઈનોર સ્કોલરશિપ'ની પરીક્ષા પાસ કરી દીધી હતી એટલે આગળ અભ્યાસ કરવા એને કલકત્તા મોકલ્યા સિવાય છૂટકો નહોતો. અત્યારે રેલવે અને સ્ટીમરના વહેવારથી રારુલી કલકત્તાથી ફક્ત ચૌદ કલાકની મુસાફરીની વાત છે; પણ એ દિવસોમાં એ ચાર દિવસની મુસાફરીનો પ્રશ્ન હતો. એ જમાનામાં નહોતાં યુનિવર્સિટી કે કૉલેજની દેખરેખ નીચે ચાલતાં હાલના જેવાં આલીશાન બાદશાહી છાત્રાલયો, કે નહોતાં ભોજનાલયો. એટલે પિતાની સમક્ષ બે જ માર્ગ હતા: કાં તો કલકત્તામાં જુદું ઘર રાખવું ને ત્યાં કોઈ વાલી કે શિક્ષકની દેખરેખ નીચે છોકરાંઓને ભણવા મૂકવાં કે કાં તો જાતે જ કલકત્તા રહેવા આવવું ને જાતદેખરેખ નીચે છોકરાંઓને ભણાવવાં. બીજા માર્ગમાં મોટી મુશ્કેલીઓ હતી. એ એવડા મોટા જમીનદાર નહોતા કે પોતે કલકત્તામાં રહીને સારો પગાર આપીને કોઈ પ્રામાણિક માણસ મારફત જમીનદારી વગેરેનું કામ લઈ શકે. બીજું એમણે આજુબાજુના લોકોમાં શરાફનો ધંધો શરૂ કર્યો હતો એટલે ધંધાના ક્ષેત્રથી દૂર રહેવામાં શરાફી અને જમીનદારી બંને માર્યાં જાય એવી પરિસ્થિતિ હતી. માતાપિતાને આથી શું કરવું એ પ્રશ્નની છણાવટમાં ઠીક ઠીક વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાળવો પડ્યો. છેવટે છોકરાંને કેળવણી, રહેવાખાવાની સગવડ તથા માબાપની જાતદેખરેખ હેઠળ રહેવાનું મળે એ ખાતર બંનેએ કલકત્તા જ રહેવાનું ઠરાવ્યું. તદનુસાર ઈ. સ. ૧૮૭૦ના ડિસેમ્બરમાં માબાપે કલકત્તામાં એમ્હર્સ્ટ સ્ટ્રીટમાં ૧૩૨ નંબરનું મકાન રાખ્યું ને કલકત્તામાં કાયમી વસવાટ કર્યો. જોકે આમ તો ઑગસ્ટથી જ છોકરાઓને લઈને પિતા કલકત્તા આવી ગયા હતા અને કેશવચંદ્રસેનની નવી બ્રહ્મોસમાજની ઘણી નજીક ઝમપુકુર ગલીની સામેના એક ઘરમાં મુકામ કર્યો હતો.

એમ્હર્સ્ટ સ્ટ્રીટના ઘરમાં પ્રફુલ્લબાબુ દસ વર્ષ રહેલા એથી એમનાં નાનપણનાં બધાં સંભારણાં આ ઘરની આસપાસ અને શહેરના આ વિભાગની સાથે સંકળાયેલાં છે.

ઈ. સ. ૧૮૧૭ની સાલમાં ડેવિડ હેર નામના કલકત્તાના એક અંગ્રેજ ઘડિયાળીએ શ્રી રામમોહનરાયની જોડે મળીને કલકત્તામાં એક અંગ્રેજી શાળા કાઢી હતી ને એ 'હેર સ્કૂલ'ના નામથી પ્રખ્યાત હતી. જોકે એનું આખું ને સાચું નામ તો 'ધી હિંદુ કૉલેજ ઑફ કલકત્તા' હતું. બંગાળાની અને કદાચ હિંદભરની આ પ્રથમ અંગ્રેજી શાળા ગણી શકાય. ૧૮૭૦ની સાલમાં એ ભવાનીચરણ દત્તની ગલી સામે આવેલા એક માળના મકાનમાં ચાલતી. પ્રફુલ્લબાબુના પિતાએ કલકત્તામાં આવીને છોકરાઓને આ નિશાળમાં ભણવા મૂક્યા.

ગામડાનો છોકરો પહેલવહેલો શહેરની નિશાળમાં આવે ત્યારે સામાન્ય રીતે શહેરી છોકરાઓ એની મશ્કરીઓ કરે છે ને એના તરફ ઉપહાસની નજરે જુએ છે. આ નિશાળમાં પ્રફુલ્લબાબુનું પહેલાં તો એમ જ થયું. શહેરી છોકરાઓને જ્યારે ખબર પડી કે એ ખુલના જિલ્લામાંથી આવે છે ત્યારે એમણે પૂર્વ બંગાળના કમનસીબ લોકોના દોષો વિષે જે જે વાતો ચાલતી હશે એ બધી પ્રફુલ્લબાબુને લાગુ પાડી. ને એમનાં કાંઈ કાંઈ નામ પાડી તરેહતરેહની મશ્કરીઓ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રફુલ્લબાબુ નિશાળના પાઠ બરાબર કરી જનારા વિદ્યાર્થી હતા. પણ નિશાળમાં જે શીખવાય એટલાથી અથવા તો નિશાળમાં ચાલતાં પુસ્તકોથી એમને કદી સંતોષ થતો નહિ. એમની જ્ઞાનોપાસના તો આપણે આગળ જોઈ ગયા એમ પિતાના સહવાસ અને પિતાના પુસ્તકાલયથી ક્યારનીય શરૂ થઈ ગઈ હતી. પિતા નવા જમાનાના નવા વિચારોવાળા હોવાથી બાળકોની પૃચ્છાને હંમેશાં ઉત્તેજન આપતા અને પુત્ર સોળ વર્ષનો થાય તેની પહેલાંથી જ તેને મિત્રવત્ ગણતા. પિતાપુત્રો વચ્ચે કશું અંતર નહોતું. પિતા શાસન, ભયથી નહિ પણ પ્રેમથી, કરતા. પ્રફુલ્લબાબુને ભૂગોળ અને ઇતિહાસનો પહેલેથી શોખ હતો એટલે એક દિવસ પિતાના તત્સંબંધી જ્ઞાનની પરીક્ષા કરવાની એમને ઇચ્છા થઈ ત્યારે એમણે પૂછેલું: 'પિતાજી, સેબાસ્ટોપોલ ક્યાં આવ્યું?' ત્યારે પિતા ખુશ થઈ ગયેલા ને બોલેલા: 'શું? તું સેબાસ્ટોપોલ વિષે બોલે છે? અંગ્રેજોએ એ શહેરને ઘેરી લીધું એ લગભગ મારી નજરો આગળ તરવરે છે.'

પિતાના પુસ્તકાલયમાંથી જોનસનનો કોશ કાઢીને એમાં આપેલા ઉતારા વાંચવા ને સારા લાગે તે મોઢે કરી લેવા એ પ્રફુલ્લબાબુને મન આનંદનો એક ભારે વિષય હતો. નિશાળના દિવસો યાદ કરીને એ લખે છે: 'નીચલા ધોરણમાંથી ઉપલા ધોરણમાં લઈ જવા માટે લેવાતી પરીક્ષા માટે પ્રેસિડંસી કોલેજના અધ્યાપકો અમારા પરીક્ષક બનતા. ઇતિહાસ અને ભૂગોળ એ મારા પ્રિય વિષયો હતા એટલે મારા બધા સહાધ્યાયીઓને હું એ વિષયોમાં હંમેશાં ટપી જતો. લાગલાગટ બે વર્ષ મને ઇતિહાસની મૌખિક પરીક્ષામાં પૂરેપૂરા માર્ક મળ્યા હતા.

'ઠરાવેલાં પાઠ્યપુસ્તકોથી મારી ભૂખ કદી ભાગતી નહિ. ચોપડીઓની તો મને રાક્ષસી ભૂખ હતી. ભાગ્યે જ બાર વર્ષનો થયો હોઇશ ત્યારે હું કેટલીક વાર સવારમાં ત્રણ ત્રણ કે ચાર ચાર વાગ્યે ઊઠી જતો, જેથી મારા પ્રિય લેખકનાં લખાણો વાંચવા માટે મને જોઈતી શાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે. પાછળથી આ ટેવ મેં છોડી દીધી છે. કારણ કે એથી તબિયતને નુકસાન થાય છે ને લાંબે ગાળે એમાં કશો ફાયદો થતો નથી. ઇતિહાસ અને જીવનચરિત્રોની તો અત્યારે પણ મને મોહિની છે. ચેમ્બર્સ બાયોગ્રાફી મેં અનેક વાર અથથી ઇતિ સુધી વાંચેલી છે. ન્યૂટન અને ગેલિલિયોનાં જીવનચરિત્રોમાં મને બહુ રસ પડતો—જોકે એ સમયે હું સમજતો નહિ કે એમણે દુનિયાને જે આપ્યું છે એનું મૂલ્ય શું છે? સર વિલિયમ જોન્સ, જૉન લીડન અને એમની ભાષાવિષયક સિદ્ધિઓની તેમ જ ફ્રેંકલિનના ચરિત્રની મારા પર ઊંડી અસર થયેલી છે. જોન્સની માતા એની પૃચ્છાના જવાબમાં ઉત્તર આપતી કે: 'વાંચ, તને જ્ઞાન થશે.' એ ઉત્તર મારે વિષે કદી એળે ગયો નથી. છેક નાનપણથી બેન્જામિન ફ્રેંકલિન મને ખાસ પ્રિય છે. અને ૧૯૦૫માં જ્યારે હું ઇંગ્લંડની બીજી મુસાફરીએ ગયો ત્યારે એની આત્મકથાની નકલ મેળવી લઈને મેં એ વારંવાર વાંચી છે. પેન્સિલવેનિયાના આ મહાન વતનીનું જીવન—અલ્પ મહેનતાણું મેળવનાર કંપોઝિટર તરીકે આરંભ કરીને કેવળ ખંતથી અને અદમ્ય ઉત્સાહથી એ કેવી રીતે એના દેશનો આગેવાન થયો એ વાત—હંમેશ માટે મને બોધપાઠ સમાન થઈ પડેલી છે.'

'વિચિત્ર લાગશે પણ નાનપણથી હું અજાણતાં બ્રહ્મોસમાજ તરફ આકર્ષાયો હતો. મારા પિતા બાહ્યાચારની દૃષ્ટિએ હિંદુ હોવા છતાં વસ્તુતઃ ઉદારમતવાદી હતા. આદિ બ્રહ્મોસમાજના મુખપત્ર 'તત્ત્વબોધિની પત્રિકા'થી મારા પિતાના પુસ્તકાલયની અભરાઈઓ સદા સુશોભિત રહેતી. દેવેન્દ્રનાથ ઠાકુર, કેશવચંદ્ર સેન, રાજનારાયણ બસુ, અયોધ્યાનાથ, અક્ષયકુમાર દત્ત અને બીજાઓનાં લખાણોએ અને પ્રવચનોએ અદૃશ્ય રીતે મારી શ્રદ્ધાનો પાયો નાખ્યો. મારા ધાર્મિક પૂર્વગ્રહના ઘડતરમાં હું કોઈ ગુરુપદ ધરાવતી વ્યક્તિની અસર તળે નહોતો. ધર્મ, ઈશ્વર કે ગૂઢ શક્તિ દ્વારા પ્રગટ થયો છે એવા સિદ્ધાંત પ્રત્યે હું અંતસ્સ્ફૂર્ત અશ્રદ્ધા ધરાવતો હતો. 'તત્ત્વબોધિની'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રાંસિસ વિલિયમ ન્યૂમેનનાં લખાણોના જે ઉતારા આવતા તે તથા ફ્રાંસિસ પાવર કોબ્બ અને રાજનારાયણ બોઝ વચ્ચેનો જે પત્રવ્યવહાર છપાતો તે મને ઘણો ગમતો.” આગળ ચાલતાં એ એવા અર્થનું જણાવે છે કે, “પ્રવર્તમાન જ્ઞાતિપદ્ધતિ તથા એનું અસ્પૃશ્યતાનું પુચ્છ મને મનુષ્ય મનુષ્ય વચ્ચેના સંબંધનો યથાર્થ નકાર ભણવા જેવું લાગતું અને હું ફરજિયાત વૈધવ્ય, બાળલગ્ન અને એવા એવા બીજા નુકસાનકારક રિવાજો તરફ એટલા જ ધિક્કારથી જોતો. મારા પિતા ઘણીવાર કહેતા કે ઓછામાં ઓછા મારા એક પુત્રે તો વિધવા જોડે જ લગ્ન કરવું જોઈએ અને એ હેતુની સિદ્ધિ માટે એ ઘણી વાર મારી તરફ વિશિષ્ટ નજરે જોતા.” બ્રહ્મોસમાજનો સામાજિક કાર્યક્રમ આમ બાળક પ્રફુલ્લબાબુને આકર્ષતો.

ઈ. સ. ૧૮૭૧માંથી કેશવચંદ્ર સેન ઇંગ્લંડથી પાછા ફર્યા ત્યાર પછી એમણે ‘સુલભ સમાચાર’ નામક એક દોઢિયાનું અઠવાડિક કાઢ્યું હતું. અને એ નવા વિચારોથી છલોછલ ભરેલું જણાતું. પ્રફુલ્લબાબુ એ વાંચતા અને શ્રી કેશવચંદ્રે સ્થાપેલી નવા બ્રહ્મોસમાજમાં થતાં એમનાં પ્રવચનોમાં નિયમિત હાજરી આપતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કેળવણી — ૨

આમ નિશાળે, અને એના કરતાં તો વધારે નિશાળ બહાર, એ પોતાનું ભણતર વધારી રહ્યા હતા. એવામાં ૧૮૭૪ના ઑગસ્ટમાં એમને મરડો લાગુ પડ્યો. અને એ એટલો લાંબો ચાલ્યો કે એમને નિશાળ છોડી દેવી પડી. પોતાના ચરિત્રમાં એને વિષે એ લખે છે: ‘અદ્યાપિ મારું આરોગ્ય સરસ હતું. મારી પાચનશક્તિ અદોષ હતી અને ભૂખ મને સારી લાગતી. માતાપિતા તરફથી વારસામાં મને મજબૂત બાંધો મળ્યો હતો. અને હું એકંદરે મજબૂત શરીરવાળો માણસ હતો. પણ મારો રોગ ઘર ઘાલી બેઠો. અને એની ઉગ્ર સ્થિતિ જોકે સાત મહિના જેટલા અરસા પછી અદૃશ્ય થઈ ગઈ, પણ હું કાયમનો માંદલો બની ગયો અને મારું પાચનતંત્ર નિર્બળ બની ગયું. દિવસે દિવસે હું નબળો પડતો ગયો ને મારો કુદરતી વિકાસ આ ઊછરતી અવસ્થામાં રૂંધાઈ ગયો.”

પ્રફુલ્લબાબુનું પાંખડી જેવું નાનું શરીર ને વાયરો આવે તો ઊડી જાય એવું વજન મૂળે આ મરડાના હુમલાને આભારી હતું. જીવનભર એથી એમને ખોરાકની બાબતમાં શાસ્ત્રીય કાળજી રાખવી પડી અને કડક શિસ્ત પાળવી પડી. રસાસ્વાદમાં તંદુરસ્તીનો એમના જેટલો ખ્યાલ રાખીને સંયમ ન પાળનાર બીજો કોઈ કાચાપોચા મનનો માણસ એમની જગાએ હોત તો એ એમના જેટલો દીર્ઘાયુષી ન નીવડત અને એમના જેટલું કામ પણ ન કરી શકત.

એમ છતાં, દુનિયામાં એવી કોઈ આફત નથી કે જેના કાંઈ ને કાંઈ ફાયદા પણ હોય જ નહીં. એ ન્યાયે આ માંદગીથી પ્રફુલ્લબાબુને એક મોટો ફાયદો પણ થયો. સામાન્ય રીતે નિશાળમાં હોશિયારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોશિયાર છોકરાને પણ વર્ગના ઠોઠમાં ઠોઠ છોકરાની સાથે રહીને જ પ્રગતિ કરવી પડે છે. આથી એક રીતે જોવા જતાં શાળાઓમાં બુદ્ધિશાળી બાળકો કે જે શીખવાનું, બીજાઓને મુકાબલે, ઝટ શીખી જાય છે તેમની પ્રગતિ રૂંધાય છે. બીજું અમુક જ વિષયોમાં ખાસ હોશિયારી ધરાવનાર વિદ્યાર્થીને પણ બીજા જે વિષયોમાં એને રસ નથી પડતો એ વિષયોમાં હોશિયારી મેળવવા ખાતર પોતાની પ્રગતિને રોકવી પડે છે.

એટલે માંદગીને કારણે શાળાના કાર્યક્રમના અને અભ્યાસક્રમના ચોકઠામાંથી છૂટેલા પુસ્તકપ્રિય પ્રફુલ્લબાબુએ પોતાની પસંદગીનું પુષ્કળ સાહિત્ય માંદગી દરમ્યાન વાંચી કાઢ્યું. અંગ્રેજી સાહિત્યમાંથી એમણે નિબંધ, નાટક, અને નવલકથા પૈકી જે જે સારા ગ્રંથો હાથ આવ્યા તે વાંચી કાઢ્યા અને બંગાળી સાહિત્યના તત્કાલીન લેખકોના લેખો અને ગ્રંથો અને ખાસખાસ સામયિકો પણ ઠીક ઠીક સારી સંખ્યામાં વાંચ્યાં. આ ઉપરાંત એક દિવસ ઘરનું પુસ્તકાલય ફેંદતાં સ્મિથનો 'પ્રિન્સિપિયા લૅટિના' નામક લૅટિનનો આત્મશિક્ષક ગ્રંથ હાથમાં આવ્યો. અને એમાં નજર કરતાં ને લૅટિન વ્યાકરણને સંસ્કૃત સાથે સરખાવતાં એમને એટલી બધી મઝા પડી કે પોતાની મેળે ને મેળે એ લૅટિન શીખતા થઈ ગયા; અને એ શીખ્યા પછી એ જ રીતે ફ્રેન્ચ શીખતા થઈ ગયા!

આ બધા વાચન અને મનનને લીધે એ સામાન્ય જ્ઞાનમાં તેમ જ અંગ્રેજી ભાષાના વિશિષ્ટ જ્ઞાનમાં ઘણા આગળ વધી ગયા ને જ્યારે તબિયત સુધરી ને કેશવચંદ્રસેને કાઢેલી આલ્બર્ટ સ્કૂલ નામની નવી શાળામાં અંગ્રેજી ત્રીજા ધોરણમાં દાખલ થયા, ત્યારે ત્યાંના શિક્ષકને લાગ્યું કે આ છોકરો એના વર્ગના બીજા બધા છોકરાથી જુદો છે ને ક્યાંય આગળ વધેલો છે.

આલ્બર્ટ સ્કૂલના શિક્ષકો હેર સ્કૂલના શિક્ષકો કરતાં તદ્દન જુદા પ્રકારના હતા. આ શિક્ષકો બધા જ બ્રહ્મોસમાજી હતા અને શ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવચંદ્ર સેનના ઝંડા તળે ઊભા રહીને અભિનવ ધર્મ-ભાવનાથી કામ કરનારા આદર્શવાદી માણસો હતા. આદિ સમાજમાંથી છૂટા પડીને અને જ્ઞાતિબંધનોને ફગાવી દઈને શ્રી કેશવચંદ્ર સેનની જોડે રહેવામાં એમણે જે ત્યાગભાવના બતાવી હતી અને સામાજિક બહિષ્કાર આદિ સુધારકોના કપાળે લખાયેલાં દમનો વેઠ્યાં હતાં એનો પૂરો ખ્યાલ વાચકને આપવા બેસવું એ વિષયાંતર કરવા જેવું છે. પણ સામાજિક સ્વાતંત્ર્યના આ હિમાયતીઓ વિદ્યાર્થીઓના સ્વાતંત્ર્યમાં પણ માનતા હતા; એટલે વિદ્યાર્થીઓને અહીં શિક્ષકો સાથે નિકટ સંબંધમાં આવવાની જ નહિ, પણ એમના પ્રેમના અંગત અનુભવ કરવાની તક મળતી. જ્યારે હેર સ્કૂલમાં તો શાળાના કલાકો વીત્યા એટલે શિક્ષક શિક્ષકને રસ્તે ને વિદ્યાર્થી વિદ્યાર્થીને એવું હતું! શાળામાં પણ શિસ્ત એ જ જાણે શિક્ષણનું સર્વસ્વ હતું. એટલે શિક્ષક અને વિદ્યાર્થીઓનો સંબંધ કેવળ યંત્રવત્ હતો. પરંતુ પ્રફુલ્લબાબુને પોતાની જૂની શાળા માટે અમુક અભિમાન હતું અને મનમાં એ એવી ગુપ્ત ઇચ્છા સેવતા કે હું ક્યારે પાછો હેર સ્કૂલમાં જાઉં? એમને આ નવી શાળામાં મોકલનાર એમના પિતા નહોતા, એમના મોટાભાઈ હતા. અને એમાં બહારથી તો પ્રફુલ્લબાબુએ સંમતિ જ આપી હતી. પણ એનું કારણ એ હતું કે હેર સ્કૂલના એમના ધોરણમાં એ માંદગીને કારણે ઘણા જ પાછળ પડી ગયા હતા. એટલે અહીં ત્રીજા ધોરણનો અભ્યાસ કરીને પાછા હેર સ્કૂલમાં જવાની જ એમની અંતરેચ્છા હતી. આથી જ્યારે પરીક્ષા આવી ત્યારે એ પરીક્ષામાં જ ન બેઠા. જોકે બેઠા હોત તો પહેલા જ નંબરે પાસ થાત એ વિષે એમના મનમાં કે શિક્ષકોનાં મનમાં શંકા જ નહોતી. આ વિચિત્ર વર્તન માટે પ્રફુલ્લબાબુના મનનું ખરું કારણ એ હતું કે હું પરીક્ષામાં બેસું, પહેલે નંબરે પાસ થાઉં ને શાળા મને પહેલું ઇનામ આપે પછી હું હેર સ્કૂલમાં શી રીતે જઈ શકું? એ તો આલ્બર્ટ સ્કૂલ પ્રત્યે કૃતઘ્નતા જ કહેવાય ને? આથી પરીક્ષામાં ન બેસતાં પરીક્ષાના સમયે એ પોતાને વતન ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વતનમાં પુસ્તકવાચન અને ખેતી કામની પોતાની અભિલાષાઓ ધરાઈને પૂર્ણ કરી !

નાનપણથી એમનો સ્વભાવ શરમાળ હતો એથી પોતાના સમવયસ્કો સાથે એ ઝાઝું ભળતા નહિ. પિતાના દીવાનખાનામાં વારંવાર અવરજવર કરનારા મોટેરાઓથી પણ એ સહજ પ્રેરણાથી દૂર રહેતા, પણ ગામડાના ભોળા લોકો આગળ એ પોતાનું શરમાળપણું ભૂલી જતા. એમનાં ઝૂંપડાંની એ વારંવાર મુલાકાત લેતા ને એમાંનું કોઈ માંદું હોય તો સાબુદાણા, એરૅરૂટ, અને ખાંડ માંદાને આપવા મા પાસેથી માગી માગીને લઈ જતા. અને પ્રેમાળ માતા ખુશીથી એમની આ માગણીઓ પૂરી કરતી. વતનમાં આ એમની વૃત્તિને સંતોખવાનો અવકાશ પણ ઠીક મળતો.

૧૮૭૬ના જાન્યુઆરીની શરૂઆતના અરસામાં એ પાછા કલકત્તા આવ્યા ત્યારે એમણે આલ્બર્ટ સ્કૂલના સત્તાવાળાઓ પાસે પોતાના ભણતરનું પ્રમાણપત્ર માગ્યું જેથી એ લઈને એમાં દર્શાવેલા વર્ગમાં પોતે હેર સ્કૂલમાં દાખલ થઈ શકે. પણ બધા શિક્ષકોએ મળીને એમને સમજાવ્યા ને એમણે સ્કૂલ બદલવાનો વિચાર બંધ રાખ્યો. ઇનામ આપવાનો મેળાવડો થયો ત્યારે એમનો તો કોઈ ઇનામ પર હક નહોતો કારણ એ પરીક્ષામાં જ નહોતા બેઠા. પણ સત્તાવાળાઓએ ભેગા મળીને એમને વિષે ખાસ વિચાર કર્યો અને એમને સાર્વવૈષયક સામાન્ય પ્રાવીણ્ય માટે ખાસ ઇનામ આપવામાં આવ્યું. બીજે વર્ષે પરીક્ષામાં એ પહેલે નંબરે પાસ થયા અને એમને ટોપલી ભરાય એટલાં પુસ્તકો ઇનામમાં મળ્યાં !

આ અરસામાં આલ્બર્ટ સ્કૂલના વડા શિક્ષક શ્રી કેશવચંદ્ર સેનના નાનાભાઈ શ્રી કૃષ્ણબિહારી જે થોડા વખત માટે જયપુરની મહારાજા કૉલેજના આચાર્ય તરીકે જયપુર ગયા હતા એ પાછા આવ્યા. એમની શિક્ષણપદ્ધતિ સામાન્ય શિક્ષકોની જેમ અમુક અમુક ફકરાઓનો અર્થ પોતાના શબ્દોમાં કહી જવાની અને શબ્દોના સમાનાર્થ આપીને સંતોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવાની નહોતી. એ અંગ્રેજી સાહિત્યના રસિયા હતા. એ જે શીખવતા એમાં નવો રસ રેડી શકતા અને પુસ્તકમાં હોય તેના કરતાં વિશેષ જ્ઞાનભંડાર ઠાલવી જાણતા. એમના શિક્ષણના પ્રભાવે પ્રફુલ્લબાબુના અંગ્રેજી સાહિત્ય પ્રત્યેના પ્રેમનો પુષ્કળ વિકાસ થયો. એમના પોતાના શબ્દોમાં કહીએ તો એમની સ્થિતિ 'રાક્ષસનો શસ્ત્રાગાર ફેંદતા વામન' જેવી હતી. થોડું સમજાય કે વધુ સમજાય એની ફિકર નહીં. એમના શિક્ષક જે કોઈ નવા અંગ્રેજ લેખકનું નામ ભણાવતાં ભણાવતાં બોલે ને જેનાં વખાણ કરે એનાં પુસ્તકો એક પછી એક લાયબ્રેરીમાંથી લઈ આવવાં ને વાંચી કાઢવાં, એ એમની રીત હતી. આ રીતે એમણે આ શાળાનાં વર્ષોમાં બાયરન અને સ્કૉટની કવિતાઓના બધા ગ્રંથો ઉથલાવી નાંખ્યા !

આમ ભણતાં ભણતાં મૅટ્રિકની પરીક્ષા જેવી ગણાતી 'એન્ટ્રાન્સ એક્ઝામિનેશન' આપી ને એમણે એ પાસ કરી. એમના શિક્ષકોએ ધાર્યું હતું કે આ છોકરો સારામાં સારી સ્કૉલરશિપ જીતી જશે પણ પરીક્ષાનું પરિણામ બહાર પડયું ત્યારે જણાયું કે એ એક પણ સ્કૉલરશિપ નથી જીત્યો ! આથી એઓ તો નિરાશ થયા પણ પ્રફુલ્લ-બાબુ જાતે એથી જરા પણ અસ્વસ્થ થયા નહિ. કારણ એમનું ધ્યાન ઇનામો, સ્કૉલરશિપો કે નંબરો મેળવવામાં હતું નહિ. એમને તો જ્ઞાનબુદ્ધિનું જ કામ હતું. વિદ્યાપીઠો અને વિશ્વવિદ્યાલયોની ઉજ્જ્વળતમ કારકિર્દી પછી જીવનમાં ખરેલા તારા જેવા નિસ્તેજ થઈ જતા સંખ્યાબંધ વિદ્યાર્થીઓ તરફ એ જીવનભર ઉપેક્ષા ને હાંસીની નજરે જ જોતા. પરીક્ષાને એ વિદ્યાર્થીની ખરી શક્તિના માપ તરીકે બહુ ઓછું વજન આપતા.

'એન્ટ્રાન્સ'ની પરીક્ષા પાસ કર્યા પછી એ કૉલેજમાં જવાના થયા એ અરસામાં એમના પિતા આર્થિક આપત્તિમાં આવી પડયા. અને એમાંથી છૂટવા એમને એક પછી એક વહાલી જાગીરો વેચવી પડી તે એટલે સુધી કે એક વખત તો પોતાનાં ઘરેણાં વેચીને લીધેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રફુલ્લબાબુની માતાની જમીન જે ખરી રીતે સ્ત્રીધન ગણાય, એ પણ માતાને ટપકતાં આંસુઓ વચ્ચે વેચી નાખવા સંમત થવું પડ્યું. આનું પરિણામ એ આવ્યું કે ખર્ચ ઘટાડવા શ્રી હરિશ્ચચંદ્રબાબુને કલકત્તાનું ઘર કાઢી નાખવું પડ્યું. માબાપ અને ભાઈઓ આમ વતનમાં રહેવા ગયાં ને પ્રફુલ્લબાબુ કલકત્તામાં સ્વતંત્ર નિવાસ કરીને રહેવા લાગ્યા.

કૉલેજના અભ્યાસ માટે એ પં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યૂશનમાં દાખલ થયા. ઉચ્ચ અને માધ્યમિક બંને કેળવણી સસ્તી કરવાના એ જમાનાના પ્રથમ પ્રયત્નનું એ ફળ હતું. ત્યાં જે ભણવું હોય તે ભણે પણ ફી ત્રણ જ રૂપિયા હતી! બીજું એ સંસ્થા રાષ્ટ્રીય સંસ્થા હતી. અને ત્રીજું ત્યાં શ્રી સુરેન્દ્રનાથ બેનરજી જેવા વિદ્યાર્થીઓના દેવરૂપ પુરુષ અંગ્રેજી ગદ્ય શીખવતા; અને શ્રી પ્રસન્નકુમાર લાહીરી જેવો વિદ્વાન અંગ્રેજી પદ્યનો અધ્યાપક હતો! આવાં અનેક આકર્ષણોથી પ્રફુલ્લબાબુ એ કૉલેજમાં જોડાયા અને અંગ્રેજી સાહિત્યમાં ભારે રસ લેવા લાગ્યા. પણ એ જમાનામાં કૉલેજના પ્રથમ વર્ષમાં રસાયણશાસ્ત્ર ફરજિયાત હતું. અને એ વિષયમાં પ્રેસિડંસી કૉલેજની ખ્યાતિ ભારે હતી. એટલે રસાયણશાસ્ત્ર માટે એ બહારના વિદ્યાર્થી તરીકે એ કૉલેજના વર્ગોમાં હાજરી આપતા. મિ. ઍલેકઝાંડર પેડલર જે પાછળથી સર થયા એ તે વખતે ત્યાં હતા અને પ્રાયોગિક જ્ઞાનની બાબતમાં એ પ્રથમ પંક્તિના અધ્યાપક હતા. પ્રફુલ્લબાબુ જે અત્યાર સુધી સાહિત્ય, ભૂગોળ અને ઇતિહાસના જ શોખીન હતા, એ એમના હાથ તળે અજાણતાં રસાયણશાસ્ત્ર તરફ આકર્ષાવા લાગ્યા.

વર્ગખંડમાં થતા પ્રયોગોના દર્શનમાત્રથી સંતુષ્ટ ન થતાં પ્રફુલ્લબાબુએ એક બીજા સાથી સાથે મળીને એ સાથીના નિવાસસ્થાને એક નાની પ્રયોગશાળા રચી ને વર્ગમાં થતા પ્રયોગો ત્યાં ફરી કરી જવાનો આનંદ લેવા માંડ્યો. આમ કરતાં એક વખત એક મોટો ધડાકો થયો ને બંને સહેજમાં બચી ગયા. વાત એમ બની કે સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતરું લઈને એક ઝારણવાળાની મદદથી એમણે એક ઑક્સિ-હાઇડ્રોજન ફૂંકણી (blowpipe) બનાવી. પણ એની બનાવટ કાચી પડી. અને હાઇડ્રોજનની નળીમાં એથી ઑક્સિજન ગરી જતો અટકાવી શકાયો નહિ. પરિણામે ધડાકો થયો ! આ વર્ગમાં પાઠ્યપુસ્તક તો રૉસ્કોનું 'ઇલિમેન્ટરી લેસન્સ' હતું પણ પ્રફુલ્લબાબુએ તો રસાયણશાસ્ત્રને લગતાં જેટલાં પુસ્તકો મેળવી શકાયાં એટલાં વસાવ્યાં ને એટલાં બધાં એ વાંચી ગયા !

પ્રફુલ્લબાબુની વિદ્યાર્થી તરીકેની એક વિશિષ્ટતા પાઠ્યપુસ્તકો ઉપરાંત પોતાના મનપસંદ વિષયનાં ઇતર પુસ્તકોનું બહોળું સેવન કરવાની ભૂખની હતી. આથી એ જ શાળામાં ભણાવાતી ભાષાઓ ઉપરાંત લૅટિન અને ફ્રેન્ચનો ઠીકઠીક સંપર્ક સાધી ચૂક્યા હતા ને દરેક વિષયમાં કેવળ પરીક્ષાર્થી કરતાં બહુ ઊંડું જ્ઞાન ધરાવતા થયા હતા. સંસ્કૃત વિષે પણ એમણે એમ જ કર્યું હતું. રઘુવંશનો પહેલો સર્ગ, અને ભટ્ટીકાવ્યમાંના પહેલા પાંચ સર્ગ એટલું જ કૉલેજના પ્રથમ વર્ષમાં પાઠ્યક્રમમાં હતું. પણ ખાનગી પંડિત પાસે જઈને એમણે કાલિદાસના 'કુમારસંભવ'ના કેટલાક સર્ગોના સૌંદર્યનું દિલભર પાન કરી લીધું હતું. અનેક ભાષા ભણવા–જાણવાના આ પ્રેમને લીધે આ અરસામાં એમણે જિલક્રાઇસ્ટ સ્કૉલરશિપની પરીક્ષામાં હરીફાઈ કરવાનો વિચાર કર્યો. આ પરીક્ષા લંડન–મૅટ્રિકના ધોરણની હતી. અને એમાં બેસવા માટે લૅટિન, ગ્રીક યા સંસ્કૃત, ફ્રેંચ અથવા જર્મનનું ઠીકઠીક જ્ઞાન હોવું દરેક ઉમેદવાર માટે આવશ્યક હતું. આ પરીક્ષાની તૈયારીઓ એમણે પહેલાં તો ખાનગી રીતે જ શરૂ કરી. એમના મોટાભાઈ અને એક પિતરાઈ ભાઈ સિવાય બીજું કોઈ એ વાત જાણતું નહિ. એમને બીક હતી કે કદાચ જો નાપાસ થવાયું તો સહાધ્યાયીઓ મશ્કરીઓ કરવામાં કાંઈ મણા નહિ રાખે. પણ છેવટે આ વાત છાની ન રહી ને વિદ્યાપીઠની પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થનાર એક સહાધ્યાયીએ એમના સાંભળતાં કટાક્ષમાં કહ્યું કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈનું નામ તો લંડન યુનિવર્સિટીના કૅલેન્ડરની ખાસ આવૃત્તિમાં છપાવાનું છે! પાસ થવાની એમણે પોતે બહુ આશા નહીં રાખેલી. એમાં પરિણામ બહાર પડતાં ઘણા મહિનાઓ વીતી ગયા એટલે એમણે તો આશા જ મૂકી દીધી. એવામાં એક દિવસ કૉલેજમાં વર્ગો શરૂ થાય તે પહેલાં એમને 'સ્ટેટસમૅન' નામના છાપામાં છપાયેલો એક ફકરો બતાવવામાં આવ્યો ને એ ઉપરથી એમણે જાણ્યું કે મુંબઈના બહાદુરજી અને પોતે એમ બે જ હિંદીઓ એ પરીક્ષામાં પાસ થયા છે! કૉલેજના આચાર્યે એમને બોલાવ્યા અને અભિનંદન આપ્યાં. ને પછી 'હિંદુપેટ્રિયટ' નામના કૃષ્ણદાસ પાલના છાપામાં પણ છપાયું કે પ્રફુલ્લચંદ્ર રાયે મૅટ્રોપોલિટન કૉલેજના મુગટમાં એક નવી યશકલગી પહેરાવી છે!

આ વખતે પિતાશ્રી હરિશ્ચંદ્રરાય લેણદારોના ત્રાસમાંથી છૂટવા જેસોર પાસે આવેલી જમીન વેચવાની પેરવીમાં પડ્યા હતા. છતાં ચિ. પ્રફુલ્લે જ્યારે પિતાને લખ્યું કે હવે મારે વિલાયત ભણવા જવું છે ત્યારે એમણે તરત હા પાડી. પછી 'સ્ટેટ્સમૅન'ની કાપલી મોકલીને પ્રફુલ્લબાબુએ રારુલી પોતાના એક પિતરાઈ ભાઈ પર અંગ્રેજીમાં એક કાગળ લખ્યો કે મારી બાને આ ખબર આપવાની કૃપા કરજો. પહેલાં તો એ દુઃખી થશે, પણ ચાર વર્ષ માટે હંગામી દેશવટો લેવાની મારી વાતમાં બેશક એની સંમતિ લઈ શકાશે.

માતાએ કશો વાંધો ન ઉઠાવ્યો. કારણ હરિશ્ચંદ્રરાયના સુધરેલા વિચારો ક્યારનાય એમણે અપનાવી લીધા હતા. પછી ચિ. પ્રફુલ્લબાબુ માતાની વિદાય લેવા રારુલી ગયા. વિદાય બહુ ભાવભીની ને દુઃખકારક નીવડી. કારણ માતા અને પુત્ર વચ્ચેનો સ્નેહ ગહન હતો. પિતાની આર્થિક મૂંઝવણો સંભારીને એમણે આ વખતે બાને એવું આશ્વાસન આપ્યું કે હું સફળ થઈશ તો જમીનજાગીરો પાછી મેળવીશ અને બાપદાદાનું ઘર જેના અમુક ભાગ જર્જરિત થયા હતા તેને સમરાવીશ. એને હું મારી પહેલી ફરજ સમજીશ. પછી બંને ગળગળાં થઈ ગયાં ને પુત્રે વિદાય લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વિલાયતમાં અભ્યાસ

વિલાયતની મુસાફરી માટે જરૂરી પોશાક સિવડાવી લીધા પછી અને કપડાંલત્તાં ઇત્યાદિની તૈયારી કરી લીધા પછી ગોરા લોકોની જેમ ખાતાંપીતાં શીખી લેવું જરૂરી હતું. એટલે એ પ્રાથમિક શિક્ષણ મેળવવા પ્રફુલ્લબાબુએ કેટલીક સસ્તી રેસ્ટોરાંઓમાં જવા માંડયું. ત્યાં ખાનસામાઓને કાંઈ ને કાંઈ ખુશબખ્તી આપવાથી એમણે શિખવાડયું કે છરીકાંટા કેવી રીતે વાપરવા જોઈએ ને આવેલી વાની પૂરી કર્યા પછી એ ન જોઈતી હોય ત્યારે એમને રકાબીની બંને બાજુ પર સમાંતરે મૂકવા જોઈએ, ને એ વાની વધુ જોઈતી હોય તો આમ ખૂણો પાડીને મૂકવા જોઈએ ઇ૦. આ અરસામાં એમને ખબર પડી કે ડૉ. પી. કે. રાયના ભાઈ દ્વારકાનાથ રાય વૈદકના અભ્યાસ માટે ઇંગ્લંડ જવાના છે. એટલે એમણે એમને શોધી કાઢ્યા ને ઠરાવ્યું કે બંનેએ એક જ સ્ટીમરમાં ઊપડવું.

પછી એસ. એસ. કેલિફોર્નિયા નામની સ્ટીમરમાં બંનેએ ચારસો ચારસો રૂપિયા ખર્ચીને પહેલા વર્ગની ટિકિટો લીધી. ને ઈ. સ. ૧૮૮૨ના ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં તેઓ ઊપડ્યા ! એ વખતે ભરચોમાસું ચાલતું હતું અને સ્ટીમર કલકત્તાથી સીધી લંડન જવાની હતી એટલે ઉતારુઓની સંખ્યા થોડી હતી. મિત્રોએ એમને વિદાય આપી ત્યારે પ્રફુલ્લબાબુ આનંદમા હતા. પણ સ્ટીમર પુલ્ટાથી થોડાક માઈલ દૂર ગઈ એટલે એમને દરિયો લાગ્યો. ને આખે રસ્તે એ ઊલટીઊબકાથી પીડાયા.

બંને દોસ્તો લંડન પહોંચ્યા ત્યારે ત્યાં ભણવા ગયેલા શ્રી જગદીશચંદ્ર બોઝ અને સત્યનારાયણ બોઝે એમનું સ્વાગત કર્યું ને બંનેને પોતાના નિવાસસ્થાને લઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિયા પર ઊબકા ને ઊલટીને લીધે ખાવાની તો આખી મઝા જ મારી ગઈ હતી. સૂપ, બટાકા, અને 'પૂડિંગ' એ જ એમનો મુખ્ય ખોરાક હતો અને તે પણ સૌની સાથે ટેબલે બેસીને ખવાતો નહિ ત્યારે ભંડારી કેબિનમાં આપી જતો. આમ છતાં, ગ્રંથવાચનની મઝા ભોગવવાનું એમણે સ્ટીમર પર ચાલુ રાખ્યું હતું. સ્માઇલ્સની 'થ્રિફ્ટ,' સ્પેન્સરની 'ઇન્ટ્રોડક્શન ટુ ધી સ્ટડી ઑફ સોશ્યૉલૉજી', કાલીપ્રસન્ન ઘોષની 'પ્રભાતચિન્તા,' રવીન્દ્રનાથના યુરોપની મુસાફરીના બંગાળી પત્રો, અને સ્ટીમરની સલૂન લાયબ્રેરીમાંથી મળેલું બૉસ્વેલ કૃત જૉન્સનનું જીવનચરિત્ર એ ગ્રંથો એમણે મુસાફરીમાં વાંચી કાઢ્યા હતા.

લંડનમાં એ એક અઠવાડિયું રહ્યા. નવા દેશની જોવા જેવી જગાઓ જોઈ વળ્યા અને પછી લંડનથી એડિનબર્ગ મુકામે પોતાના અભ્યાસ માટે ઊપડી ગયા. લંડનથી ઉત્તરે એડિનબર્ગ ૪૦૦ માઈલ દૂર છે; અને ત્યાં લંડન કરતાં ઠંડી ઘણી વધારે છે. લંડનના એમના મિત્રો આ જાણતા હતાં એટલે જરૂરી ગરમ કપડાં એમની પાસે ત્યાંથી ખરીદાવ્યાં હતાં. અને જુદા જુદા પ્રસંગો માટે જે જુદા જુદા પોશાક અંગ્રેજી સમાજમાં પ્રચલિત છે તેવા પોશાક પણ તેમને સિવડાવી આપ્યા હતા. આ સિવડાવવા ગયા ત્યારે એમાં એક પૂંછડિયા કોટની વાત આવતાં એમને એ ભૂંડો ભૂત જેવો લાગતાં એમણે એ વિષેનો પોતાનો અણગમો સ્પષ્ટ કર્યો હતો; અને એને બદલે છોગા અને ચપકનનો રાજા રામમોહન રાયના જેવો હિંદી પોશાક સિવડાવ્યો હતો. જોકે એમાં એ પોતાના નાજુક ને સૂકલકડી શરીરને કારણે જરા હાસ્યાસ્પદ દેખાવાનો સંભવ હતો. સ્વદેશી વિષેના એમના વલણ અને બાહ્ય દેખાવ વિષેની લાપરવાનો આ એક સૂચક પ્રસંગ છે. એ જમાનામાં એડિનબર્ગમાં અઠવાડિયાના સાડાબાર શિલિંગમાં બે ખંડ ફર્નિચર સાથે ભાડે મળતા હતા. કોલસાનો ખર્ચ એમાં આવી જતો. અને એક આનો ખર્ચવાથી મળતી ઓટના લોટ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

४२ ग
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०४८६

દૂધની રાબ નાસ્તા માટે પૂરતી હતી. આ રીતે જોતાં ત્યાંનું એમનું વિદ્યાર્થીજીવન સસ્તું ને સાદું હતું.

એમણે પહેલી બી.એસસી.નો અભ્યાસ પસંદ કર્યો. એમાં શિયાળાના સત્રમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર ભણવાનાં હતાં અને ઉનાળાના સત્રમાં જ્યારે વનસ્પતિ પર્ણવતી થાય ત્યારે વનસ્પતિશાસ્ત્ર ભણવાનું હતું. કલકત્તાથી જ એમને રસાયણશાસ્ત્રનો રંગ લાગવા માંડ્યો હતો અને અહીં આવ્યા બાદ થોડા વખતમાં જ એમને જણાયું કે પોતાનો ખરો વિષય એ જ છે.

એમના રસાયણના અધ્યાપકનું નામ એલેક્ઝાંડર ક્રુમબ્રાઉન હતું. ઉંમરે તે વખતે એઓ ૪૦ વર્ષના હતા. એમના વર્ગમાં ૪૦૦–૫૦૦ વિદ્યાર્થીઓ હતા અને એમાંના લગભગ બધા જ દાક્તર થવાના હતા. તાજા ઘેરથી આવેલા એ છોકરાઓનો મદ માતો નહોતો. વછેરાના જેટલા જીવનથી એ થનગની રહેતા હતા. અધ્યાપક વર્ગમાં પ્રવેશ કરે કે તરત બધા 'ભલેપધાર્યા'ના દેખાવો કરવામાં રોકાઈ જતા અને ત્યાર પહેલાં ગાયન ગાવામાં! આટલા મોટા વર્ગમાં ક્રુમબ્રાઉન જરા અસ્વસ્થ રહેતા અને શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં એમને જરા તકલીફ પણ પડતી. બીજી બાજુ છોકરાઓ એમની આ નબળાઈનો લાભ લેવાનું પણ ચૂકતા નહિ. એઓ જમીન પર બૂટ ઘસતા અને કેટલીક વાર તો બૂટ પછાડી પછાડીને ભારે ગરબડ કરી મૂકતા. પણ જ્યારે એ અધ્યાપક કંટાળીને કહેતા કે, 'ગૃહસ્થો, તમે જો આમ કર્યા કરશો તો મારાં ભાષણ હું બંધ કરીશ.' ત્યારે બધા ચૂપ થઈ જતા ને કામ આગળ ચાલતું! પ્રફુલ્લબાબુ કહે છે કે મારા આ અધ્યાપક પૂરા સદ્‌ગૃહસ્થ હતા. એમની વિદ્વત્તા વિશાળ હતી. એ ભાષાશાસ્ત્રી પણ હતા. એમને થોડી ચીની ભાષા પણ આવડતી. ગણિતના ફૂટ પ્રશ્નો પણ એ ઉકેલી શકતા અને એમણે કાનની રચના વિષેના વિજ્ઞાનમાં પણ થોડો ફાળો આપેલો છે. શરીરના બંધારણ અને એના પર થતી દવાઓની અસર વિષેની વૈદક-વિજ્ઞાનની ખાસ શાખાના એ એક કુલગુરુ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિ. ક્રુમબ્રાઉનનું શરીર હવે જાડું થતું જતું હતું, અને એ પ્રયોગોમાં જાતે કશો ભાગ લેતા નહીં. પરંતુ શક્તિશાળી વિદ્વાન પ્રયોગદર્શકો (ડેમોન્સ્ટ્રેટર્સ) અને મદદનીશોની સેવા મેળવવાની એ કાળજી રાખતા. પ્રફુલ્લબાબુએ એ પ્રયોગદર્શકો જોડે પણ અંગત સારો સંબંધ બાંધ્યો હતો, અને અભ્યાસ ઉત્સાહ અને રસપૂર્વક આગળ વધાર્યો હતો. આ વખતના એમના સહાધ્યાયીઓમાંના કેટલાક પાછળથી બહુ જાણીતા વૈજ્ઞાનિકો અને અધ્યાપકો થયા હતા. એ એમની સાથી-સહાધ્યાયીઓની સોબતની દૃષ્ટિએ તેમ જ અધ્યાપનની સંગીનતાની દૃષ્ટિએ નોંધવા જેવું છે.

આ અભ્યાસ દરમિયાનનો એક પ્રસંગ અત્રે ખાસ નોંધવા યોગ્ય છે. એમની યુનિવર્સિટીના વડા લૉર્ડ ઑડેસ્લેઘ જે પહેલાં સર સ્ટૅફર્ડ નૉર્થકોટ તરીકે ૧૮૬૭–૬૮માં હિંદી વજીર હતા એમણે ૧૮૮૫માં એક ઇનામ જાહેર કર્યું. ‘બળવા પહેલાંનું અને પછીનું હિંદ’ એ વિષય પર જેનો નિબંધ ઉત્તમ નીવડે એને એ આપવાનું હતું. પ્રફુલ્લબાબુ એ નિબંધ લખવા આકર્ષાયા. બી.એસસી.ની પરીક્ષાની તૈયારીમાં અને પ્રયોગશાળાના એને અંગેના કામમાં રોકાયેલા હોવા છતાં ઇતિહાસના અધ્યયનનો એમનો આંતરિક પ્રેમ આ જાહેરાત જોઈને દાબ્યો ન દબાયો અને એ હરીફાઈમાં ઊતર્યા. યુનિવર્સિટીની લાઇબ્રેરી પર એમણે દરોડો પાડ્યો ને એ વિષયને અંગેનાં એમણે ઘણાં ઘણાં પુસ્તકો જોઈ લીધાં. ફક્ત અંગ્રેજી પુસ્તકો જ નહીં, પણ આ વિષયને લગતાં ફ્રેંચ પુસ્તકો પણ એમણે પ્રાપ્ત કર્યાં અને એ વાંચી વાંચીને નોંધો કરવા માંડી. એમ કરતાં થોડા વખતમાં એમને જણાયું કે રાજકીય અર્થશાસ્ત્રને જાણ્યા-સમજ્યા વિના આ નિબંધ નહીં લખી શકાય. એટલે એનું પણ અધ્યયન કરવા માંડયું. એને માટે એમણે ફૉસેટની ‘પોલિટિકલ ઇકૉનૉમી’ અને ‘એસે ઑન ઇન્ડિયન ફાઇનેન્સ’ વાંચી કાઢ્યાં. ‘ફૉર્ટનાઇટલી રિવ્યૂ,’ ‘કૅન્ટેમ્પોરરી રિવ્યૂ,’ અને ‘નાઇન્ટિન્થ સેન્ચ્યુરી’માં આવેલા તજ્જ્ઞ પુરુષોના લેખો પણ એમણે છોડ્યા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક બળબળતા ઐતિહાસિક પ્રશ્નો પર પાર્લમેન્ટમાં જે ચર્ચા થયેલી એના અહેવાલો પણ એ ઉથલાવી ગયા. ટૂંકમાં એમના શબ્દોમાં કહીએ તો એ હિંદ વિષેના તજ્જ્ઞોની લગભગ આખી લાઇબ્રેરી ઉથલાવી ગયા. આ બધી મહેનતને અંતે એમણે જે નિબંધ લખ્યો એ પરીક્ષકોની દૃષ્ટિએ ઘણો સારો હોવા છતાં પહેલો નંબર ન લઈ શક્યો ને ઇનામ એમણે ગુમાવ્યું. પાછળથી એ નિબંધ એમણે ઇંગ્લંડમાં જ છપાવ્યો અને ફેલાવ્યો. 'સ્કૉટ્સમૅન' નામના ત્યાંના આગળપડતા પત્રે એનું અવલોકન કરતાં લખ્યું છે, 'આ એક પરમ રસિક નાનકડું પુસ્તક છે. એમાં હિંદ વિષે એવી માહિતી છે કે જે બીજે ક્યાંય જોવામાં નહિ આવે. એના પર વધારેમાં વધારે ધ્યાન આપવું ઘટે છે.'

પરીક્ષકોમાંના એકે એને નોંધવાલાયક નિબંધ કહીને લખેલું કે એ બ્રિટિશ રાજ્ય સામેના કડવા પ્રહારોથી ભરેલો છે.

આ દેખીતી નિષ્ફળતા પછી એ પાછા અભ્યાસમાં લાગી ગયા અને બી. એસસી. થઈ ગયા; ને એ પદવી મેળવ્યા પછી 'ડૉક્ટરેટ'ની તૈયારી કરવા લાગ્યા. આ ઊંચી પદવી માટે એમને પોતાના મૌલિક સંશોધન પર રચાયેલો નિબંધ લખવાનો હતો. આથી એમણે પોતાનો બધો વખત હવે પ્રયોગશાળામાં સંશોધન કરવામાં અને તદ્વિષયક ફ્રેંચ, જર્મન અને અંગ્રેજીમાં જે કાંઈ સાહિત્ય હોય એ બધું વાંચી કાઢવામાં ગાળવા માંડ્યો. એ લખે છે, 'એડિનબર્ગની ઠંડી અને આરોગ્યપ્રદ હવામાં હું થાક્યા વગર આપણે ત્યાં કરી શકું છું એના કરતાં ઘણી વધારે સખત મહેનત કરી શકતો. પ્રયોગશાળામાં આખો દિવસ કામ કર્યા પછી મારા નિવાસસ્થાને હું ત્વરિત ગતિએ લાંબું અંતર કાપીને ચાલતો જ જતો.'

અંગ્રેજ સમાજ જોવાજાણવાની એમની ઇચ્છા હતી અને પ્રસંગોપાત્ત ઓળખાણ કરાવાતું ત્યારે એ કેટલાક ફૅશનેબલ અથવા ઉપલા વર્ગના લોકો પાસે પણ જતા; અને ક્વચિત્ નાચના મેળાવડામાં પણ જતા. પરંતુ શરમાળપણાને લીધે સામાન્ય રીતે ઉક્ત સમાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બહુ ઓછું ભળતા. કેટલાંક સારાં સારાં કુટુંબોમાં એમને ઘણી ઓળખાણ થઈ હતી. પરંતુ યુવાન મહિલાઓ અને છોકરીઓ કરતાં મોટી ઉંમરના પુરુષો જોડે જ એ સારી રીતે ભળી શકતા.

આ સ્વાભાવિક શરમાળપણાએ એમના અભ્યાસમાં તો એમને મદદ જ કરી અને સ્વાભાવિક ક્રમમાં જ્યારે પરીક્ષા થઈ ત્યારે પરીક્ષકોને એમનાથી સંતોષ થયો અને એમને ડી. એસસી. ની પદવી મળી. નોંધવા જેવું એ છે કે આ પરીક્ષામાં બેસનાર એ સમયે એ એકલા જ વિદ્યાર્થી હતા! ત્યાર પછી એમને હોપ પ્રાઈઝ સ્કૉલર-શિપ મળી અને જિલક્રાઇસ્ટ એન્ડોવમેન્ટના ટ્રસ્ટીઓએ સ્કૉલરશિપ પૂરી થતાં ૫૦ પાઉંડની બક્ષિસ પણ આપી. આ મદદ મેળવી એમણે ઓછામાં ઓછું એક વર્ષ ઇંગ્લંડમાં વિશેષ ગાળવાનો, ગહનતર અભ્યાસ કરવાનો અને વધારે અનુભવ લેવાનો નિશ્ચય કર્યો. ડી.એસસી. થવાથી એમના સામાજિક દરજ્જામાં પણ વૃદ્ધિ થઈ. એ જમાનામાં ડી.એસસી. માણસો ગણ્યાગાંઠ્યા જ હતા એટલે એમની પ્રતિષ્ઠા પણ આજના ડી.એસસી.ઓ કરતાં ઘણી વધારે હતી. આ નિવાસ દરમ્યાન યુનિવર્સિટી કૅમિકલ સોસાઈટીના એ ઉપપ્રમુખ ચૂંટાયા અને પ્રમુખ મિ. ક્રમબ્રાઉનની ગેરહાજરીમાં એમને એની સભાઓમાં પ્રમુખ તરીકે પણ કામ કરવાનું આવ્યું.

ખનિજ (ઇનઑર્ગનિક) રસાયણશાસ્ત્રની ડી.એસસી. ની પદવી લીધા પછી પ્રફુલ્લબાબુ હાઇડ્રોકાર્બનિક રસાયણશાસ્ત્ર વિષેના સાહિત્યનું વિસ્તૃત વાચન કરવામાં રોકાયા. એમણે નોંધો કરી અને પ્રયોગશાળામાં પણ કામ કર્યું. ઈ.સ. ૧૮૮૮ના શિયાળાનું સત્ર પૂરું થયા પછી એમના વિચાર ઘર તરફ વળવા માંડ્યા. પણ એને અનુસરતાં પહેલાં એમની ઘણા વખતની ઇચ્છા સ્કૉટલંડના પ્રખ્યાત ઉચ્ચ પ્રદેશો અને એનાં કુદરતી દશ્યો જોઈ લેવાની હતી તે એમણે પૂરી કરી લીધી; અને પછી દેશ તરફ વિદાય લેતા પહેલાં સરકારી નોકરી મેળવી લેવાની પીડામાં પડી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

સરકારી નોકરીની શોધ

અધ્યાપક મિ. ક્રુમબ્રાઉનને મળતાં એમણે પ્રફુલ્લબાબુને એમની રસાયણશાસ્ત્ર-વિષયક સિદ્ધિઓની પ્રશંસા કરતું પ્રમાણપત્ર લખી આપ્યું અને અનેક ઓળખાણપત્રો આપ્યા. આમાંનો એક એમની પૂર્વેના અધ્યાપક લૉર્ડ પ્લેફેર પર હતો. સર વિલિયમ મૂરને મળતાં એમણે ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય સર ચાર્લ્સ બર્નાર્ડ પર એક ઓળખાણપત્ર લખી આપ્યો. સર બર્નાર્ડ ઘણા મળતાવડા સ્વભાવના, માયાળુ અને ઉદારચરિત પુરુષ હતા. ઇંગ્લંડમાંના તત્કાલીન હિંદી વિદ્યાર્થીઓને એમણે અનેક વાર આર્થિક મુશ્કેલીમાંથી પાર ઉતાર્યા હતા. એમણે ઓળખાણપત્ર વાંચ્યા પછી પ્રફુલ્લબાબુને પોતાને ઘેર 'છોટા હાજરી' (લંચ) કરવા માટે બોલાવેલા ને ત્યાં કહેલું કે હિંદમાં તમને કોઈ પણ ખાતામાં નીમી આપવા માટે મારી શક્તિમાં હશે એ બધું હું કરી છૂટીશ. લૉર્ડ પ્લેફેરે તત્કાલીન હિંદી વજીર લૉર્ડ ક્રૉસને લખ્યું. પણ સંજોગો એમની વિરુદ્ધ હતા. એ જમાનામાં અને ત્યાર પછી ઘણાં વર્ષો સુધી પણ હિંદી વજીર હસ્તક એવી કેળવણી ખાતાની મોટી મોટી નોકરીઓના દરવાજા હિંદીઓ માટે બંધ હતા. એ નોકરીઓ ગોરાઓ સિવાય ભાગ્યે જ કોઈને મળતી. એક બે અપવાદ પાછળથી કરાયા હતા પણ એ અપવાદ જ હતા. આથી સર બર્નાર્ડના બધા પ્રયત્નો ખાલી ગયા. સરકારી નિમણૂક પર મીટ માંડીને લંડનના હેનવેલ નામના એક પરામાં પ્રફુલ્લબાબુ બે મહિના પડી રહ્યા. એ સમય દરમ્યાન કલકત્તામાં અપ્રાપ્ય એવાં જર્મન રાસાયણિક પત્રો અને બીજાં રસાયણને લગતાં વિવિધ પુસ્તકો એમણે વાંચી કાઢ્યાં ને પુષ્કળ ઉતારા કરી લીધા; પણ મુખ્ય હેતુ ન ફળ્યો તે ન જ ફળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખીસાં ખાલી થઈ જવા મંડયાં ! એમને લાગ્યું કે હવે વધારે વખત મારાથી આમ અહીં નહિ પડી રહેવાય. સર બર્નાર્ડ આ પામી ગયા. અને એક દિવસ પ્રફુલ્લબાબુને એક બાજુ લઈ જઈને સીધો સવાલ પૂછ્યો કે અહીં કયાં સુધી તમે ખેંચી શકશો ? એમણે આર્થિક મદદ કરવાની વાત પણ કરી. પણ પ્રફુલ્લબાબુએ એનો સાભાર અસ્વીકાર કર્યો. પ્રફુલ્લબાબુની નિષ્ફળ આશા અને ખરાબ આર્થિક સ્થિતિ પ્રત્યે સર બર્નાર્ડે જે સહાનુભૂતિ દર્શાવી એની અસરથી એ ગળગળા થઈ ગયા; અને એમને છોડી રસ્તા પર આવ્યા ત્યારે લગભગ રડી પડ્યા ! છેવટે એમણે હિંદ પાછા ફરવાનો નિર્ણય કર્યો. નિરાશાઓનાં આ વાદળો પાછળથી એવામાં એક રૂપેરી તેજરેખાનું એમને દર્શન થયું. કલકત્તાની પ્રેસિડંસી કૉલેજના પ્રિન્સિપાલ મિ. ચાર્લ્સ ટૉની રજા પર વતનમાં આવ્યા હતા. એઓ સર બર્નાર્ડના નજીકના સગા થતા હતા. અને એમને ત્યાં ઊતર્યા હતા. પ્રફુલ્લબાબુ લંડન છોડવાની અણી પર હતા ત્યારે સર બર્નાર્ડે એમને નાસ્તો કરવા બોલાવ્યા અને મિ. ટૉનીની ઓળખાણ કરાવી. મિ. ટૉનીએ આથી બંગાળાના કેળવણી ખાતાના ડાયરેક્ટર સર આલ્ફ્રેડ ક્રોફ્ટ પર એક ઓળખાણપત્ર લખી આપ્યો. એમાં છેવટે એમને એવા અર્થનું લખ્યું કે ડૉ. રાયને તમે જો લઈ શકશો તો તમારા ખાતામાં એ મૂલ્યવાન થઈ પડશે.

પછી પ્રફુલ્લબાબુ હિંદ ઊપડવા તૈયાર થયા. જિલક્રાઇસ્ટ ટ્રસ્ટ તરફથી સ્કૉલરશિપની શરતો મુજબ એમને વાટખર્ચીના પચાસ પાઉંડ મળ્યા. એમાંથી ૩૭ પાઉંડ ખર્ચીને પોતાને માટે એમણે બ્રિન્ડિસીથી ઊપડતા મેલની બીજા વર્ગની ટિકિટ ખરીદી લીધી; અને બાકીનામાંથી લંડનથી બ્રિન્ડિસીની ત્રીજા વર્ગની ટિકિટ લીધી અને બીજું ખર્ચ કર્યું. રસ્તામાં યુરોપનાં જોવાય એટલાં સ્થળો જોવાના લોભથી એ ધીમી ગતિથી ચાલતી એક ઑમનીબસ ગાડીમાં બેઠા. પેરિસ જોયું, દક્ષિણ ફ્રાંસમાં થઈને પસાર થયા, આલ્પ્સ પર્વતની ટેકરીઓમાં થઈને પસાર થયા, બોગદાં વીંધ્યાં અને દ્રાક્ષના માંડવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડવાઓ જોયા. ટ્રેન પિસા ઊભી રહી ત્યારે દોડીને એ ત્યાંનો ઢળતો મિનારો જોઈ આવ્યા. એ લખે છે: 'ઇટલીમાં સ્ટેશનો પર પીવાનું પાણી મળતું નથી પણ આકરો નહિ એવો સસ્તો દારૂ પુષ્કળ મળે છે. આથી મારે વારંવાર પાણીના પંપે જઈને મારી તરસ છિપાવવી પડતી. રોમમાં જે થોડો વખત મળ્યો એમાં હું રોમના રસ્તા ખૂંદી વળ્યો અને જોવાલાયક જૂનાં સ્થળો જોઈ આવ્યો. ઇટલીના લોકો અંગ્રેજો જેવા ઓછાબોલા સ્વભાવના નથી પણ આનંદી, ચપળ અને વાતોડિયા હોય છે. મારા સાથી ઉતારુઓ મારી જોડે વાતે વળગવા આતુર હતા. થોડું ફ્રેંચ આવડતું હોવાથી મને વાત કરવાનું ફાવ્યું. સદ્‌ભાગ્યે એમનામાં એક ઑસ્ટ્રિયી અંગ્રેજી સારી રીતે બોલી શકતો હતો. એટલે અમે મિત્રો થઈ ગયા. એને ટ્રિએસ્ટ જવું હતું. એને જ્યારે ખબર પડી કે મારે બ્રિંડિસી જવું છે ને મેલ પકડવો છે ત્યારે એણે સમયપત્રક કાઢ્યું અને એ જોઈને એણે ગંભીરપણે માથું ધુણાવ્યું. એ બોલ્યો, 'મને ભય છે કે તમે મેલ નહિ પકડી શકો. આ ગાડી તો ત્યાં એક દિવસ મોડી પહોંચશે.' મારું શું થશે એને વિષે ચિંતા થવા લાગી. આથી એક જગાએ જ્યાં ગાડી લાંબું ઊભી રહેતી હતી ત્યાં એ સ્ટેશન માસ્તરને મળ્યો ને પૂછ્યું કે કાંઈ ઉપાય છે? સ્ટેશન માસ્તરે કહ્યું, થોડી જ વારમાં ત્યાં જતો મેલ આવશે. ત્રણ પાઉંડ વધારે આપીને એમની ત્રીજા વર્ગની ટિકિટ બદલાવીને બીજા વર્ગની ટિકિટ લઈ લો તો એ બ્રિંડિસીથી ઊપડતો મેલ પકડી શકશે. આમ આ ત્રણ પાઉંડ ખર્ચતાં ખિસ્સામાં ફક્ત થોડા શિલિંગ જ રહ્યા!

આ થોડા શિલિંગ લઈને એ બ્રિંડિસી પહોંચ્યા. ને ત્યાંથી મેલમાં બેસીને ૧૮૮૮ના ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં છ વર્ષની ગેરહાજરી પછી એ પાછા કલકત્તા આવ્યા!

એ, કલકત્તા પહોંચ્યા ત્યારે એમની સ્થિતિ 'ખિસ્સાં ખાલી ને ભપકા ભારી' એવી હતી. સરસામાન કૅબિનમાં રહેવા દઈને સ્ટીમરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાણાંમાસ્તર પાસેથી ૮ રૂપિયા ઉછીના લઈને એમણે માતૃભૂમિમાં પગ મૂક્યો. એક મિત્રને ત્યાં ઉતારો કર્યો ને પછી સીધા બજારમાં જઈને એક ધોતી તથા ચાદર ખરીદ્યાં ને વિદેશી પોશાક ઉતારી ફરી બંગાળી બાબુ બની ગયા! હું ક્યારે કઈ સ્ટીમરમાં આવું છું એ ચોક્કસ બાતમી આપતો કોઈ કાગળ એમણે કોઈને નહોતો લખ્યો. એડિનબર્ગ ખાતેના આખા નિવાસ દરમિયાન એ ડાયમંડ હાર્બર ખાતે વકીલ બનેલા પોતાના મોટાભાઈ પર પખવાડિયે એક પત્ર લખતા ને એ એના પરથી ઘેર એમાંની હકીકત પહોંચાડતા. આખો વખત એમને એમ લાગ્યા કરતું કે પિતાની આર્થિક મૂંઝવણો વધતી જ ગઈ હશે. અને હતું પણ એમ જ.

એક બે દિવસ કલકત્તામાં ગાળ્યા પછી એ જ્યારે નવી થયેલી રેલગાડીમાં બેસીને ખુલના ઊતર્યા અને ત્યાંથી ઘેર ગયા, ને માતુશ્રીને મળ્યા, ત્યારે એ રડી પડ્યાં;— એમ સંભારીને કે પ્રફુલ્લ, તારી નાની બહેન તારું સ્વાગત કરવા હાજર નથી, સ્વર્ગવાસી થઈ ગઈ છે! એ સાંભળ્યું ત્યારે પ્રફુલ્લબાબુને યાદ આવ્યું કે એડિનબર્ગમાં એક દિવસ એમને બરાબર એવું સ્વપ્ન આવ્યું હતું! એ લખે છે: 'એની તારીખ મેં નથી લખી રાખી એ ખેદની વાત છે. લખી રાખી હોત તો અદૃશ્યદર્શન(Clairvoyance)ની વિશેષ સાબિતી મળત.'

થોડા દિવસ ઘેર રહ્યા પછી એ પાછા કલકત્તા આવ્યા અને એક મિત્રને ત્યાં મુકામ કરીને ફરી સરકારી નોકરી મેળવવાની પ્રયત્ન-પીડામાં પડ્યા. બંગાળાના કેળવણી ખાતામાં રસાયણના અધ્યાપકની નોકરી મેળવી લેવાની એમની ઇચ્છા હતી. એટલે એ માટે એમણે ઓળખાણપત્રો અને પ્રમાણપત્રો બતાવી બતાવીને ગોરા અમલદારોના ઊમરા ઘસવા શરૂ કર્યા. એ કેળવણી ખાતાના સર આલ્ફ્રેડ ક્રૉફ્ટને અને પેડલર સાહેબને મળ્યા. અને દાર્જલિંગ જઈ લેફ્ટનન્ટ ગવર્નર સર સ્ટુઅર્ટ બૈલીની પણ મુલાકાત શોધી આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાયણ એ જમાનામાં નવો વિષય હતો. કૉલેજના અભ્યાસ-ક્રમમાં એની અગત્ય હજી ધીમેધીમે સ્વીકારાતી જતી હતી. પ્રેસિડંસી કૉલેજ સિવાય આ વિષયનાં સપ્રયોગ વ્યાખ્યાનો બીજે ક્યાંય અપાતાં નહોતાં. થોડી ખાનગી કૉલેજો હતી પણ નાણાંને અભાવે એ વિજ્ઞાનના વર્ગો ઉઘાડી શકે એમ નહોતું. પ્રફુલ્લ-બાબુના પોતાના દાખલામાં આગળ આપણે જોયું એમ નામની ફી લઈને એવી કૉલેજોના વિદ્યાર્થીઓને પ્રેસિડંસી કૉલેજના વિજ્ઞાનના વર્ગો ભરવા દેવામાં આવતા. આવા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી. રસાયણશાસ્ત્રે પણ આટલા વખતમાં એટલી પ્રગતિ કરી હતી કે ફક્ત વ્યાખ્યાનોથી હવે વિદ્યાર્થીઓનું કામ સરે એવું હતું જ નહિ; સપ્રયોગ શિક્ષણ આપવા માટે પ્રયોગશાળા દ્વારા શિક્ષણ આપવાની ખાસ વ્યવસ્થા કરવાની જરૂર ઊભી થઈ હતી. પેડલર સાહેબે આ કારણે કેળવણી ખાતાના ડાયરેક્ટરને લખ્યું હતું કે એક મદદનીશ અધ્યાપકનું ખર્ચ મંજૂર કરવું. બરાબર આ જ તાકડે પ્રફુલ્લબાબુ હિંદમાં આવ્યા હતા અને સરકારી નોકરી શોધવા લાગ્યા હતા.

મહારાણી વિકટોરિયાના ઢંઢેરામાં ગમે એવી મોટી મોટી અને મીઠી મીઠી વાતો કરવામાં આવી હોય પણ વ્યવહારમાં તો હિંદીઓને દેશની ઉચ્ચતર નોકરીઓમાંથી બાકાત રાખવાનું જ ધોરણ ચાલુ હતું. એમ છતાં, ઊહાપોહ થવાથી કાયદાથી સ્થાપિત (statutary) કહેવાતો એવો એક વિભાગ ઉચ્ચતર નોકરીઓ અંગે કાઢવામાં આવ્યો હતો અને એમાં અંગ્રેજો માટેના સરકારી ધોરણના ૨/૩ પગારથી લાયકાત જોઈને અને કેટલીક વાર ખાનદાન પૂછીને, હિંદીઓને નીમવામાં આવતા હતા. કેળવણી ખાતાની ઉચ્ચતર નોકરીઓને પણ આ ૨/૩ પગારનું ધોરણ લાગુ પડતું હતું. પ્રફુલ્લબાબુ કરતાં ત્રણેક વર્ષ પહેલાં ઇંગ્લંડમાં ભણીને હિંદ આવેલા બાબુ જગદીશચંદ્ર બોઝ જેવા વૈજ્ઞાનિકને આ શાહી નોકરીમાં રહેતાં પહેલાં આ ધોરણ કબૂલ કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યું હતું! બૂમાબૂમ ચાલુ રહેતાં ઉચ્ચતર નોકરીઓના બે મુખ્ય ભાગ પાડવામાં આવ્યા: એક શાહી વિભાગ અને બીજો પ્રાંતિક વિભાગ. શાહી વિભાગ બ્રિટિશ ગોરાઓ માટે અનામત રખાયો અને પ્રાંતિક હિંદીઓ માટે; અને પ્રાંતિક નોકરીઓ કરતાં શાહી નોકરીઓના પગારનું ધોરણ બેગણું વધારે રખાયું. શ્રી જગદીશચંદ્ર બોઝની પેઠે ઓછા પગારની કબૂલાત આપીને પોતાની નિમણૂક આ શાહી વિભાગમાં કરાવવા પ્રફુલ્લબાબુએ પ્રયત્નો કર્યા હતા. પણ એ નિષ્ફળ ગયા હતા. હિંદ આવ્યા પછી ૧૮૮૯ના જૂનમાં પ્રેસિડંસી કૉલેજમાં કાઢવામાં આવેલી રસાયણશાસ્ત્રીની એક વધુ જગા પર માસિક ૨૫૦ રૂપિયાના પગારથી એમની નિમણૂક થઈ ત્યાં સુધી મોટા ભાગનો વખત એમણે શ્રી જગદીશચંદ્ર બોઝને ઘેર રહીને જ કાઢ્યો હતો.

જ્યારે ઉપલી નિમણૂક થઈ ત્યારે છ વર્ષ ઇંગ્લંડમાં રહીને રસાયણના પંડિતની ઊંચી પદવી મેળવી આવનાર આપણા પ્રફુલ્લ-બાબુને પહેલાં તો ખોટું જ લાગ્યું હતું. એમને ખબર હતી કે એમના જેટલા ભણતરવાળા ગોરા રસાયણશાસ્ત્રીની નિમણૂક કરવાની હોત તો એને હિંદી વજીરે બારોબાર શાહી વિભાગમાં જ નીમ્યો હોત અને ઇંગ્લંડથી અહીં આવવાની વાટખર્ચી પણ આપી હોત! જ્યારે પ્રફુલ્લબાબુ પોતે તો અવર્ગીકૃત યાદીમાં મુકાઈ માત્ર હંગામી પ્રોફેસર તરીકે જ નિમાયા હતા! આ ઉઘાડો અન્યાય સાંખી ન લેવો જોઈએ એવું એમને લાગ્યું એટલે એ સીધા દાર્જલિંગ ઊપડ્યા. ને કેળવણી ખાતાના વડા મિ. ક્રોફ્ટને મળ્યા ને પોતાને થતા અન્યાય વિષે તેમણે ફરિયાદ કરી. ક્રોફ્ટ સાહેબ ગુસ્સે જ થઈ ગયા ને બોલ્યા, 'જીવનમાં બીજા કામધંધા તમારે માટે ઉઘાડા છે. આ નોકરી સ્વીકારવાની તમને ફરજ કોણ પાડે છે?' પ્રફુલ્લબાબુ કહે છે, 'જેટલું સારું મોઢું રાખી શકાય એટલું રાખીને આ ઉઘાડું અપમાન હું ગળી ગયો!' જોકે, ક્રોફ્ટને ન્યાય આપવા ખાતર પ્રફુલ્લબાબુ આગળ જણાવે છે કે થોડાં વર્ષ બાદ ક્રોફ્ટે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહી વિભાગની નોકરીમાં લેવા માટે પોતાનાથી બનતો પ્રયત્ન કર્યો હતો; પણ તે નિષ્ફળ ગયો હતો. બંગાળાના લૅફ્ટનન્ટ ગવર્નર સર ચાર્લ્સ વિલિયમને લાગ્યું કે પ્રફુલ્લબાબુને શાહી વિભાગમાં લેવામાં આવશે તો ખોટો શિરસ્તો પડશે. અને કેળવણી ખાતાની અવર્ગીકૃત યાદીમાં દાખલ થઈ ચૂકેલા કૅમ્બ્રિજ, ઑક્સફર્ડ, અને લંડન જઈને ભણી આવેલા બીજા હોશિયાર બંગાળીઓ જેઓ શાહી વિભાગની નોકરીઓના દરવાજા ઠોકતા હતા એમને પછી શી રીતે ના પાડી શકાશે? આમ છેવટે પ્રફુલ્લબાબુ રૂ. ૨૫૦ની હિંદીઓ માટે ઉઘાડી એવી જ નોકરી પર ચડી ગયા!

૬

અધ્યાપકપણું અને બીજી પ્રવૃત્તિઓ

રસાયણશાસ્ત્રી હોવું અને પ્રયોગશાળા વિનાનું હોવું, એના જેવી કમનસીબી બીજી કોઈ હોઈ શકે નહિ. આટલો વખત બેકાર રહ્યા પછી ૧૮૮૯ના જુલાઈમાં શરૂ થતા સત્રમાં પ્રલ્લફુબાબુ જ્યારે પ્રેસિડન્સી કૉલેજના પોતાના નવા કામ પર ચડી ગયા ત્યારે ભૂખ્યાને ભોજન મળે એટલો આનંદ એમને થયો. એક માળના જે મકાનમાં જૂની હૅર સ્કૂલ હતી ત્યાં એ અરસામાં આ કૉલેજનું રસાયણ ખાતું હતું. ૧૮૭૦માં પ્રફુલ્લબાબુ હૅર સ્કૂલમાં પહેલા દાખલ થયા ત્યારે જ્યાં એ બૅન્ચ પર બેસતા લગભગ એ જ જગાએ દૈવની કરામતથી હવે એમના ખાનગી ખંડની ખુરસી મુકાઈ હતી!

ભારે મોટા પંડિતને એકડિયામાં ભણાવવા બેસવાનું થાય ત્યારે પહેલાં જે બધું અડવું અડવું લાગે એવું અડવાપણું એમને પ્રથમ તો લાગ્યું. પરંતુ એમણે મિથ્યાભિમાન રાખ્યા વિના પેડલર સાહેબ તથા એમના પ્રયોગકુશળ હાથ નીચે તૈયાર થયેલા પ્રયોગદર્શક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચંદ્રભૂષણ ભાદુરીની નિઃસંકોચ મદદ લઈ ને, વર્ગમાં કરવાના પ્રયોગોનો વારંવાર પૂર્વપરિચય કરી લીધો ને એમાં સિદ્ધહસ્તતા મેળવી લીધી. એથી બીજું સત્ર શરૂ થયું ત્યાં સુધીમાં એમની અડવાપણાની કે સંકોચની બધી લાગણી જતી રહી.

પહેલા ત્રણ મહિના આથી એમણે સખત કામ કર્યું. પછી પૂજાના તહેવારો આવ્યા ને પેડલર સાહેબ રજા પર ગયા. એટલે આખું ખાતું એમને હસ્તક આવ્યું! એઓ લખે છે કે 'એક રીતે જોતાં મારી કેળવણીકાર તરીકેની કારકિર્દીમાં આ સમય સૌથી વધારે ઉદ્યોગનો હતો. કેટલીક વાર મારે એક પછી એક રોજ ત્રણ ત્રણ વર્ગો લેવા પડતા. પણ એ કામમાં મને મઝા પડતી અને લગભગ અસાધારણ યશસ્વી જીવન જીવવાની જે લાગણી હું અનુભવતો એને લીધે મને થાક નહોતો લાગતો અને મારો રસ મોળો નહોતો પડતો.'

શિક્ષક તરીકે કેટલોક અનુભવ લઈ લીધા પછી અને રસાયણ-શાસ્ત્રનાં સપ્રયોગ વ્યાખ્યાનો આપવાની સરળતા પ્રાપ્ત કરી લીધા પછી ધીમે ધીમે એ પોતાની નવરાશનો વખત શોધખોળના કામમાં આપવા લાગ્યા. વર્તમાન સંસ્કૃતિ પ્રમાણેના જીવનમાં ખાધાખોરાકીની વસ્તુઓમાં, જે ભેળસેળ સર્વસાધારણ થઈ પડી છે એની તરફ એમનું પ્રથમ ધ્યાન ખેંચાયું. એઓ લખે છે કે, "બંગાળાના લોકોના ખોરાકમાં ચરબીનાં સાધનો વ્યવહારતઃ બે જ છેઃ ઘી અને સરસિયું. સામાન્ય બજારમાં મળતી આ વસ્તુઓ ભેળસેળવાળી હોય છે. રાસાયણિક પૃથક્કરણથી એને અને એના પ્રમાણને પકડી પાડવાં એ સહેલી વાત નથી. મેં એ કામ હાથ ધર્યું. . . . બ્રિટનની ગાયોના માખણ કરતાં હિંદી ગાયોના માખણનું બંધારણ (composition) જુદું હોય છે. એટલે આ વિષયના અંગ્રેજી ગ્રંથોમાં દર્શાવેલ આ પદાર્થનાં પૃથક્કરણ પર આધાર રાખી શકાય એમ નથી. તેલોના જુદા જુદા નમૂનાઓની પણ ઝીણવટભરી તપાસ કરવાની જરૂર હતી. આમ ઉપાડેલા કામમાં કરવાની મહેનત જબરજસ્ત હતી. અને હું એની પાછળ ત્રણ વરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હં-હં કરીનેયે વખત સંભાળી લેવાય એમ ન હોય તો? ચોર હાથમાં તરવાર લઈને છાતી પર બેસીને દ્રવ્ય ક્યાં છે એમ પૂછે છે, અને ઉત્તર ન આપે તો પ્રાણ જાય છે, એવી વેળાએ શું કહેવું? સકલ ધર્મનું રહસ્ય જાણનારા ભગવાન શ્રીકૃષ્ણ ઉપરના લૂંટારાઓનો દાખલો આપી કર્ણપર્વમાં અર્જુનને (કર્ણ૦ ૬૯-૬૧), અને આગળ શાંતિપર્વના સત્યાનૃતાધ્યાયમાં (શાંતિ૦ ૧૦૯-૧૫, ૧૬) ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે કે:

अकूजनेन चेन्मोक्षो नाऽवकूजेत्कथंचन ।
अवश्यं कूजितव्ये वा शंकेरन्वाप्यकूजनात् ।
श्रेयस्तत्रानृतं वक्तुं सत्यादिति विचारितम् ॥

'ન બોલીને છૂટકો થતો હોય તો કાંઈયે થતાં બોલવું નહીં; અને બોલવાની જરૂર પડે તો, અથવા ન બોલવાથી શંકા ઉત્પન્ન થાય એમ હોય તો, તે વખતે સત્યના કરતાં ખોટું બોલવું એ જ વધારે સારું એમ (મેં) વિચાર કરી ઠરાવ્યું છે.'—કારણ, સત્યધર્મ માત્ર વાણીથી બોલવાની બાબતમાં જ આવી જતો નથી . . . પણ સત્ય કરતાંયે સર્વ-ભૂતોનું જેમાં હિત હોય તે બોલવું . . . તે જ મારા મત પ્રમાણે ખરું સત્ય છે (શાંતિ૦ ૩૨૯-૧૩)."

('ગીતારહસ્ય', પા. ૩૪, મરાઠી આવૃત્તિ.)

આ દલીલોનો હવે વિચાર કરીએ. આમાં સૌથી પહેલાં આપણે એટલું ચોખ્ખું સમજી લેવાની જરૂર છે કે મનુ કે મહાભારત, કે કૃષ્ણ કે ભીષ્મના આધારોને લીધે જ ઉપર સૂચવેલા વર્તનનાં ધોરણને આપણે સ્વીકારી શકીએ નહીં. આપણી ધર્માધર્મની સ્વતંત્ર વિવેકબુદ્ધિથી જ જો એ ધોરણ સાચું લાગે તો જ આપણે તેને સ્વીકારી શકીએ.

જૂઠું બોલવાને માટે યોગ્ય પ્રસંગ લાગે એવા બે દાખલા ઉપર આપ્યા છે. પહેલા દાખલામાં, લૂંટારા પૂછે છે કે મારો શિકાર ક્યાં ગયો? આનો ઉત્તર મારે શું કામ આપવો જોઈએ? હું સાફ કહી દઈ શકું કે હું કહેવાનો નથી.—'અન્યાયથી પૂછનારાને તો પૂછે તોયે કહેવું નહીં'—એ મનુની શિખામણ અહીં યોગ્ય જ છે. સાચું બોલવું એ ધર્મ છે; પણ જ્યારે બોલવાનું કર્તવ્ય ઉત્પન્ન થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જ સાચું બોલવાની જરૂર છે. જ્યાં કર્તવ્ય જ નથી ત્યાં મૌન રાખવું એટલે કહેવાનો ઇનકાર કરવો એમાં અસત્ય નથી. પણ મૌન રાખું કે જવાબ આપવાનો ઇનકાર કરું તો લૂંટારો મને મારવા તૈયાર થાય છે. એટલે કાં તો મારે સાચું કહી દઈ નિરપરાધીઓને પકડાવી દેવા જોઈએ, અથવા ન બોલી મરવા તૈયાર રહેવું જોઈએ, અથવા જૂઠું બોલી પોતાને તેમ જ બીજાને બચાવવા જોઈએ એ કોયડો છે. આ સ્થિતિમાં નિર્દોષને ન સપડાવી શકાય એ વિષે કાંઈ મતભેદ જ નથી. જૂઠું બોલી પોતાને બચાવી લેનારને વ્યવહારકુશળ કહીશું; એવી કઠણ પરિસ્થિતિમાં સામાન્ય માણસો એમ જ કરવાના એમ જાણી કદાચ દરગુજર પણ કરશું; પણ એમ જ કરવાનો ધર્મ છે એમ કહી શકાય નહીં. પણ જે માણસ જૂઠું બોલીને બચવા કરતાં, જવાબ આપવાનો ઇનકાર કરવા તૈયાર થાય તે જ સત્ય કરતાં જીવતરની કિંમત વધારે નથી એમ સમજ્યો છે, એટલે કે ધર્મને વધારે સાચી રીતે સમજ્યો છે એમ કહેવાશે. એવી પરિસ્થિતિમાં જૂઠું બોલવાની વૃત્તિ થવી એટલી બધી સ્વાભાવિક છે કે એ તો પ્રાણીઓની આત્મરક્ષાની વૃત્તિમાંથી ઉદ્ભવતું સહજ કર્મ જ ગણી શકાય. એને ધર્માચરણની છાપ આપી ન શકાય.

બીજા દાખલામાં તો એથીયે ઓછો કોયડો છે. ત્યાં તો મારે એમાંથી એક વસ્તુને પસંદ કરવાની છે: કાં તો દ્રવ્ય બતાવી જીવ બચાવવો અથવા જીવ આપી દ્રવ્ય બચાવવું. જૂઠું બોલી દ્રવ્ય પણ બચાવવું અને જીવ પણ બચાવવો એ શક્ય હોય તો ત્યાં જૂઠું બોલવાનો ધર્મ છે એમ ન જ કહી શકાય. કારણ, સત્ય કરતાં દ્રવ્ય અને જીવિતની વધારે કિંમત એક વાર આંકીએ તો પછી સત્ય અને ધર્મની ચર્ચા જ કરવી નકામી છે.

પણ લોકમાન્યે આપેલા દાખલા બરાબર નથી એમ કોઈ કહેશે, અને એવી પરિસ્થિતિ રજૂ કરશે કે જેમાં મૌન રાખવાથી અથવા બેધડક જૂઠું ન બોલવાથી જ દુષ્ટ માણસ સત્ય પરિસ્થિતિ સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ શકે અને તેથી કોઈ નિર્દોષને નુકસાન થાય. દાખલા તરીકે, ધારો કે એક માણસની પાછળ દુશ્મનો પડ્યા છે, એ માણસ આવીને તમારા ઘરમાં ભરાઈ જાય છે. પાછળ દુશ્મનો આવી લાગે છે અને તમને પૂછે છે કે અમારો શત્રુ તારા ઘરમાં ભરાયો છે એમ વહેમ છે; છે કે નહીં?— સાચો જવાબ આપ. અહીં મૌન રાખવાથી કે બેધડક જૂઠું ન બોલવાથી એમની ખાતરી જ થઈ જવાની કે તમારા જ ઘરમાં માણસ છે. આવી સ્થિતિમાં શું કરવું? અહીં પણ હજારે નવસે નવ્વાણું માણસોને જૂઠું બોલીને વખત સંભાળી લેવાની લાલચ થવાની એ હું સ્વીકારું છું. પણ એ ધર્માચરણ છે એ હું સ્વીકારી શકતો નથી. પણ પોતાના છતાં પોતે એ માણસને બતાવી શકવાનો નથી એમ કહી એની રક્ષા માટે પોતાનો પ્રાણ આપવો એ ધર્મ છે, અને એ ધર્મનું આચરણ કરતાંયે જો એને એ બચાવી ન શકે તો તેથી ધર્મનો લોપ થતો નથી. કદાચ એવુંયે બને કે એની મરવાનીયે તૈયારી હોય છતાં એને દુશ્મનો કશી ઈજા ન કરે અને કેવળ બાંધી કે પકડી રાખી પેલા માણસને શોધી કાઢે. છતાંયે જૂઠું બોલી બચાવવાનો પ્રયત્ન કરવાનો ધર્મ છે એમ મને લાગતું નથી.

આવી જાતની જૂઠું બોલવાની ધાર્મિકતાનું રાજનીતિના વિષયો સિવાય બીજે ઠેકાણે કોઈ સમર્થન કરતું નથી. મુત્સદ્દી લોકોએ આ પ્રકારનો ધર્મ માનેલો છે. તેઓ એને માટે રાજકારણની બહારના દાખલા આપે અથવા 'સર્વભૂતના હિત'ની દલીલ રજૂ કરે તોયે ઘણુંખરું તેનો વ્યવહાર રાજકારણમાં જ થાય છે, અને એ હિત સર્વ ભૂતોનું કદી નથી હોતું, પણ બહુમાં બહુ તો પોતાના રાજ્યનું કે પોતાના મર્યાદિત સમાજનું જ આર્થિક હિત હોય છે. એથી અસત્યની ધાર્મિકતા સિદ્ધ થતી નથી. આવું અસત્ય ધાર્મિક દૃષ્ટિએ દોષરૂપ જ છે, એમ લોકમાન્યે પણ સ્વીકાર્યું છે.

"કેવળ વાચિક સત્ય અને સર્વભૂતહિત એટલે વાસ્તવિક સત્ય — એ બે વચ્ચે જ્યારે વિરોધ આવે ત્યારે વ્યવહારદૃષ્ટિએ અપરિહાર્ય સમજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસત્ય બોલીને નિભાવ કરી લેવાની કોઈ ઠેકાણે તેમણે (શાસ્ત્રોએ) પરવાનગી આપી છે ખરી. તથાપિ સત્ય વગેરે નીતિધર્મો તેમના મત પ્રમાણે નિત્ય એટલે સર્વકાળમાં એકસરખા જ અબાધિત હોવાથી પારલૌકિક દૃષ્ટિએ સામાન્યપણે એ થોડું પણ પાપ છે જ એમ ઠરાવી તે માટે તેમણે પ્રાયશ્ચિત્તો બતાવ્યાં છે."

('ગીતારહસ્ય' પા.૩૭)

જ્યાં પ્રાયશ્ચિત્ત હોય, ત્યાં કર્મ કરવાને પરિણામે અંતઃકરણ ડંખે છે એ સ્વીકારાયું જ. ધર્મ એ કોમળમાં કોમળ અંતઃકરણમાંયે ડંખ ઉત્પન્ન કરનારો ન હોઈ શકે.

સાચી વાત એ છે કે "ગાયને બચાવવા સારુ અસત્ય બોલાય કે નહીં એવા કોયડામાં પડી ને આપણી નજર તળે જે રોજ બન્યા કરતું હોય તેને ભૂલી જઈને સત્યની સાધના ન થઈ શકે. એમ ઊંડા પાણીમાં ઊતરવું એ સત્યને ઢાંકવાનો માર્ગ છે."[૧] સત્ય અને નિર્દોષની રક્ષા વચ્ચે ધર્મસંકટ ઉત્પન્ન થાય એવા કેટલા પ્રસંગો જીવનમાં કેટલી વાર કેટલા માણસોને આવે છે? એવા કાલ્પનિક અને અતિશય વિરલ પ્રસંગો નિર્માણ કરી ધર્મનો વિચાર કરવાની જરૂર જ શી ઉત્પન્ન થાય છે? એ પાંડિત્ય આપણા મનમાં એવો સંસ્કાર પાડી રાખે છે કે કઠણ પ્રસંગોમાં એટલે મોટું નુકસાન થતું અટકાવવા માટે, થોડું અસત્ય કરી લેવાને હરકત નથી એમ કૃષ્ણ અને ભીષ્મ જેવાનો અભિપ્રાય છે. એ રીતે જૂઠું બોલવાને તૈયાર થયેલું મન સાચે જ ધર્મસંકટ છે કે કેમ, સાચે જ 'સર્વભૂતહિત' અથવા કોઈ 'નિર્દોષ'ના પ્રાણ જોખમમાં છે કે કેમ, તેનો વિચાર નથી કરતું, પણ મને કે મારા લોકોને કાંઈ મોટો ફાયદો થઈ શકે એમ છે કે નહીં તેટલાનો જ વિચાર કરી જૂઠું બોલવા અને કરવા તૈયાર થાય છે. સત્યનો ઉપાસક આ પ્રલોભનમાં અને પાંડિત્યમાં પડવા લાલચ ન કરે, પણ માને કે "જે કોયડા રોજ આપણી સામે આવી ઊભે છે તેમાં આપણે સત્યનું પાલન કરીએ તો કઠણ અવસરોમાં શું કરવું એની ખબર આપણને એની મેળે પડી જશે."[૧]

---

૧. ગાંધીજી: 'આશ્રમજીવન', પા. ૮૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

§ અસત્ય અથવા ભ્રમ કેટલાકને માટે હિતકર છે, એમ કહેનારો એક બીજો પક્ષ પણ છે. તેઓનું કહેવું એવું છે કે બુદ્ધિવાન, જ્ઞાની અને અધિકારી લોકોએ સત્ય મતનો સ્વીકાર કરવો પણ અજ્ઞાની, અલ્પ બુદ્ધિવાળા અનધિકારી લોકોને ભલે અસત્ય અથવા ભ્રમ ઉત્પન્ન કરનારો હોય છતાં જે નૈતિક દૃષ્ટિએ હિતકારી હોય એવા મતનો ઉપદેશ કરવો.

અધિકારવાદ

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।[१]

એ ગીતાના વચનનો અઘટિત આધાર લેવામાં આવે છે, અથવા તાત્ત્વિક સત્ય અને વ્યાવહારિક સત્યને નામે સત્યનો અઘટિત અને મનમાન્યો ભેદ કરવામાં આવે છે, અથવા કોઈ વાર 'અધિકારભેદ'ના નામ તળે એ પક્ષ રજૂ કરવામાં આવે છે.

ઉદાહરણાર્થ, આપણા દેશમાં મેં એવા વેદાન્તીઓ અને ધર્મોપદેશકો જોયા છે કે જેઓ સ્વર્ગનરકને મિથ્યા માને છે, દેવાદિકને કાલ્પનિક માને છે, મૂર્તિપૂજાને બાળચેષ્ટા માને છે, વ્રતો, તીર્થાટનો વગેરેને નાના પ્રકારનાં, અર્થ વિનાનાં પોતાને હાથે વહોરી લીધેલાં કષ્ટો માને છે. છતાં, પોતાનાં બાળકો કે બીજા શ્રદ્ધાળુ લોકો આગળ સ્વર્ગનાં સુખો તથા નરકની યાતનાઓનાં વર્ણન કરે છે, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણપતિ વગેરે દેવોની કથાઓ કરે છે, તેમનાં સ્તોત્રો રચે છે અને ગાય છે, પોતે મૂર્તિઓ સ્થાપવામાં ભાગ લે છે અને તેમની પૂજાવિધિઓ શીખવે છે તથા બીજાઓને તેમાં પ્રેરે છે, અને વ્રતોતીર્થોનો પણ મહિમા ગાઈ ત્યાં જાય છે અને પોતા પર શ્રદ્ધા રાખનારાઓને લઈ જાય છે.

વેદાન્તી ઉપદેશ

---

૧. કર્મે આસક્ત અજ્ઞોનો કરવો બુદ્ધિભેદ ના.
(ગીતા, અ. ૩–૨૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

§ મોર્લીએ આ વિષયમાં જે જે પૂર્વપક્ષો અને ઉત્તરો રજૂ કર્યા છે એ મને બહુ જ યોગ્ય લાગ્યા છે. સર્વ ગંભીર વાચકોને આ પુસ્તકનું ઓછામાં ઓછું બીજું પ્રકરણ વાંચવા હું ભલામણ કરું છું. મોર્લીની જેમ જ હું ચિત્તની આવી દ્વિધાવૃત્તિ સમજી નથી શકતો પણ મારે કબૂલ કરવું જોઈએ કે એવી દ્વિધાવૃત્તિ રાખનારા બધા જ માણસો અપ્રામાણિક કે દંભી જ હોય છે એમ કહેવાને પણ હું તૈયાર નથી. એવી વૃત્તિ રાખનારાઓમાં ઘણાં ચારિત્રવાન પુરુષો પણ હોય છે; સત્યને ખોળવા તેમણે ઘણો પુરુષાર્થ પણ કર્યો હોય છે, ઘણું વેઠયુંયે હોય છે. તેથી આવી દ્વિધાવૃત્તિને માટે હું એક જ કારણ કલ્પી શકું છું: તે એ કે એ બાબતમાં તેમણે પૂરતો ઊંડો વિચાર કર્યો નથી હોતો. તેઓ પોતાને એક પ્રકારના કાલ્પનિક ધર્મસંકટમાં પડેલા જુએ છે. એક બાજુથી લોકોને સદાચારને માર્ગે વાળવાની તેમને બળવાન વાસના હોય છે; બીજી બાજુથી શુદ્ધ સત્યનો માર્ગ તેમને એવો કઠણ અને સાંકડો લાગે છે કે સામાન્ય લોકો એને જીરવી શકે નહીં એમ તેઓ માને છે. આ પોતે ઉત્પન્ન કરેલી આપત્તિમાંથી છૂટવા માટે તેઓ માયાવાદનો અઘટિત આશ્રય લઈ એક એવો સિદ્ધાન્ત ઘટાવે છે કે, 'માયાનું કાર્ય બધું જ મિથ્યા છે; માટે સંસારના માયિક વ્યવહારોમાં સત્યાસત્યની બહુ ઝીણવટમાં ઊતરવું નહીં; પણ બાળકને દવા પીવા લલચાવવા માટે જેમ સાકર કે નેતર દેખાડવામાં આવે, તેમ અજ્ઞાની લોકો માટે આવાં પ્રલોભનો, ભયો અને રમકડાં નિર્માણ કરવાં જોઈએ.'[૧] આ સિદ્ધાન્ત કેટલો ભૂલભર્યો છે અને માયાવાદમાં જે કાંઈ સત્યાંશ છે તેની કેટલી બધી ખોટી સમજણ પ્રગટ કરે છે તે દેખાડવાનું આ સ્થાન નથી. અહીં એટલું જ કહેવું બસ છે કે આમાં પૂરો વિચાર થયો નથી. ગમે તે રીતે લોકોને સદાચારને માર્ગે વાળવા જ જોઈએ એવું કોઈ

મોર્લીના ઉત્તરો

૧. આ શબ્દો મારા રચેલા નથી. લગભગ આ જ શબ્દો એક ચારિત્રવાન વેદાન્તીએ મને અત્યંત ગંભીરતાથી કહેલા. બીજાઓને મોઢે પણ એને મળતી ભાષા મેં સાંભળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્તવ્ય આપણી ઉપર આવી પડતું નથી. લોકોને સદાચારને માર્ગે વાળવા એ જો એક પવિત્ર કર્તવ્ય હોય તો તે અણિશુદ્ધ પવિત્ર રીતે જ થવું જોઈએ. સત્યનો ભંગ કર્યા વિના, ખોટું અથવા ન માનવા જેવું છે એમ જેને વિષે પાછળથી કહેવું પડે એવું કંઈ પણ આગળ ધર્યા વિના જો આપણને લોકોને સદાચારને માર્ગે વાળવાનો ઉપદેશ દેતાં આવડે તો આપીએ. નહીં તો તેમ કરવાનો બોજો પોતાને માથે વહોરી લેવાનું કોઈ કર્તવ્ય ઊભું થતું જ નથી. એમાં રહેલી પોતાની વૃત્તિની બરાબર પરીક્ષા કરવામાં આવે તો જણાઈ આવે કે એમાં પોતાના જ્ઞાન વિષે વધારેપડતો અહંકાર અને મહત્ત્વાકાંક્ષાની એક બળવાન વાસના રહેલાં હોય છે. અહંકાર અને વાસનાની વાત બાજુએ રાખીએ તોયે 'સત્યાસત્યની બહુ ઝીણવટમાં ઊતરવું નહીં' એવા સત્યના મૂળ પાયાને જ તોડી નાખનારા મત ઉપર જે પ્રવૃત્તિનો આધાર છે, તે પ્રવૃત્તિ લોકોને સદાચારને માર્ગે સાચે જ વાળશે એવી આશા રાખવી આકાશ-પુષ્પવત્ છે. આજનો કોઈ કેળવણીકાર સાકર કે નેતર દેખાડી દવા પિવડાવનાર માતાના કામને ક્ષમ્ય નહીં ગણે. જો સાકર આપવાનો કે નેતર મારવાનો ઇરાદો ન હોય, જો તે યોગ્ય ન હોય, તો તે દેખાડ્યા વિના જ દવા પિવડાવતાં આવડવી જોઈએ. નહીં તો તે જૂઠાણું કરે છે અને જૂઠાણું શીખવે છે.

હિંદુ ધર્મમાં સત્યનો દ્રોહ

આપણા દેશમાં પરમસત્યને જાણવા માટે જેવા પ્રયાસો થયા છે તેવા બીજા દેશોમાં ભાગ્યે જ થયા હશે એમ જાણતાં છતાં, અને જે મોટા સંતપુરુષો અને આચાર્યો આપણા દેશમાં થઈ ગયા છે તેમના પ્રત્યે અતિશય આદર હોવા છતાં, મારે ઘણા દુઃખથી કહેવું પડે છે કે આપણા દેશે સત્ય વચનની બહુ .જ ચીવટાઈથી ઉપાસના કરી છે એમ મને લાગ્યું નથી. એમનાં ધર્મ, ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય એમને બીજાના ગ્રંથોમાં ક્ષેપક શ્લોકો નાખતાં, કોઈ પાછલા કાળના પ્રસિદ્ધ પુરુષને નામે પોતાના ગ્રંથો ચડાવી દેતાં, કે પોતાનાં દેવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ, મંદિર કે તીર્થ વગેરેનો મહિમા વધારવા ખોટી કથાઓ જોડતાં અટકાવી શક્યાં નથી. બજારના દુકાનદારો પરસ્પર હરીફાઈ અને અદેખાઈથી જેવું જૂઠાણું કરે તેથી વધારે ખરાબ જૂઠાણું આપણા સંપ્રદાયપ્રવર્તકો 'ધર્મ' ફેલાવવા માટે કરતાં અચકાયા નથી. અને એમાં વિશેષ દુ:ખ અને કરુણાજનક વાત તો એ છે કે એમાંના કેટલાકે તો અંત:કરણપૂર્વક એને ઈશ્વરનું કાર્ય અને લોકસેવા માની છે! સંભવ છે કે કોઈ વાચકને આ વાક્યો ભૂતકાળથી માંડીને અત્યાર સુધીના સર્વે પૂજ્ય પુરુષો અને શાસ્ત્રોની બદનક્ષી કરનારાં લાગે અને એની લાગણી દુખાય. એવું દુ:ખ લગાડવા માટે હું દિલગીર છું, પણ સાથે તેઓ જાણે કે આ વાક્યો અતિશય દુ:ખથી પણ સત્યની પૂજા માટે જ નિરુપાયે લખાયાં છે. જ્યાં સત્યોપાસના એ જ વિષય છે ત્યાં મારો જે મત બંધાયો હોય તે જણાવ્યા વિના કેમ ચાલે? આમાં અપવાદ થનારા સંતો પણ છે જ. એમને તો દંડવત્ પ્રણામ જ છે.

ભ્રમ તથા અસત્યથી નુકસાન

§ કહેવાનું આ છે: ભ્રમ કે અસત્ય કદીયે હિતકારક હોઈ શકે નહીં. પણ આનો અર્થ એ નથી કે ભ્રમ કે અસત્યને અમુક કાળે ન છેડવામાં ડહાપણ ન હોય; અથવા બધા ભ્રમ કે અસત્યને છેડી ન શકાય એમ ન બને; અથવા કઈ રીતે છેડવો એ વિચારવા જેવું ન હોય. પણ અમુક માણસ માટે ભ્રમ કે અસત્ય हितकारक છે એમ સમજી એનામાં એ ઉત્પન્ન થાય કે પોષાય એવાં વાણી કે વર્તન રાખવાં એથી સમાજમાં દંભ અને જડતા જ વધે છે. આનાં કારણો:

સાચું પણ સંશયાસ્પદ થાય

(૧) સારી વસ્તુને ખોટી માન્યતાના પાયા ઉપર રચવાથી ખોટી માન્યતા તૂટી પડવાની સાથે તે વસ્તુ પરની શ્રદ્ધા પણ તૂટી પડે છે એટલું જ નહીં પણ એ વસ્તુ વિષેની સાચી અને વાજબી દલીલોનું મહત્ત્વ પણ ઘટી ગયા જેવું થાય છે. દા. ત.; નરકના ભયથી દારૂનો નિષેધ કરવાથી, નરક જૂઠું મનાતાં દારૂનિષેધ બાબતની ધાર્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવના ચાલી જાય છે એટલું જ નહીં પણ જે સાચાં કારણોસર દારૂનો નિષેધ કરી શકાય એમ છે, તે કારણોનું મહત્ત્વ પણ અસર ઉપજાવી શકતું નથી. ભય જેટલો ઊંડો નાખશો તેટલા જલદી સદ્‌ગુણો નાશ પામશે.

ધર્મસંપ્રદાયોએ અનેક પ્રકારનાં વહેમ, જૂઠાણાં, અંધશ્રદ્ધા અને ચોખ્ખા અધર્મ તથા દુરાચાર પણ ઘણી વાર પોષ્યા છે, એવા અનુભવ આવવાથી સંપ્રદાયો જ ન જોઈએ એટલે સુધી જ આજે મત ઉત્પન્ન થવા માંડ્યો નથી, પણ ધર્મ જ ખોટી વસ્તુ છે એ મત પ્રસરવા લાગ્યો છે. ઈશ્વિર વિષે સંપ્રદાયોએ સમજાવેલી વાતો ખોટી છે એમ લાગવાથી ઈશ્વિર જ નથી, એટલે જગતમાં કોઈ સનાતન ચૈતન્યતત્ત્વ જ નથી એવો મત નિર્માણ થયો છે. એટલે કેવળ જડ પ્રકૃતિ જ અંતિમ તત્ત્વ છે એવી માન્યતા વધી છે. એને પરિણામે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે સદાચારના સર્વ નિયમો વ્યક્તિ કે સમાજનો સ્વાર્થ સાધવામાં જેટલે અંશે ઉપયોગી હોય — તેટલે અંશે નીતિ — એટલે પૉલિસી — તરીકે ભલે સ્વીકારાય, પણ એના ભંગથી જ્યાં સ્વાર્થની સિદ્ધિ સ્પષ્ટ જણાય ત્યાં એ બધાંને વધારેપડતું ધાર્મિક મહત્ત્વ આપીને વળગી રહેવું એ વહેમ અને જડતા છે એવો મત વધતો જાય છે. સત્યને અસત્ય સાથે ભેળવીને આપવાથી, અસત્ય સાથે સત્ય પણ કેવું ચાલ્યું જાય છે તેનો આ દાખલો છે.

બુદ્ધિ જડ રહે છે

(૨) ઉત્તમ વિચારોના મૂળમાં રહેલાં ખરાં કારણો સમજીને તે વિચારોને ગ્રહણ કરી શકે એટલી જેમની દૃષ્ટિ ખૂલી ન હોય, તેવાનાં મન ઉપર ક્વચિત્ (કાકતાલીય ન્યાયે) નજીવી બાબતમાં વહેમ, રૂઢિની અંધપૂજા અને વિવેકબુદ્ધિ સિવાયનાં બીજાં સાધનોથી સુસંસ્કારો પાડી શકાય છે એ ખરું; પણ એવા માણસોની બુદ્ધિની જડતાનું કારણ એ વહેમો વગેરે જ હોય છે. ભ્રમને સંઘરવો એનો અર્થ જ એ કે બધી બાબતોમાં ભ્રમભરી માન્યતાઓને આધારે જ વિચાર કરવાની ટેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવી; એટલે કે બુદ્ધિ સત્યને ઝીલી ન શકે એવી રીતે એને દરેક બાબતમાં અશક્ત કરવી.[1]

§ ભ્રમ અથવા અસત્યનું સમર્થન કરનારાની એક દલીલ આ પ્રકારની છે:

ભ્રમનાશ એટલે સત્યમાં સ્થિતિ નહીં

ભ્રમને કાઢવાથી સત્યમાં જ સ્થિરતા થાય છે એવું કાંઈ નથી. વહેમી માણસને તેના વહેમ કે અસત્યનો એકાદ અંશ છોડાવવો બહુ કઠણ વાત નથી. પણ તેટલો અંશ છોડાવવાથી બાકીનો ભાગ પણ છૂટી જશે એની કશી ખાતરી નથી. ઊલટું, સંભવ છે કે બાકી રહેલા ભાગને તે કદાચ પહેલાના કરતાં વધારે દૃઢતાથી વળગે.

---

૧. અહીં 'કેળવણીના પાયા'માંથી કેટલાંક વાક્યો ઉતારું છું તે માટે વાચક ક્ષમા કરશે એમ આશા રાખું છું:

"સર્જક કલ્પના સામે મારો મુખ્ય વાંધો એ છે કે એ અસત્યના કલંકથી દૂષિત છે. અવલોકન અને અનુભવથી એમ જણાય છે કે, સર્જક કલ્પનાઓ કરવાની અને સાંભળવાની વૃત્તિ બન્નેને અસત્ય તરફ લઈ જાય છે અને બન્નેને છેતરે છે."

"અમુક ચકલાચકલીની વાતને (બાળક) અસત્યરૂપે પારખતો થઈ જાય, પણ ભ્રમમાં રહેવાની ટેવ બીજે કોઈ ઠેકાણે જણાવાનો સંભવ છે. કદાચ યોગવાસિષ્ઠ વાંચતાં કોઈ ચિરંજીવી કાકભુશંડીની વાતોમાં કે સંન્યાસીનાં સ્વપ્નોની વાતોમાં સત્યતાની શ્રદ્ધા રહે; એટલે એ પણ એક સર્જક કલ્પના જ છે એમ ન પારખી શકે."

"લોકોમાં ભ્રમ, પરાધીન બુદ્ધિ, વહેમ અને અજ્ઞાન કાયમ રહેવામાં આવી કથાઓ કારણભૂત થાય છે."

"આ વાતો કાલ્પનિક છે એવું જ્ઞાન થતાં એમાંની સર્વ વસ્તુનો ત્યાગ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. . .એટલે વાર્તા કહેવાનો ઉદ્દેશ નિષ્ફળ જાય છે."

"અનેક સારી અને હિતકારી વસ્તુઓ સમજાવવા માટે પણ જરાયે અસત્ય, ભ્રમમાં નાખનારા કે પાછળથી જેનો નિષેધ કરવો પડે એવા સ્વરૂપમાં મૂકવા મારી ઇચ્છા નથી થતી."

('કલ્પનાશક્તિની કેળવણી'ના પ્રકરણમાંથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલો આપીને આ દલીલ વધારે સ્પષ્ટ કરીએ. સામાન્ય માણસોની માન્યતા એવી રહે છે કે ઈશ્વર એ જગતનું નિમિત્ત-કારણ છે,[૧] શરીરશરીર પ્રત્યે જુદા જુદા આત્મા વસે છે, અને જગતમાં જડ અને ચૈતન્ય એવાં સ્વતંત્ર બે તત્ત્વો રહેલાં છે. અદ્વૈત વેદાન્તનાં પુસ્તકો વાંચી ઈશ્વર એ જગતનું ઉપાદાન કારણ છે, સર્વ દેહોમાં એક જ આત્મા વસે છે અને જડચેતન એવાં બે તત્ત્વો નહીં, પણ એક જ અદ્વૈત તત્ત્વ સર્વ જડચેતનના મૂળમાં છે, એવી તર્કશક્તિથી સમજ કરી લેવી એ બુદ્ધિશાળી માટે બહુ કઠણ નથી. પણ એ રીતે બીજી વિચારસરણીની દલીલોથી પહેલી દૃષ્ટિના સંસ્કારો છૂટી જ જાય એવી ખાતરી નથી. એક આત્મતત્ત્વ જ છે, नेह नानाऽस्ति किंचन,[૨] એ મરીને ક્યાં જશે? नाऽहं जातो जन्ममृत्यू कुतो मे?[૩] એમ સમજાયાથી મરણનો ભય રહેતો જ નથી એવું કાંઈ નથી; તેમ જ 'આપણે ભક્તિ કરીશું તો ઈશ્વર આપણી સામું જોશે અને આપણને સંકટમાં પડવા નહીં દે' એ આશા ઘટતી નથી. ઊલટું, એવુંયે બને છે કે અદ્વૈત વેદાંતની વિચારસરણીને એ ઉપર ઉપરથી જ ઝીલી લઈ એનો પોતાની અયોગ્ય વાસનાઓને પોષવા માટે ઉપયોગ કરે છે. 'બંધ અને મોક્ષ, કે પાપ અને પુણ્ય કાલ્પનિક છે' એવાં વાક્યોને ઉપરથી જ પકડી લઈ, જાણે સ્વૈરવર્તનનો પરવાનો મળ્યો હોય એમ એ સમજે છે, અને સત્યવાણી કે સત્ય-વર્તનનો આગ્રહ એટલે જ ભેદદૃષ્ટિ — અજ્ઞાન — ભ્રમ — ગુણાતીતતાનો અભાવ એમ એ માનવા લાગે છે.

આ ઉપરથી ભ્રમ થોડા વખત માટે તો જરૂર લાભકારક હોઈ શકે એમ લાગે એવું છે. પણ એ નિર્ણય બરાબર નથી.

---

૧. કુંભાર એ ઘડાનું નિમિત્તકારણ અને માટી એ ઉપાદાન કારણ ગણાય.
૨. જગતમાં નાના (પદાર્થો) છે જ નહીં.
૩. હું જન્મ્યો જ નથી તો જન્મ અને મરણ મને ક્યાંથી હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બતાવેલા દોષ ઊપજવાનું કારણ એ છે કે કોઈની ભૂલભરેલી માન્યતા દૂર કરવી અને ખરો પક્ષ એને કહેવો એટલું જ નથી એ વાત કહેનાર ભૂલી જાય છે. પણ એટલું કર્યા ઉપરાંત બીજી પણ બે બાબતોની જરૂર છે: (૧) વિચાર કરવાની ભ્રમભરી પદ્ધતિને બદલે વિચાર કરવાની શુદ્ધ પદ્ધતિ પણ તેને હાથ લાગવી જોઈએ; અને (૨) ખરો પક્ષ જીવનમાં ઊતરવા માટે જે પ્રકારનું ભાવનાબળ જોઈએ તે કેળવાયેલું હોવું જોઈએ. આથી પોતાના વિચાર પારકાને સમજાવવાને જે અત્યંત ઉત્સુક હોય તેણે સૌથી પ્રથમ લોકોમાં ઉદાર ભાવનાઓ ખીલવવી જોઈએ, અને પછી તેમની વિચારપદ્ધતિ બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ, તેમનામાં સત્ય માટે પ્રીતિ જાગ્રત કરવી જોઈએ, ખોટા વિચારના કરતાં ખરા વિચારનાં પ્રમાણ કેટલાં સબળ છે તે તેમના મનમાં ઠસાવવું જોઈએ, ટીકા અને નવા વિચારો સાંભળવાની તેમનામાં રુચિ ઉત્પન્ન કરવી જોઈએ, અને એક મહત્ત્વની બાબત એ કે જે પરિભાષા પોતે વાપરતા હોય તે પરિભાષાનો શુદ્ધ અર્થ હંમેશાં ધ્યાનમાં રાખવાની તેમને ટેવ પાડવી જોઈએ તથા અભ્યાસની સાચી પદ્ધતિ દેખાડવી જોઈએ.

પરિભાષાનો ગોટાળો

અનેક ભાવોને માટે એક જ શબ્દ વાપરવાથી વિચારસરણી કેટલી બધી ગોટાળાભરી થાય છે અને માણસો કેટલીયે વાર કેટલી બધી નિષ્કારણ ચર્ચામાં અને ક્લેશમાં ઊતરે છે તેનાં આપણા દેશનાં રાજકારણ, ધર્મ વગેરેમાંથી દૃષ્ટાંતો આપું તો આ પુસ્તકનું કદ હજુ કેટલુંયે મોટું થઈ જાય. ઉપર ‘ધર્મ’ અને ‘હિંસા’ એ બે શબ્દો વિષે ટીકા કરી છે. રાજકારણમાં આપણા બધાયે પક્ષો ‘સ્વરાજ્ય’ શબ્દ વાપરે છે. દરેક પક્ષ પોતાના તેમ જ બીજાઓના મનમાં ‘સ્વરાજ્ય’ એટલે કઈ સ્થિતિની કલ્પના રહેલી છે તેનું બારીકાઈથી પૃથક્કરણ કરી સમજી લે તો એ પક્ષોમાં ઉત્પન્ન થતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાયે વિવાદો અને ક્લેશોનાં ઘણાં કારણો ઓછાં થઈ જાય, અને પક્ષો ઓછા ન થાય તોયે ઘણો વિરોધ ઓછો થઈ શકે.

શબ્દોના અચોક્કસ ઉપયોગથી બે માણસો વચ્ચે જ વિચારનો ગોટાળો થતો નથી, પણ ઘણી વાર એવુંયે બને છે કે બોલનાર પોતે જ પોતાના શબ્દોનો પૂરો અર્થ સમજતો હોતો નથી.

અપની બોલી આપસે હોત નહીં પહિચાન;
કહે કબીર સમુઝે નહીં મોહ મહા બલવાન.

પણ આનો અહીં વિસ્તાર કરવો ઉચિત નહીં થાય, એટલે વિષયને આગળ ચલાવીશું.

પરિભાષાના અચોક્કસપણા ઉપરાંત વિચારપદ્ધતિમાં દોષ ઉત્પન્ન થવાનું—ભ્રમો રહી જવાનું—એક બીજું કારણ પણ હોય છે.

અભ્યાસની ખોટી રીત

સામાન્ય રીતે તાત્ત્વિક ગ્રંથોના અભ્યાસીઓ પણ અમુક તત્ત્વવિચારક કઈ બાબતમાં શું માને છે તેનો જ અભ્યાસ કરે છે. એ બાબતમાં એણે જુદે જુદે પ્રસંગે શા અભિપ્રાય દર્શાવ્યા છે તે એ જાણી લે છે. દા. ત., જે માણસ ગાંધીજીએ ‘સત્યાગ્રહ’, ‘અહિંસા’, ‘ધર્મ’ વગેરે વગેરે વિષયો પર જુદે જુદે પ્રસંગે જે જે કહ્યું હોય તે બધું બરાબર કહી શકે અને તેનો કદાચ સમન્વય કરી શકે તે ગાંધીજીનો સારો અભ્યાસી કહેવાય. પછી ગાંધીજી પ્રત્યે જુદાં જ કારણોસર એનો આદર બંધાયો હોય તેથી એ વિચારોને પણ તે સ્વીકારી લે. પણ અભ્યાસની આ રીત બરાબર નથી. અમુક વિચારક અમુક વિષય પર શું વિચારે છે એટલું જાણવું બસ નથી. જેમ, જેને પોતાના વિચારો પ્રવર્તાવવા છે તેણે પોતાના શબ્દપ્રમાણથી માની લેવાય એવી અપેક્ષાથી પોતાના નિર્ણયો જણાવ્યા જવા એ બસ નથી, પણ પોતે તે નિર્ણયો ઉપર જેવી રીતે આવ્યો તેના મૂળ પાયાનું તથા પોતાની ભાવનાઓની સાચી ભૂમિકાનું વાચકને દર્શન થાય એ રીતે પોતાના વિચારો બને તેટલી સ્પષ્ટતાથી સમજાવવા જોઈએ; તેમ અભ્યાસકે પણ બને તેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્ષ્મતાથી વિચારના એ પાયા તથા ભાવનાની ભૂમિકા સમજવા મથવું જોઈએ. એમ કરનારને મૂળ વિચારકના અનેક ઉદ્‌ગારોને ભેગા કરવાની જરૂર ન પડે. અમુક પ્રસંગે એ શું કહેશે અથવા કરશે તે અભ્યાસક પોતાની મેળે ઘણી વાર જાણી શકે. એવો અભ્યાસી એ પુરુષના ઉદ્‌ગારોમાં કોઈ ઠેકાણે વિસંગતિ કે ભૂલ હોય તો તે પણ એ જ રીતે પકડી શકે, અને — કોઈ વાર પ્રયત્ન થાય છે તેમ — એવી વિસંગતિમાં એકવાક્યતા જ છે એવું દેખાડવાના મિથ્યા મોહમાં નહીં પડે.

બીજી વાત. ભ્રમને ઉથાપવાથી સત્ય સ્થપાઈ જતું નથી એ સાચું. છતાં, સત્યને સ્થાપવા માટે ભ્રમને ઉથાપ્યા વિના છૂટકો જ ક્યાં છે? જ્યાં સુધી ભ્રમ દૂર ન થાય ત્યાં સુધી સત્ય જાણવાની પ્રવૃત્તિ જ કેમ શરૂ થાય? વળી, કેવળ ભ્રમનિરાસ પણ એક પ્રકારે સફળ જ છે. કારણ, દોષના અંશની જડ ઉખેડવાથી તે નિદાન ફૂટીને ફાલતી અટકશે.

ભ્રમોના લાભો? સદાચાર

§ હવે જે ભ્રમોને પરિણામે વ્યક્તિ અથવા સમાજને સદાચારના અનેક લાભો મળતા દેખાય છે, અને જેને ઉથાપવાથી હાનિ પહોંચતી જણાય છે, એ વિષે વિચાર કરીએ. આનો અર્થ એટલો જ છે કે ભ્રમમૂલક વિચારો અને હેતુઓની ઉપર હુમલો કરવાની રીત અને અવસરનો અતિશય સાવધાનતા અને દૂરદૃષ્ટિથી નિર્ણય કરવો જોઈએ. પણ એનો અર્થ એ નહીં કે ભ્રમ અમુક કાળ માટે તો ઉપયોગી હોઈ શકે. કારણ, આપણે જે લાભો સાચવી રાખવા માગીએ છીએ તે એ ભ્રમથી ઉત્પન્ન નથી થતા, પણ એ ભ્રમ છતાંયે તેની સાથે રહેલા કોઈ સત્યવિચાર, યા બુદ્ધિગમ્ય કારણ, યા ઉચ્ચ, યા પ્રામાણિક ભાવનાને યોગે જ ઉત્પન્ન થાય છે.

ઉદાહરણાર્થ, ઉપર કહેલું વેદાંતનું દૃષ્ટાંત લઈએ. ઈશ્વરને જગતનું નિમિત્તકારણ, કર્મફળપ્રદાતા અને નિરાળો નિયંતા માનવાથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા સ્વર્ગનરકની શ્રદ્ધાથી ઘણા લોકો સદાચારના માર્ગે રહેલા જણાય છે, પણ અદ્વૈતમતથી ઘણા શુષ્કવેદાંતી અને દંભી બનેલા માલૂમ પડે છે એનું કારણ તપાસીએ. વિચારશું તો માલૂમ પડશે કે ઉપરના ભ્રમોને લીધે પેલાઓ સદાચારી નથી, પણ એ ભ્રમોની સાથે જ રહેલા કેટલાક સત્યવિચાર, બુદ્ધિગમ્ય કારણો, અથવા ઉચ્ચ અને પ્રામાણિક ભાવનાઓને લીધે તેમનો સદાચાર ઊપજે છે. એથી ઊલટું, પેલા શુષ્કવેદાંતીઓના દુરાચારનું કારણ એમનો ભ્રમનાશ નથી, પણ બીજાં બે કારણો હોય છે. એક તો એમના ભ્રમમૂલક વિચારો ઉપર હુમલો કરવાની રીત અને અવસરનો અતિશય સાવધાનતા અને દૂર-દૃષ્ટિથી નિર્ણય થયેલો નહીં એ છે. એટલે કે એમનો પૂરેપૂરો અધિકાર જોયા વિના એમની આગળ વેદાંતનું નિરૂપણ કરવામાં આવવાથી એવું વિપરીત પરિણામ આવ્યું હોય છે; અને, બીજું, એને મળેલા ઉપદેશમાં બ્રહ્મ સાથે સત્યાંશનું પણ ખંડન કરી નાખવામાં આવેલું હોય છે. એટલે કે સદાચાર, જપ, તપ, વ્રત, તીર્થ વગેરે ક્રિયાઓના વાજબી ઉદ્દેશો અને કિંમત પણ લઈ લેવામાં આવ્યાં હોય છે અને અતિ-શયોક્તિના દોષથી નવો દોષ ઉત્પન્ન કરેલો હોય છે.

ભ્રામક માન્યતા ચારિત્રને સુધારવામાં ઉપયોગી થાય છે એ જેમ એક બાજુની ભૂલ છે, તેમ એ કાઢી નાખવાથી ચારિત્ર સુધરી જ જાય છે એમ માનવું એ બીજી બાજુની ભૂલ છે. એટલે કે જો ચારિત્રશુદ્ધિ એ જ ઉદ્દેશ હોય તો તેને માટે વેદાંતનિરૂપણ જ હંમેશાં આવશ્યક નથી. ભ્રામક માન્યતાનો આશ્રય લીધા વિના ચારિત્રને પોષવું એ સૌથી પહેલું લક્ષ્ય રાખવું જોઈએ.

બ્રહ્મવિદ્યાનાં શાસ્ત્રોમાંયે આપણે જોશું તો જણાશે કે વેદાંત જ્ઞાનનો અધિકાર સાધનચતુષ્ટયસંપન્નને છે. એટલે કે જેની મલિન વૃત્તિઓ નાશ પામી ગઈ છે એટલું જ નહીં, પણ શુભ વાસનાઓ અને સદ્‌ગુણોનો એટલો ઉત્કર્ષ થઈ ચૂક્યો છે કે તેનો જગતમાં કંઈ કરી બતાવવાનો, કંઈક ભોગવવાનો કે કંઈક પ્રાપ્ત કરવાનો વેગ પૂરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયો છે, અને તેની અશાંતિ કેવળ એક જ વસ્તુની યથાર્થ સમજણના અભાવને લીધે છે, અને તે એ કે હું કોણ? જગત શું? જીવનમરણ શું? આ પ્રશ્નોનો બરાબર નિર્ણય ન થવાને લીધે જ જે દુ:ખી છે તેને જ તત્ત્વજ્ઞાનની જરૂર છે, અને તે જ તેનો અધિકારી છે. તેને બદલે જો ભાજીપાલાની જેમ જ્યાં ત્યાં વેદાંત અને માયાવાદ બોલાયા કરે તો તેનું પરિણામ શુષ્કજ્ઞાન અને દંભમાં આવે એમાં નવાઈ નથી.

મનુષ્યની ઉન્નતિ એ લક્ષ્ય

§ વળી, ભ્રામક જ્ઞાનની ઉપયોગિતાનો વિચાર કરતાં, તુરતમાં કેટલાક માણસો પાસે નીતિ પળાવી શકાય છે અને તેમને શાંતિ લાગે છે એટલા જ હેતુ તરફ માત્ર જોવાનું નથી, પણ તેથી એ માણસોની વૃદ્ધિ — ઉન્નતિ — થાય છે કે નહીં તે જોવાનું છે. આ દૃષ્ટિએ ચારિત્રને અખંડ સાચવી રાખવાની ઘણીખરી દલીલ જડતા અને પ્રમાદને કાયમ રાખવા કરતાં વધારે ઉચ્ચ હેતુથી થયેલી ભાગ્યે જ જણાશે. મનુષ્યજાતિના ઉત્કર્ષનું અનંત કાર્ય નિરંતર ચાલુ રાખવા માટે શું શું કરવું જોઈએ તેનું આ દલીલ દુર્લક્ષ જ કરે છે. સામાજિક યા ધાર્મિક ભ્રમથી એકાદ વ્યક્તિ કે પેઢીને ભલે કાંઈક આશ્વાસન મળતું હોય, પણ ભવિષ્યનો ઉત્કર્ષ તો તેથી કશો સધાતો નથી કે તેને સહાય કરતોયે લાગતો નથી.

ભ્રમનું આશ્વાસન?

જીવતાં પોતાના 'ધર્મો' બરાબર પાળવાથી પ્રભુની પ્રસન્નતા થશે; તેને પરિણામે મરતી વખતે પોતાના ઇષ્ટદેવ કે એમના પાર્ષદો દર્શન દઈ એને દિવ્ય દેહ આપી પોતાના ધામમાં લઈ જશે, અને પછી અનંતકાળપર્યંત પ્રભુના પ્રીતિપાત્ર થઈ ત્યાં જ રહેવાનું મળશે અને જન્મ-મરણના ફેરામાંથી છુટાશે — એ માન્યતાથી જીવનમાં કેટલી બધી પ્રફુલ્લતા, આશા, ઉત્સાહ અને મસ્તી રહે છે, અને જીવનમાં આવતાં સુખદુ:ખોનેયે સહન કરવાનુંયે કેટલું ધૈર્ય રહે છે તે હું જાણું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પાછળ ખાસ લાગ્યા હતા. કોપ્સનો રસાયણશાસ્ત્રનો ઇતિહાસ એમણે ભારે શ્રમપૂર્વક વાંચી કાઢેલો. ત્યાર પછીથી ઉદ્યોગચંદ્ર દત્તકૃત 'મટિરિયા મેડિકા ઑફ ધી હિંદુઝ' વાંચતાં એમાં ટાંકેલા મૂળ સંસ્કૃત ગ્રંથો વાંચી જવાનું એમને કુતૂહલ થયું. એમણે એમાંના કેટલાક વાંચ્યા. એવામાં પ્રેસિડન્સી કૉલેજના ગ્રંથાલયમાં બર્થેલોટ–કૃત 'ગ્રીસના કીમિયાગરો' વિષેનું પુસ્તક એમના જોવામાં આવ્યું. એઓ એ વાંચી ગયા. એ વાંચ્યા પછી એમણે એ ગ્રંથકર્તાને લખી જણાવ્યું કે પ્રાચીન ભારતવર્ષમાં કીમિયાગરોની ખોટ નહોતી અને આ વિષય પર કેટલાંક સંસ્કૃત પુસ્તકો પણ છે. બર્થેલોટે આના જવાબમાં પોતાના 'મધ્યયુગીન રસાયણશાસ્ત્રનો ઇતિહાસ' એ પુસ્તકની વાત કરી અને એમાં પોતે હિંદના કીમિયાગરો વિષે જે કાંઈ લખ્યું હતું તેના તરફ એમનું ધ્યાન ખેંચ્યું; અને ૧૩મા સૈકાના તદ્‌વિષયક જે સંસ્કૃત ગ્રંથોની એમણે વાત કરી હતી એ છપાયા છે કે કેમ, એમના કોઈ તરજુમા કે પૃથક્કરણ અંગ્રેજીમાં કે કોઈ પણ યુરોપી ભાષામાં થયેલાં છે કે કેમ ઇત્યાદિ પૂછપરછ કરી; અને પ્રાપ્ય હોય તે ગ્રંથ મોકલવા અથવા તે ક્યાંથી મળી શકશે એની ચોક્કસ બાતમી આપવા વિનંતી કરી.

પ્રફુલ્લબાબુ પર આ કાગળની ઊંડી અસર થઈ. એમને થયું, 'વિજ્ઞાનના કદાચ સૌથી આગળ પડતા એવા આ વયોવૃદ્ધ વિદ્વાનનો ઉત્સાહ ક્યાં, અને મારી મંદગતિ ક્યાં? આટલી ઉંમરે આ માણસ રસાયણશાસ્ત્રના ઇતિહાસના એક નવા પ્રકરણ વિષે જે કાંઈ મળી શકે તે જાણવા કેટલો અસીમ અને યૌવનભર્યો ઉત્સાહ દાખવે છે?' વસ્તુતઃ આ પત્ર વાંચીને એમને જાણે લગભગ વીજળિક પ્રેરણા મળી અને એ હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ લખવાની નવી પ્રવૃત્તિમાં પડ્યા.

પ્રથમ તો એમણે બર્થેલોટની વિનંતીના જવાબમાં મુખ્યત્વે રસેન્દ્રસારસંગ્રહ નામક સંસ્કૃત ગ્રંથનાં પ્રાવેશિક પ્રકરણો પર રચાયેલો એક નિબંધ તૈયાર કરીને મોકલી આપ્યો. બર્થેલોટ એ બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાળપૂર્વક વાંચી ગયા અને એના પરથી 'જર્નલ ડસ સાવન્ટ્સ'માં એક લેખ પણ લખી મોકલ્યો અને એની કેટલીક નકલો તથા પોતાના 'મધ્યયુગીન રસાયણશાસ્ત્રના ઇતિહાસ'ના ત્રણે ત્રણ ભાગ પણ ભેટ મોકલ્યા. પ્રફુલ્લબાબુ એ ઉત્સાહપૂર્વક વાંચી ગયા અને એ ધોરણે હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ રચવાનો તેમણે નિશ્ચય કર્યો. પછી જ્યારે બંગાળાની એશિયાટિક સોસાયટીની એક સાંજની સભામાં એ ગયા હતા ત્યારે ત્યાં એક મેજ પર પડેલું પેલું જર્નલ ડસ સાવન્ટ્સ નામનું પત્ર એમના જોવામાં આવ્યું. એ ઉથલાવતાં એમાં એમણે મોં. બર્થેલોટનો લેખ જોયો, જેમાં એ વિશ્વવિખ્યાત રસાયણ-શાસ્ત્રીએ પ્રફુલ્લબાબુનો રસાયણશાસ્ત્રના એક વિખ્યાત વિદ્વાન તરીકે ઉલ્લેખ કર્યો હતો. એ વાંચીને એમને માત્ર અધ્યાપકની નોકરી કરવા ઉપરાંત પોતાને કંઈક વિશેષ કરવાનું છે, એ બાબતનું ભાન થયું.

ત્યાર બાદ એમણે સખત મહેનત કરીને અને વર્ષો સુધી અભ્યાસ કરીને 'હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ' એ ગ્રંથ તૈયાર કર્યો. એનો પહેલો ભાગ એમણે ૧૯૦૨માં પ્રગટ કર્યો.

પૂર્વના તેમ જ પશ્ચિમના વિદ્વાનોએ એનાં ભારે વખાણ કરેલાં છે. એના ક્ષેત્રમાં એ એક અજોડ ગ્રંથ છે. અને એની પાછળ એમણે જે અતુલ શ્રમ લીધો છે, અને એની ખાતર ઇતર પ્રવૃત્તિનો જે આપભોગ એમણે આપ્યો છે, તે સૂચવવા એના એક વિવેચકે એને 'પ્રેમના સ્મરણસ્તંભ સમું કાર્ય' કહેલું છે તે યોગ્ય જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

યુરોપની વિજ્ઞાનયાત્રાએ

સારા અધ્યાપકો પોતાના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પ્રમાણે જે ભણાવવાનું તે ભણાવીને અથવા તો તદ્વિષયક જરૂરી ભાષણો આપીને કદી સંતોષ માનતા નથી. એઓ પોતાના વિષયનું અદ્યતન જ્ઞાન ધરાવતા રહેવા માટે અવિરત જિજ્ઞાસુવૃત્તિ સેવનારા અને નિરંતર અભ્યાસ કરનારા હોય છે. પ્રફુલ્લબાબુ જ્યારે 'હિંદુ રસાયણશાસ્ત્રના ઇતિહાસ'નો પહેલો ભાગ તૈયાર કરવામાં પડ્યા હતા, ત્યારે એમના વિષયનું આધુનિક સાહિત્ય ઝાઝું વાંચી શકતા નહિ. અને એ શાસ્ત્ર તો ઓગણીસમી સદીના અંતભાગમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું હતું. રેલે અને રૅમ્સે નામના વૈજ્ઞાનિકોએ વાતાવરણમાંથી આર્ગન નામનો ગૅસ જુદો કાઢી બતાવ્યો હતો. અને એ શોધ થયા પછી થોડા જ વખતમાં નિયૉન, ક્ષેનૉન અને ક્રિપટન નામના બીજા ગૅસો જડ્યા હતા. બેકુરેલ, રુથર્ફોર્ડ અને સોડીએ અમુક અમુક કંપાઉન્ડો અને ખનીજોની વિકીરણપ્રવૃત્તિ (રેડિયો-ઍક્ટિવિટી)નો અભ્યાસ કરતા ક્યુરીયુગલે રેડિયમ શોધ્યું હતું. રૅમ્સેએ ત્યાર બાદ થોડા જ સમયમાં બતાવ્યું હતું કે રેડિયમમાંથી ફૂટતાં અમુક તત્ત્વો બદલાઈને હેલિયમ નામક ગૅસ થાય છે. સર જેમ્સ ડેવરે વાતાવરણની હવાને પ્રવાહીરૂપ આપી બતાવ્યું હતું. હાઇડ્રોજન પણ પ્રવાહી બનાવાયો એ શોધ પણ કાંઈ ઓછી આશ્ચર્યકારક નહોતી.

આ બધી યુગપ્રવર્તક શોધોથી પ્રફુલ્લબાબુ જેવા અધ્યાપક અને વૈજ્ઞાનિકથી સુજ્ઞાત થયા વિના કેમ રહેવાય? જ્યારે એમના ગ્રંથનો પહેલો ભાગ પૂરો થઈ ચૂક્યો ત્યારે એમણે આ બધી શોધોના સાહિત્યનો અભ્યાસ કરી લેવા તરફ પોતાનું ધ્યાન વાળ્યું અને બીજો ભાગ તૈયાર કરવાનું થોડાં વર્ષ માટે મુલતવી રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો વિચાર આ જ દિશામાં એમણે યુરોપની વિજ્ઞાનયાત્રાએ નીકળવાનો કર્યો. સંશોધનની અદ્યતન પદ્ધતિઓનો સીધો સંપર્ક સાધવા માટે અને રસાયણશાસ્ત્રના સુપ્રસિદ્ધ આચાર્યો સાથે જીવતો-જાગતો અંગત સંબંધ બાંધીને સુનૂતન પ્રેરણા પ્રાપ્ત કરવાનો એના સિવાય કોઈ બીજો માર્ગ ન હતો. એક સરકારી પરિપત્ર એવો હતો કે વૈજ્ઞાનિક ખાતાનો ગોરો અમલદાર દેશ જવાની રજા લે, ત્યારે જો એવું વચન આપે કે હું એ રજા દરમિયાન ઉપર્યુક્ત વૈજ્ઞાનિક સંપર્ક સાધવામાં અમુક વખત ખર્ચીશ, તો એને મુસાફરીનું અને રહેવું પડે ત્યાં રહેવાનું ખર્ચ આપવું. પ્રફુલ્લબાબુના સાથી શ્રી જગદીશચંદ્ર બોઝને, અંશતઃ હર્ટ્ઝયન મોજાંની શોધને કારણે મળેલી ખ્યાતિને લીધે ને અંશતઃ એઓ કેળવણી ખાતાના શાહી વિભાગમાં હોવાને કારણે, આ વિશેષ લાભ મળ્યો હતો. પરંતુ કેળવણી ખાતાની પ્રાંતિક શાખામાં હોવાને કારણે આ વિશેષ લાભ મેળવવામાં પ્રફુલ્લબાબુને મુશ્કેલી હતી. છતાં, એમણે જાહેર કેળવણીના સંચાલક પેડલર સાહેબને યુરોપની પ્રયોગશાળાઓ જોવા જવાની પોતાની ઇચ્છાની વાત કરી હતી. કેટલાક મહિનાઓ સુધી તો આના જવાબમાં કશું સંભળાયું નહિ, પણ એક દિવસ એમના આશ્ચર્ય વચ્ચે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલની નોંધની એક નકલ એમના હાથમાં મૂકવામાં આવી. એમાં એમ ફરમાવ્યું હતું કે કોઈ હિંદનો વતની જેણે મૌલિક શોધની કોઈ શક્તિ બતાવી હોય એને એ કેળવણી ખાતાની પ્રાંતિક શાખામાં છે એટલા જ કારણે અભ્યાસ કરવા જવાની રજાના નિયમોના લાભથી વંચિત રાખવો નહિ.

આમ એમને આ ખાસ લાભ મળ્યો અને ૧૯૦૪ના ઑગસ્ટમાં પહેલી યુરોપની યાત્રા પછી બરાબર બાવીસ વર્ષે એ યુરોપની વિજ્ઞાન-યાત્રાએ નીકળ્યા. આ બીજી સફરે ઊપડતાં પહેલાં એ પેડલર સાહેબને ખાસ મળવા અને આભાર દાખવવા ગયા હતા. એ વખતે જે વાતચીત થઈ એ દરમિયાન એમણે એમને પોતે કરેલી ભલામણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ બતાવી હતી. એના પરથી જણાય છે કે એમણે પ્રફુલ્લબાબુનાં વૈજ્ઞાનિક સંશોધનો ઉપરાંત 'હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ'નાં પણ લગભગ મુક્તકંઠે ભારે વખાણ કર્યાં હતાં.

દરિયાની મુસાફરીનું દુ:ખ આ વખતે પણ એમને એવુંને એવું જ નડ્યું, બલકે જરા વધારે નડ્યું. કારણ, દર વખતે તો ફક્ત દરિયો જ લાગતો ને ઊલટી થતી તથા ચક્કર આવતાં; પણ આ વખતે તો એમાં ઝાડાના દર્દનો ઉમેરો થયો. એમને ભય લાગ્યો કે લંડન પહોંચ્યા પછી પણ તે ચાલુ રહેશે અથવા તો કદાચ વધશે અને કેટલોક વખત બગડશે; પણ સદ્‌ભાગ્યે લંડન પહોંચ્યા બાદ ૨૪ કલાકમાં એમની પેટની ફરિયાદ ટળી ગઈ ને જાણે કાંઈ થયું જ ન હોય એમ એ હરતાફરતા થઈ ગયા. ને કોઈ એવી પ્રયોગશાળાની શોધમાં પડ્યા કે જ્યાં એ પોતાનાં સંશોધનો ચાલુ રાખી શકે. એમના જૂના રસાયણગુરુ પ્રો. ક્રુમબ્રાઉન અને સર જેમ્સ ડેવરે એમને વિષે દાખવેલા રસને લીધે લંડનની 'ડેવી ફેરેડે રિસર્ચ લેબોરેટરી'માં સહેલાઈથી એમને પ્રવેશ મળ્યો. ત્યાંના કામમાંથી જ્યારે વખત મળતો ત્યારે તે 'ઇમ્પિરિયલ કૉલેજ ઑફ સાયન્સ'ની અને યુનિવર્સિટી કૉલેજની લેબોરેટરીઓની પણ મુલાકાત લેતા. સર વિલિયમ રૅમ્સે અને છેલ્લા સ્થળે એમને આર્ગન, નિયૉન અને ક્ષેનૉન જુદા પાડવા માટે ડૉ. ટ્રેવર્સ સાથે મળીને જે પ્રયોગસાધન (apparatus) બનાવેલું, એના પર કેવી રીતે કામ થાય છે તે બતાવ્યું અને સર જેમ્સ ડેવરે પોતાનું બતાવ્યું અને એમ એ ઇંગ્લંડના એ જમાનાના આગળ પડતા રાસાયણિકો સાથે ગાઢસંપર્કમાં આવ્યા અને એમની જોડે તેમનો અંગત સંબંધ બંધાયો.

૧૯૦૪ની નાતાલની રજાઓમાં પ્રફુલ્લબાબુ એડિનબરો ગયા. પોતાના જૂના દોસ્તો પૈકી કેટલાકને મળ્યા. ત્યાં એમને હિંદી વિદ્યાર્થીઓએ પ્રો. ક્રુમબ્રાઉનના પ્રમુખપણા નીચે સભા ભરીને આવકાર આપ્યો. જાણીતા મહાસભાવાદી ડૉ. અનસારી એ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં વિદ્યાર્થી તરીકે હાજર હતા. એડિનબરોની રૉયલ સોસાયટીએ પણ એમને ખાણામાં નોતર્યા હતા. અને સર જેમ્સ ડેવર સાથે એમનું સ્વાગત કર્યું હતું.

ત્યાંથી ઉત્તર તરફ ડંડી નામના શહેરમાં જઈને પછી એમણે પોતાના સહાધ્યાયી જેમ્સ વૉકરની મુલાકાત લીધી અને એની પ્રયોગ-શાળા જોઈ. પછી લંડન પાછા ફરતાં લીડઝ, મૅન્ચેસ્ટર, તથા બર્મિંગહામની મુલાકાત લીધી અને ત્યાંની પ્રયોગશાળાઓની મુલાકાત લઈને સ્મિથેલ્સ, કોહેન, ડિક્સન, પર્કિન, ફ્રેન્કલૅંડ વગેરે અધ્યાપકો અને રાસાયણિકોની ઓળખાણ કરી.

લંડન આવ્યા પછી મહિનોમાસ પ્રયોગશાળામાંનું પોતાનું કામ કર્યા બાદ એ યુરોપની ધરતી પર ગયા. લંડનની યુનિવર્સિટી કૉલેજ લેબોરેટરીના સર વિલિયમ રૅમ્સેએ ત્યાંના આગળ પડતા રાસાયણિકો પર ઓળખાણપત્રો આપ્યા હતા. જર્મનીમાં એ બર્લિન પાસેના શાર્લોટેનબર્ગ નામક સ્થળે અઠવાડિયું રહ્યા અને ત્યાંની બે જાણીતી કૉલેજોમાં ચાલતા કામકાજથી પરિચિત થયા. ત્યાં એમણે પ્રો. એર્ડમૅન અને વૉન્ટ હૉફની મુલાકાત લીધી. વૉન્ટ હૉફ ડચ રાસાયણિક હતા પણ જર્મન શહેનશાહે એમને સ્ટાસફર્ટ ખાતેના પોટેશ્યમ અને સોડિયમ ક્ષારોના વિસ્તૃત હાર (Deposits) કયા સંજોગોમાં સમુદ્રક્ષારોમાંથી થયા હતા એનો અભ્યાસ કરવા રોકયા હતા. એ અંગ્રેજી ભણેલા હતા અને બોલી શકતા હતા એટલે એમની જોડે પ્રફુલ્લબાબુને વાતો કરવાનું ફાવ્યું હતું. જર્મન શહેનશાહે ડૉ. વૉન્ટ હૉફને માટે એક ખાસ પ્રયોગશાળા બાંધી આપી હતી. કૉલેજમાં એમને અઠવાડિયે એક જ ભાષણ આપવાનું હતું. જેથી કરીને એ પોતાનો બધો વખત સોંપાયેલા પ્રશ્નના ઉકેલને આપી શકે.

આ ઉપરાંત ડૉ. એમિલ ફિશરની અને એની પ્રયોગશાળાની પણ પ્રફુલ્લબાબુએ મુલાકાત લીધી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્લિનથી એ બર્ન, જિનિવા અને ઝુરિચ ગયા હતા. ઝુરિચની વિવિધકળાઓનું (Polytechnic) કલાભવન એમણે બહુ ઝીણવટથી જોયું હતું. ત્યાં પ્રો. રિચર્ડ લૉરેન્ઝ એક વીજળિક ખાતાના ઉપરી હતા. એમના ખનિજ રસાયણશાસ્ત્ર માટેના પત્રમાં પ્રફુલ્લબાબુના કેટલાક વૈજ્ઞાનિક શોધોના લેખો પ્રગટ થયેલા હોવાથી પત્રવ્યવહારથી એ એમને ઓળખતા હતા. ત્યાંથી ચાલ્યા એ 'ફ્રેંકફર્ટ એમ મેઈન' નામક સ્થળે જઈ ભોમિયાની મદદથી જર્મન મહાકવિ ગૅટેના સ્મરણ જોડે સંકળાયેલા પ્રખ્યાત મકાનને જોઈ આવ્યા હતા અને પછી પૅરિસ આવ્યા હતા.

ફ્રાંસ તો રસાયણશાસ્ત્રીઓનું જાણે આધુનિક પિયર છે. આધુનિક રસાયણશાસ્ત્રનો જન્મ જ પૅરિસમાં થયો મનાય છે. લેવોઇઝિયરે પોતાની બધી જહેમત પૅરિસમાં રહીને ઉઠાવી છે. બર્થેલોટ, ફોરક્રોય, ગાયટન દ મોરવૂ જેવા રાસાયણિકો તો ત્યાં જ પડ્યા ને પાથર્યા રહેતા. ગાયલુઝાક, થેનર્ડ કેવેન્ટૂ અને પેલેતિયર (ક્વિનાઈનના શોધકો) પણ ત્યાં જ થઈ ગયા. એટલે ૧૯મી સદીના પૂર્વાર્ધ સુધી તો એમ જ કહેવાતું કે રસાયણ એ ફ્રેંન્ચ શાસ્ત્ર છે અને લેવોઇઝિયર એના સ્થાપક છે!

એવા પૅરિસમાં આવીને પ્રફુલ્લબાબુ પહેલા મો. સિલ્વન લેવીને મળ્યા. એ એમના ખંડમાં પેઠા ત્યારે એઓ પતંજલિનું મહાભાષ્યમ્ વાંચવામાં ધ્યાનસ્થ હતા. ત્યાં નક્કી થયા પ્રમાણે બીજી સવારે 'કૉલેજ દ ફ્રાન્સ'માં એમને મળવાનું હતું. એમણે એ વખતે પ્રો. બર્થેલોટ જોડે પ્રફુલ્લબાબુનું ઓળખાણ કરાવી આપવાનું માથે લીધું હતું.

નિયત સમયે પ્રફુલ્લબાબુ હાજર થયા ત્યારે મો. બર્થેલોટ સામે છેડેથી પોતાની પ્રયોગશાળામાં દાખલ થતા હતા. પ્રો. સિલ્વન લેવીએ એમને જ્યારે રીતસર પ્રફુલ્લબાબુની ઓળખાણ કરાવી, ત્યારે પોતાના ક્ષેત્રના એક મહાન પુરુષ જોડે મેળાપ થતાં માણસને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવનવી લાગણીનો અને રોમાંચનો અનુભવ થાય, એવો અનુભવ પ્રફુલ્લબાબુને થયો. કારણ, બર્થેલોટ અસાધારણ પુરુષ હતો. અર્ધા-સૈકાથી રસાયણની દુનિયામાં એ આગળ પડતો વિદ્વાન હતો. કામ કરતાં એ થાકતો નહિ. એણે જે લેખો લખ્યા છે એમનાં ફક્ત મથાળાં જ છાપવામાં આવે તોપણ રસાયણનું એક આખું ફ્રેંચ જર્નલ ભરાય. સામન્વયિક રસાયણશાસ્ત્ર (સિન્થેટિક કેમિસ્ટ્રી)નો એ એક મહાપંડિત હતો. અને ઉષ્મા-રસાયણ (થર્મોકેમિસ્ટ્રી)નો એ એક સંસ્થાપક કહી શકાય. એ ક્ષેત્રમાં કોપનહેગનના પ્રો. જુલિયસ થૉમસન સિવાય કોઈ એનો હરીફ નહોતો. રસાયણશાસ્ત્રના ઇતિહાસના વિષયમાં એ પ્રમાણભૂત પંડિત ગણાતો. એ વિષયના એમના ગ્રંથો અને સંસ્મરણો ગ્રંથાલયોમાં અનેક અભરાઈઓ રોકે છે. કૃષિરસાયણ વિષે એણે કીમતી પ્રયોગો કર્યાં છે. બે વાર એ પ્રધાનમંડળનો સભ્ય બન્યો હતો અને રાજસભાનો એ આજીવન સભ્ય હતો.

મો. બર્થેલોટે સાથે ફરીને પ્રફુલ્લબાબુને પોતાની પ્રયોગશાળા બતાવી. અર્ધા સૈકા ઉપર કાર્બનિક સંયોજનો (ઓર્ગેનિક કંપાઉંડ્ઝ) તૈયાર કરવા માટે વાપરેલું ઐતિહાસિક સાધન જે ત્યાં કાચના ખોખાંમાં સાચવી રાખ્યું હતું તે બતાવ્યું. પ્રફુલ્લબાબુને ખાસ આમંત્રણથી એ ઘેર પણ લઈ ગયા હતા. 'એકદમી દ સાયન્સીસ'ના કાયમી મંત્રી તરીકે એમને એ સંસ્થામાં જ નિવાસ મળેલો હતો. મુલાકાત વખતે એમનો દીકરો જે અંગ્રેજી સારું જાણતો હતો એ હાજર હોવાથી વાતોચીતોમાં ઘણી સરળતા પડી હતી. વાતોચીતો પણ લાંબી એટલે કલાકેક સુધી ચાલી હતી. ઍકેડેમીની એક બેઠકમાં પણ ખાસ આમંત્રણ આપીને પ્રફુલ્લબાબુને એમણે પ્રમુખ મૉ. સ્ટ્રુટ તથા બીજા વિદ્વાનોનું ઓળખાણ કરાવ્યું હતું.

આ પ્રમાણે પોતાનું જ્ઞાન અદ્યતન કરીને પૅરિસથી અભિનવ ઉત્સાહથી ઉત્સાહિત થઈને કલકત્તા પાછા આવ્યા અને પોતાના કામમાં પુનઃ જોડાઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સાચા વિદ્યાગુરુ અને બહોળું શિષ્યમંડળ

ગુલામ દેશમાં કોઈ પણ એક વિદ્યા લઈને બેસવાનું અને ફક્ત એમાં જ રચ્યાપચ્યા રહી બીજા બધા તરફ આંખ મીંચીને ચાલવાનું કોઈ પણ સ્વદેશપ્રેમી સજ્જન માટે અશક્ય છે. લોકમાન્ય તિલક જેવા ગણિતી અને જ્યોતિષીને એથી જ ગહન વિદ્યોપાસના અને શાંત ગુરુપદ છોડી, તાતું રાજકીય નેતૃત્વ લેવું પડ્યું હતું અને ગહન વિદ્યાપ્રેમી ગોખલેજીને શાંત શિક્ષકનો ધંધો છોડી રાજકીય ચળવળિયાનું ઉપનામ વહોરવું પડ્યું હતું. બંગાળામાં બાબુ સુરેન્દ્રનાથની પણ એ જ સ્થિતિ થઈ હતી. વિદ્યાગુરુ બન્યા પછી એમને પણ રાજકીય આગેવાની કરવી પડી. બાબુ પ્રફુલ્લચંદ્ર રાયનો સ્વદેશપ્રેમી આત્મા પણ એવી જ રીતે કેવળ રસાયણશાસ્ત્રમાં અથવા તો એ જ વિદ્યાના ગુરુપદમાં ધ્યાનગ્રસ્ત ન જ રહી શક્યો. આપણે જોઈ ગયા કે દેશના ઔદ્યોગિક વિકાસમાં સગે હાથે ફાળો આપવાની એમની તમન્ના કેટલી ભારે હતી અને એને એમણે કેવી રીતે વ્યવહારુ સ્વરૂપ આપ્યું હતું.

તેથી આગળ વધતાં પહેલાં આપણે એમના રાજકીય સંપર્કો, રાજકીય વિચારો અને સામાજિક પ્રવૃત્તિઓમાં જરા ડોકિયું કરી લઈએ.

બંગીય લોકનેતાઓ જેવા કે આનંદમોહન બોઝ અને સુરેન્દ્રનાથ બૅનરજી એમને મન રાજકીય ગુરુ જેવા હતા. ઈ. સ. ૧૯૦૧માં જ્યારે ગોપાળકૃષ્ણ ગોખલે વાઈસરૉયની કાઉન્સિલની બેઠકમાં હાજરી આપવા કલકત્તા આવ્યા ત્યારે હાવરા સ્ટેશને એમનું સ્વાગત કરવા ડૉ. નીલરતન સરકાર પ્રફુલ્લબાબુને પોતાની સાથે લઈ ગયા હતા. ત્યાર બાદ થોડા દિવસમાં ગોખલેજી જોડેનો એમનો સંબંધ ગાઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રતામાં ફેરવાઈ ગયો હતો. એ દિવસોમાં એમની પ્રવૃત્તિ કૉલેજની પ્રયોગશાળા અને પોતાના અભ્યાસખંડમાં જ મર્યાદિત રહેતી હોવાથી ગોખલેજી એમને 'વિજ્ઞાનસાધુ' (Scientific Recluse) કહેતા અને એ એમને રાજકીય સાધુ કહેતા! ગોખલેજીના જીવનકાળ દરમિયાન લગભગ બધા રાજકીય નેતાઓ વકીલાતનો કે એવો કોઈ ને કોઈ ધીકતો ધંધો કરતા અને રાજકીય પ્રવૃત્તિ તો એમની ફુરસદિયા પ્રવૃત્તિ જ હતી. ગોખલેજીએ સૌથી પ્રથમ પોતાનું સમગ્ર-જીવન દેશને સમર્પણ કર્યું. આથી એક દિવસ અંગ્રેજ કવિ બાયરનની પ્રસિદ્ધ પંક્તિઓમાં જરા ફેરફાર કરીને પ્રફુલ્લબાબુએ એક ચબરકી પર લખ્યું, Bhupen's politics is a thing apart. It is Gokhle's whole existence. અર્થાત્ શ્રી ભૂપેન્દ્રનાથ બસુનું રાજકારણ તો એમના જીવનનો એક અંશ માત્ર છે; પણ ગોખલેનું રાજકારણ તો એમનું સમગ્ર જીવન છે![1]

ગોખલેજીનું કલકત્તાનું નિવાસસ્થાન પ્રફુલ્લબાબુના નિવાસસ્થાનથી ઘણી જ નજીક હતું. ઈ. સ. ૧૯૦૧ના અંત ભાગમાં એક દિવસ ગાંધીજી — એ દિવસોમાં એ ફક્ત મિ. મોહનદાસ કરમચંદ ગાંધી જ હતા — આફ્રિકેથી આવ્યા પછી કલકત્તામાં ગોખલેજીના મહેમાન બન્યા હતા. ગોખલેજીએ પ્રફુલ્લબાબુનું એમની જોડે ઓળખાણ કરાવતાં કહ્યું, 'આ ડૉ. પ્રફુલ્લચંદ્ર રાય છે. એ એડિનબર્ગના ડી. એસસી. છે. પ્રેસિડંસી કૉલેજમાં એમને ૮૦૦ રૂપિયા મળે છે. પોતે બ્રહ્મચારી છે ને બ્રહ્મચારી જ રહેવા માગે છે!' દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ કેવાં કેવાં દુઃખ અને અપમાન વેઠી રહ્યા છે એની ગાંધીજીએ એમને

---

૧. બાયરનની મૂળ પંક્તિઓ નીચે પ્રમાણે છે:—

Man's love is a thing apart;
'Tis women's whole existence.

અર્થાત્ પ્રેમ એ પુરુષને મન જીવનની એક આંશિક પ્રવૃત્તિ છે, સ્ત્રીને મન તો પ્રેમ જીવન સમસ્ત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કરી. આથી એમણે કલકત્તામાં જાહેર સભા ભરવાની સૂચના કરી. ગોખલેજી એમાં સંમત થયા અને મુખ્યત્વે પ્રફુલ્લબાબુની આગેવાનીથી આલ્બર્ટ હૉલમાં જાહેર સભા બોલાવાઈ. એમાં કલકત્તામાં પહેલી વાર ગાંધીજીએ આફ્રિકાવાસી હિંદીઓની વીતકકથા કહી સંભળાવી; અને એમનાં દુઃખ દૂર કરવાના પોતાના નુસખાની એટલે કે, ગમે તે ભોગે સત્યને વળગી રહેવાની અને ધિક્કારને પ્રેમથી જીતવાની વાત કરી.

આ પ્રથમ ઓળખાણુ પછી ક્રમે ક્રમે ગાંધીજી વિષેનો પ્રફુલ્લબાબુનો પ્રેમ અને ગાંધીજી સાથેનો એમનો સંબંધ વધારે ને વધારે ગાઢ થતો ગયો. ગાંધીજીની ખાદીને વૈજ્ઞાનિક દૃષ્ટિએ અપનાવનાર વૈજ્ઞાનિકોમાં પ્રફુલ્લબાબુ પહેલા છે. અને બંગાળામાં રેલસંકટ આવતાં એમણે સંકટનિવારણના મુખ્ય સાધન તરીકે જાતે ખાદીનો પ્રચાર કરેલો અને એની સફળતા સિદ્ધ કરી આપેલી.

યુરોપની બીજી વિજ્ઞાનયાત્રાએથી પ્રફુલ્લબાબુ પાછા ફર્યા ત્યાર પછી થોડા જ વખતમાં હિંદના તત્કાલીત વાઇસરૉય લૉર્ડ કર્ઝને બંગાળાના એવી રીતે ભાગલા પાડ્યા કે જેથી બંગાળી બોલતી પ્રજાની એકતાની રાજકીય ભાવના નષ્ટ થાય અને એને સ્થાને હિંદુ-મુસ્લિમની મહજબી ભિન્નતાની તીવ્ર ભાવના સ્થાપિત થાય. સમસ્ત હિંદ સ્વતંત્રતાને આરે આવી ઊભતાં, પાકિસ્તાન અને હિંદુસ્તાનના જેવા રાજકીય ભાગલા પાડવાની જેવી યોજના હતી, એવી જ એ યોજના હતી. ફરક માત્ર એ છે કે, બંગભંગ વખતે લૉર્ડ કર્ઝને મુસ્લિમોમાં પહેલી એવી માંગ ઊભી થાય ને પછી ભાગલા પાડવાની પેરવી કરાય એને બદલે પહેલેથી જ ભાગલા કરી આપીને મુસ્લિમોમાં પૂર્વબંગાળ તો તમારું પાકિસ્તાન છે, એવું બતાવવાની પેરવી કરી હતી!

બંગાળીઓએ આ ભાગલાનો મજબૂત અને સફળ વિરોધ કર્યો હતો. અને છેવટે વર્ષો પછી લગભગ ૧૯૧૨માં એ ભાગલા રદ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. સરકારી નોકર હોવાને કારણે પ્રફુલ્લબાબુએ બંગભંગ સામેની આ હિલચાલમાં કશો સક્રિય ભાગ નહોતો ભજવ્યો; પણ એમનું દિલ પૂર્ણપણે એ હિલચાલમાં જ હતું.

આ હિલચાલના પરિણામે, જે જબ્બર લોકજાગૃતિ આવી ને રાષ્ટ્રભાવના જન્મી, એને લીધે વિજ્ઞાનના અભ્યાસને પણ બહુ સારો વેગ મળેલો. બંગાળા અને બંગાળીઓ એ જમાનામાં બધી રાષ્ટ્રીય હિલચાલોમાં મોખરે હતા. ન્યાતજાતનો તિરસ્કાર, પરદેશગમન, પશ્ચિમની વિદ્યાઓ પ્રાપ્ત કરવાની ભૂખ, હિંદી સરકારની બધી ઉચ્ચ નોકરીઓમાં અંગ્રેજો અને ગોરાઓ જોડે ખુલ્લંખુલ્લા હરીફાઈ કરીને ભાગ પડાવવાની ઇચ્છા, સ્વદેશીને ઉત્તેજન આપી હિંદીઓના વેપાર-ઉદ્યોગની વૃદ્ધિ કરવાની આતુરતા, બ્રિટિશ માલનો બહિષ્કાર કરીને અંગ્રેજો પર રાજકીય દબાણ લાવવાનો નિશ્ચય, માતૃભાષાનો વિકાસ ઇત્યાદિ અનેક નવા નવા વિચારો ને જાગૃતિ–તરંગોની બંગાળા જન્મભૂમિ હતી; અને પ્રફુલ્લબાબુ એ બધાં પ્રત્યે ઊંડી સહાનુભૂતિ ધરાવતા હતા.

આમ છતાં, એમને પોતાના વિષય પ્રત્યે જે ભક્તિ હતી, એ તો અનન્ય જ હતી. ડૉ. રાયને ૧૮૯૭ની સાલમાં એમની જૂની નોકરી અને ઊંચી લાયકાત જોતાં રાજશાહી કૉલેજના આચાર્યપદે નીમવાની વાત આવી હતી. પ્રથમ દરજ્જાના આવા વિદ્યાલયનું આચાર્યપદ સામાન્ય રીતે માણસને લલચાવનારું પદ છે. પણ એ દિવસોમાં કલકત્તામાં આવેલી કૉલેજ કરતાં પ્રાંતની બીજી બધી કૉલેજો ઓછી સાધનસંપન્ન રહેતી; એટલે પોતાની બધી શોધખોળોનું અત્યાર સુધીનું મથક, જે પ્રેસિડંસી કૉલેજ, એ છોડવાનું એમને ન ગમ્યું; અને સરકારે પણ એમનો વિશિષ્ટ શોખ જોતાં ઉદારતા વાપરી દબાણ ન કર્યું.

મૌલિક સંશોધનોને કારણે પ્રફુલ્લબાબુ દેશપરદેશમાં પ્રતિષ્ઠા મેળવતા થયા હતા એ આપણે જોઈ ગયા. હવે એમના એ વિષયના શિષ્યમંડળ તરફ જરા દૃષ્ટિપાત કરી લઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ. એસસી. ની પરીક્ષામાં ખાસ હોશિયારી દાખવનાર વિદ્યાર્થીને એના અધ્યાપકની ભલામણથી માસિક સો રૂપિયાની શિષ્ય-વૃત્તિ આપી સંશોધનમાં જોડવો, એવો બંગાળાની સરકારે ઠરાવ કર્યો હોવાથી અમુક અંશે પ્રફુલ્લબાબુને પોતાનાં સંશોધનોમાં પણ મદદ થતી. ઈ. સ. ૧૯૦૦ ની સાલથી આવો એક અભ્યાસી (સ્કૉલર) હંમેશાં એમની જોડે જોડાયેલો રહેતો. એ શરૂઆતમાં એમનાં સંશો-ધનોમાં સહકાર કરતો અને જ્યારે સ્વતંત્ર રીતે એ સંશોધન કરી શકે એવો થતો ત્યારે એને એમ કરવા દેવામાં આવતું; આથી આમાંના કેટલાક અભ્યાસીઓ પીએચ. ડી. ની પદવી માટે મહાનિબંધ (થિસિસ) તૈયાર કરી શકતા એટલું જ નહિ, કલકત્તા યુનિવર્સિટીની સર્વોચ્ચ શિષ્યવૃત્તિ પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ પણ મેળવી શકતા. અને કાળક્રમે પ્રાંતિક કેળવણી ખાતાની નોકરીમાં અથવા શાહી શાળાના ઔદ્યોગિક technical ખાતામાં પોતાનું સ્થાન મેળવી શકતા. બીજું, એમના લેખો અને સંશોધનો ઇંગ્લંડ, જર્મની અને અમેરિકાના રસાયણ-વિષયક પત્રોમાં પ્રગટ થતા; એથી એમને પોતાના વિષયમાં પ્રગતિ કરવાનું ઉત્તેજન મળતું.

શ્રી જતીન્દ્રનાથ સેન એ પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ જીતનાર એમના આવા પ્રથમ અભ્યાસી શિષ્ય હતા. પારાવાળા નાઇટ્રાઇટોનાં એમનાં સંશોધનોમાં એણે એમની જોડે કામ કરેલું છે. પછી એ પુસાની ખેતીવાડીની સંસ્થામાં દાખલ થયા અને યોગ્ય સમયે શાહી શાળામાં પણ ચડ્યા.

૧૯૦૫ની સાલમાં શ્રી પંચાનનનિયોગી, અને થોડી વાર પછીથી અતુલચંદ્ર ગંગુલી, આવા એમના હાથ નીચેના અભ્યાસીઓ હતા. બીજા એક અતુલચંદ્ર ઘોષ નામના અભ્યાસીએ પણ એમને એમનાં સંશોધનોમાં કીમતી મદદ કરેલી છે. એ લાહોરની સરદાર દયાલસિંગ કૉલેજના આચાર્ય નિમાયેલા પણ એ ત્યાર પછી જુવાનીમાં જ દેવલોક પામવાથી વધુ આગળ આવી શક્યા નહિ. પ્રો. ભટનાગર આ ઘોષના

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થી હતા, અને એથી જ હંમેશાં એ એમ કહેતા કે હું ડૉ. રાયનો રાસાયણિક શિષ્ય નહિ તો પ્રશિષ્ય – શિષ્યનો શિષ્ય — તો છું જ.

૧૯૦૯માં શ્રી પ્રફુલ્લબાબુએ હિંદુ રસાયણશાસ્ત્રનો બીજો ભાગ પ્રગટ કર્યો. આખો ગ્રંથ બર્થેલોટ કે જે ૧૯૦૭માં ગુજરી ગયા એમને સમર્પણ કરવામાં આવ્યો છે. એ ગ્રંથ પૂરો કરતાં એમને કેવી લાગણીઓ થઈ એ એની પ્રસ્તાવનાના નીચેના ઉતારા પરથી જણાશે.

"આ ગ્રંથ પાછળ છેલ્લાં પંદર વા તેનાથી વધુ વર્ષો થયાં મારા બચતના સમયની ક્ષણેક્ષણ મેં આપી છે. એટલે આ સ્વેચ્છાથી સ્વીકારેલા કાર્યની પૂર્ણાહુતિ કરતાં મારા મનમાં જે મિશ્ર લાગણીઓ થાય છે એ રોમન શહેનશાહતના ઇતિહાસકારને એનું કાર્ય પૂરું કરતાં જે લાગણીઓ થઈ હતી એનાથી ભિન્ન નથી. મારી આ લાગણીઓને હું એડમંડ ગિબનના પોતાના શબ્દોમાં સમજાવવાનું સાહસ કરું તો હું આશા રાખુ છું કે વાચક મને ક્ષમા આપશે. છુટકારાની પુનઃ પ્રાપ્તિથી થતી આનંદની પહેલી ઊર્મિઓ હું છુપાવીશ નહિ . . . પણ મારો ગર્વ થોડી જ વારમાં ગળી ગયો. અને એક જૂના મનપસંદ (લેખનકાર્યરૂપી) સાથીની મેં હવે કાયમી વિદાય લઈ લીધી એ વિચારથી મારા મનમાં ઊંડો શોક છવાઈ ગયો !

"હિંદુ પ્રજા, એનો કીર્તિવંત ભૂતકાળ અને એની વિશાળ, સુષુપ્ત શક્તિઓ જોતાં હજી વધુ યશસ્વી ભવિષ્યની આશા રાખી શકે. જો આ પાનાનું વાચન મારા દેશજનોને દુનિયાની પ્રજાઓના બૌદ્ધિક ક્ષેત્રમાં પોતાનું ગૌરવભર્યું પ્રાચીન સ્થાન પુનઃ પ્રાપ્ત કરવા ઉત્તેજે, તો મારી મહેનત વૃથા નહિ ગણાય."

આ ગ્રંથ પૂરો કરી રહ્યા પછી પ્રફુલ્લબાબુ પુનઃ સંશોધનના પોતાના કામમાં — એમના શબ્દોમાં લખીએ તો 'પોતાના પ્રથમ પ્રેમના પાત્રે પાછળ — પોતાનું બધું ધ્યાન અને પોતાની બધી શક્તિ રોકવા લાગ્યા. પ્રેસિડંસી કૉલેજની પ્રયોગશાળામાંથી હવે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકટ કરાયેલા લેખો અને સંશોધનોની યાદી જોનારના ધ્યાન પર એક નવી વાત એ ચડે છે કે, એમાંનાં ઘણાંખરાં પ્રફુલ્લબાબુ અને એમના શિષ્યોના સંયુક્ત નામથી જ બહાર પડેલાં છે. આ અકસ્માત નથી પણ પ્રફુલ્લબાબુના ગુરુપદની એક ખાસ કળા છે. આ સંબંધમાં નીચેના અર્થનું એઓ લખે છે: 'જ્યારે બીજા કોઈ માણસને આપણે ભાગીદારીમાં સામેલ કરીએ, ત્યારે શ્રેષ્ઠ નીતિ એનામાં પૂરો વિશ્વાસ મૂકવાની અને મળતા લાભમાં એનો પૂરો ફાળો લેવા દેવાની છે. એથી, એ ભાગીદાર પોતાના વડાનાં હિતો મારાથી જુદાં નથી એમ માનતો થાય છે અને પૂરી દિલોજાનીથી કામ કરે છે. ત્યારે પોતાની મોટાઈનો ખ્યાલ ન છોડવાથી ને અતડા રહેવાથી હાથ નીચેના માણસોનો વિકાસ થતો નથી; એટલું જ નહિ પોતે ધૂની બની જવાનો સંભવ રહે છે ને હાથ નીચેનાં માણસોની સલાહસૂચના ને ભૂલોથી એને સહેજે બચાવી શકત એ ભૂલોથી એ બચી પણ શકતો નથી. અસામાન્ય માણસની વાત જુદી છે; બાકી સામાન્ય માણસનું તો આવું જ થાય છે.'

૧૯૦૯ની સાલમાં આ રીતે એમને ઘણા સારા શિષ્યો મળ્યા. જ્ઞાનેન્દ્રચંદ્ર મુકરજી, જ્ઞાનેન્દ્રનાથ મુકરજી, માણિકલાલ ડે, સત્યેન્દ્રનાથ બોઝ, અને પુલિન બિહારી સરકાર આ વર્ષે વિજ્ઞાનના બીજા અર્થાત્ ઇંટરના વર્ગમાં દાખલ થયા. અને રસિકલાલ દત્ત અને નીલરતન ધાર બી. એસસી.ની પરીક્ષા માટે તૈયારી કરવા લાગ્યા. ઢાકા કૉલેજમાં વિજ્ઞાનની ઇંટરની પરીક્ષા પાસ કરીને શ્રી મેઘનાદ સહા પણ બી. એસસી.ના વર્ગમાં દાખલ થયા. ઘોષ, મુકરજી, સરકાર, સહા, અને ધાર પ્રેસિડંસી કૉલેજના ગ્રામવિસ્તારમાંથી આવેલા હોઈ, ઈડન છાત્રાલયમાં જ રહેતા. એ બધા વચ્ચે અસાધારણ મૈત્રી બંધાઈ અને હજી ઊગતા વૈજ્ઞાનિકો હોવા છતાં એમના ચારિત્ર્યમાં અવર્ણનીય એવું કૈંક એવું હતું કે પ્રફુલ્લબાબુ પણ તેમની તરફ આકર્ષાયા. છાત્રાલયમાં એમની ઓરડીઓ-માં એ જતા અને એઓ પ્રફુલ્લબાબુના સંધ્યાવિહારના નિત્ય સંગાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્યા. એમની વચ્ચેનો સંબંધ એટલો ગાઢ થયો કે જેટલો રાસાયણિક સંયોજનોમાં રાસાયણિક તત્ત્વોનો હોય છે!

શ્રી રસિકલાલ દત્તે રસાયણશાસ્ત્રના વિષયમાં નોંધપાત્ર યોગ્યતા બતાવી હતી; એમ. એસસી.ની પરીક્ષાની તૈયારી કરતી વખતે એઓ નાઇટ્રાઇટને અંગેનાં પ્રફુલ્લબાબુનાં સંશોધનોમાં સામેલ હતા. થોડા જ સમયમાં એમણે ધ્યાનપાત્ર મૌલિકતા બતાવી. છેલ્લી પરીક્ષા માટે એમણે જે મહાનિબંધ લખ્યો હતો તે લંડનની કેમિકલ સોસાયટીના પત્રમાં પ્રકટ કરાયેલો છે. કલકત્તા યુનિવર્સિટીના એ પ્રથમ ડી. એસસી. હોવાનું માન ધરાવે છે.

૧૯૧૦ની સાલમાં જિતેન્દ્રનાથ રક્ષિત નામક એક તેજસ્વી વિદ્યાર્થી એમને મળ્યો. એની વાત જરા આશ્ચર્યકારક છે. સેંઇટ ઝેવિયર્સ કૉલેજમાંથી એ બી. એસસી.ની પરીક્ષામાં બેઠેલો, પણ ઊડી ગયેલો. એના પરથી એને પરીક્ષા પ્રત્યે જ એક જાતનો વૈરાગ આવી ગયો! સરકારમાન્ય કૉલેજમાં જઈ શકાય તેમ ન રહ્યું હોવાથી એ રાષ્ટ્રીય શિક્ષણસભાની પ્રયોગશાળામાં કામ કરવા લાગ્યો. નકામી ગણી ફેંકી દેવાયેલી કાચની નળીઓના કકડાઓમાંથી એવાં પ્રયોગ-સાધનો બનાવવાની કળા એણે હસ્તગત કરી હતી, કે જે મેળવવા બીજાઓને ઇંગ્લંડ અને જર્મની તરફ મહિનાઓ સુધી મીટ માંડીને બેસી રહેવું પડતું! એક મિત્રે પ્રફુલ્લબાબુનું ધ્યાન એની શક્તિઓ અને કળા તરફ ખેંચ્યું. એમણે એને પોતાની પાસે રાખ્યો અને ટૂંક સમયમાં એમને લાગ્યું કે મને એક અસાધારણ શક્તિઓ ધરાવતો કારીગર મળી ગયો છે. એ નવનવ કલાક સતત કામ કરી શકતો. એમાઇન નાઇટ્રાઇટો જુદા પાડવામાં એણે એમને મદદ કરેલી છે. યોગ્ય સમયે એણે પણ મૌલિક સંશોધનની શક્તિ મેળવી અને બે એક વર્ષમાં એને હિંદી સરકારે પૃથક્કરણશાસ્ત્રી તરીકે પોતાના અફીણના ખાતામાં લઈ લીધો. પોરફીરોક્સીન જુદું પાડવાનો જશ એને ભાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. મોરફિન અને કોડેઇન (codeine)નો અંદાજ કાઢવાની એની રીતને પૃથક્કરણ–રસાયણના ગ્રંથોમાં સ્થાન મળેલું છે.

૧૯૧૧માં એમને હેમેન્દ્રકુમાર સેન નામનો એક બીજો સારો વિદ્યાર્થી મળ્યો. સિટી કૉલેજમાંથી બી. એસસી.ની પરીક્ષા પસાર કરીને એ એમ. એસસી. માટે પ્રેસિડંસી કૉલેજમાં એમની પાસે આવ્યો હતો. એ વિજ્ઞાનમાં હોશિયાર હતો એટલું જ નહીં અંગ્રેજી અને બંગાળી બંને ભાષા પર એનો સારો કાબૂ હોવાથી એ બંને ભાષામાં સારું લખી શકતો. પ્રફુલ્લબાબુનાં સાહિત્યિક લખાણોમાં એણે કેટલીક વાર એમને સારી મદદ કરેલી છે. ટેટ્રા મિથીલ એમોનિયમનાં એમનાં સંશોધનોમાં એ એમની જોડે ગાઢ સંબંધ ધરાવે છે. એ પદાર્થના વિઘટન (ડિકંપોઝિશન)થી ઊપજતા વાયુઓના પૃથક્કરણમાં એણે સાદા પ્રયોગસાધનોની રચના વડે એની સ્વતંત્ર પદ્ધતિઓ પ્રયોજેલી. ડી. એસસી.માં એ પહેલા વર્ગમાં આવ્યો અને પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મેળવીને એ વધુ અભ્યાસ માટે વિલાયત ગયો, ને લંડન યુનિવર્સિટીના પંડિતની (ડૉક્ટરની) પદવી મેળવી. ત્યાંના રાસાયણિક પત્રમાં પ્રગટ થયેલ એનો ડૉક્ટરેટ માટેનો મહા-નિબંધ ઉચ્ચ કોટિનો ગણાય છે. નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં ટ્યુશન કરી કરીને અને પાછળથી સિટી કૉલેજમાં આખા વખતના નહીં એવા વ્યાખ્યાતા (લેક્ચરર) તરીકે નોકરી કરીને એ આગળ વધેલો.

આ અને આવા બીજા પ્રખ્યાત શિષ્યોનાં નામ અને એમની યશગાથાઓ લખવા બેસતાં બહુ લંબાણ થાય એમ છે. એટલે ટૂંકમાં કહીએ તો, હિંદમાં પહેલી સાચી રાસાયણિક શાળાની સ્થાપના પ્રફુલ્લબાબુએ કરી છે એટલું જ નહિ, હિંદને ઘણા સારા સારા અને નામાંકિત શિષ્યો પણ આપ્યા છે. ગુજરાતમાં આચાર્ય ડૉ. કુંવરજી નાયક પણ એમના શિષ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

ત્રીજી વાર વિલાયત

૧૯૧૨માં લંડનમાં શહેનશાહતનાં વિશ્વવિદ્યાલયોની મહાસભાની પહેલી બેઠક મળી. એમાં કલકત્તા યુનિવર્સિટીએ પ્રફુલ્લબાબુને અને શ્રી દેવપ્રસાદ સર્વાધિકારીને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા.

આ વખતે લંડનમાં એમોનિયમ નાઇટ્રાઇટની બાષ્પ-ઘનતા (વેપર-ડેન્સિટી) વિષે એમણે એક ખાસ સભા સમક્ષ પોતાનો સંશોધનપત્ર વાંચ્યો હતો. રસાયણજગતમાં એથી કેટલોક ખળભળાટ થયો હતો! ૧૯૦૭માં એમણે બતાવી આપ્યું હતું કે એમોનિયમ-નાઇટ્રાઇટ, જેનું અસ્તિત્વ ત્યાર પહેલાં પાઠ્યપુસ્તકોમાં ફક્ત સૈદ્ધાંતિક દૃષ્ટિએ જ સ્વીકારાતું હતું, તેને ખરેખર જુદો પાડી શકાય છે એટલું જ નહિ, પણ શૂન્યાવકાશમાં તેનાં ફૂલ પણ પાડી શકાય છે; એમણે લખ્યું છે: 'કપૂરની જેમ જે પદાર્થ ઊડી જાય એની બાષ્પ-ઘનતા નક્કી કરી જ શકાય એ આધારે મેં મારો પ્રયોગ શરૂ કર્યો હતો. અને ઇંગ્લંડ જવા ઊપડતાં પહેલાં એને પૂરો કરવા ખાસ ચિંતા રાખી હતી. જેથી કરીને હું એનાં પરિણામો ત્યાં બતાવી શકું.' પ્રયોગ વ્યક્તિગત ધ્યાન માગે એવો હતો. લગભગ બે મહિના સુધી લાગલાગટ દસથી બાર કલાક સુધી એનું નિરીક્ષણ કર્યા કરવું પડ્યું હતું. આ પ્રયોગમાંથી શ્રી નીલરતન ધાર અને શ્રી તિનકોડી ડે નામના એમના બે યુવાન શિષ્યો એમની સાથે કામ કરતા હતા. લંડનની રસાયણ-સભા સમક્ષ આ સંશોધનપત્ર વંચાયો ત્યારે સભામાં શ્રોતાઓની હાજરી અસાધારણ હતી. સર વિલિયમ રૅમ્સેએ એમને મુબારકબાદી આપી હતી. અને રૉસ્કો નામના ૮૦ વર્ષના વૈજ્ઞાનિક જે સામાન્ય રીતે સભાઓમાં આવતા જ નહીં, પણ આ સભામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ હાજર રહ્યા હતા, એમણે પણ એનાં વખાણ કર્યાં હતાં. ૧૯૧૨ની ૧૫મી ઑગસ્ટના 'નેચર' નામક પત્રે લખ્યું છે, 'પ્રો. પી. સી. રાય જે ઍમોનિયમ નાઇટ્રાઇટને દર્શનીય રૂપમાં તૈયાર કરવામાં સફળ થયા છે, એમણે એ ઘણા ભાગેકુ સંયોજનની બાષ્પ-ઘનતા નિશ્ચિત કરી આપીને એક ઓર સિદ્ધિ મેળવી છે.'

મહાસભાની બેઠક લૉર્ડ રોઝબરીએ પોતાના ભાષણથી શરૂ કરી ત્યાર પછી, જ્યારે સર જૉસેફ ટૉમ્સન અને બીજા સુપ્રસિદ્ધ વક્તાઓએ ચર્ચાનો વિષય ખુલ્લો મૂક્યો ત્યારે, શ્રી સર્વાધિકારી જે પ્રફુલ્લબાબુની જોડમાં બેઠા હતા એમણે કલકત્તા યુનિવર્સિટી તરફથી બે બોલ કહેવા એમને આગ્રહ કર્યો. પણ મોટી સભા આગળ બોલતાં મને ક્ષોભ થાય છે ને વક્તૃત્વ તમારું જ સારું છે એમ કહી એમણે સર્વાધિકારીને માથે જ બોલવાનો ભાર નાખવા પ્રયત્ન કર્યો. પણ સર્વાધિકારી માથાના હતા. એમણે 'અહીં ચર્ચાતા વિષય પર તમે જ પ્રમાણભૂત ગણાઓ,' એમ કહી અનુમતિની વાટ જોયા વિના એક ચબરકી પર એમનું નામ વક્તા તરીકે સભાપતિ પર મોકલી આપ્યું! એટલે વારો આવતાં સભાપતિની આજ્ઞા માની એ પાંચ મિનિટ બોલ્યા. તત્કાલીન હિંદી સ્નાતકોની દશા અને કેળવણી પર પ્રકાશ નાખતું એ ભાષણ આખું અહીં ઉતારવું અનુચિત નહિ ગણાય.

"સાહેબ,

પ્રો. એચ. બી. એલન (મેલબોર્ન) અને પ્રો. ફ્રૅંક એલન (મનિટોબા) નામના સંસ્થાના મારા બિરાદર પ્રતિનિધિઓએ જે વજનદાર કથનો કર્યાં છે, એમાં સંમતિ દર્શાવવા હું ઊભો થાઉં છું.

"અનુસ્નાતકના અભ્યાસ માટે બ્રિટિશ વિદ્યાપીઠમાં આવતો હિંદી સ્નાતક પણ વિશિષ્ટ ગેરલાભોની સ્થિતિમાં મુકાય છે. હિંદી સ્નાતકના ગુણોનો ઉદારતર સ્વીકાર કરવા હું આગ્રહપૂર્વક વિનવણી કરું છું. એ હિંદી બનાવટનો માલ છે એટલા જ કારણે મને ભય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે એના પર ઊતરતાપણાની મહોર મરાયેલી હોય છે. મારો ખાસ વિષય જે રસાયણ તે વિષે હું અમુક વિશ્વાસથી બોલી શકું એમ છું. હમણાં થોડા વખતથી અનુસ્નાતક સંશોધનોમાં રોકાયેલા કેટલાક એવા તેજસ્વી વિદ્યાર્થીઓ છે, જેમનાં લખાણોને આગળ પડતાં બ્રિટિશ રાસાયણિક પત્રોમાં સારો આવકાર મળે છે. હું માની લઉં છું કે, એ વિદ્યાર્થીઓ ઠીક ઠીક ગુણવૈશિષ્ટ ધરાવે છે એમ મનાય છે. છતાં જ્યારે આ સંશોધનોના કર્તાઓ અહીં આવે છે અને એકાદી બ્રિટિશ પદવીની અભિલાષા કરે છે, ત્યારે પ્રાથમિક પરીક્ષાઓની ઘરેડમાંથી પસાર થવાની તેમને ફરજ પડાય છે! આની અસર અમારા યુવાનોના ઉત્સાહને પાછો પાડનારી અને થંભાવી દેનારી થાય છે. આગળના એક વક્તાએ જે એવી સૂચના કરી છે કે, આવા અભ્યાસીને એ પસંદ કરે તે ગુરુના હાથ નીચે થોડા વખત ઉમેદવાર તરીકે ગાળવા દેવો; અને ગુરુને સંતોષી શકે તો એ સાંસ્થાનિક કે હિંદી વિદ્યાર્થીને એના સંશોધનાત્મક નિબંધના જોર પર મોટામાં મોટી પદવી માટે પ્રયત્ન કરવા દેવો, એ સૂચના દોષરહિત ને વાજબી છે, એમ હું માનું છું.

"અનુસ્નાતક અભ્યાસીના ઉત્તેજનાર્થે માતબર ટ્રસ્ટફંડો અને શિષ્યવૃત્તિઓની જરૂર વિષે સર જોસેફ ટૉમ્સન બોલ્યા છે. કલકત્તા યુનિવર્સિટીએ ક્યારનીય થોડીક સારી અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ સ્થાપી છે અને વિશેષ સ્થાપવાની એ આશા રાખે છે. પરંતુ અત્રે બ્રિટિશ વિદ્યાપીઠોના જે પ્રતિનિધિઓ હાજર છે, એમને હું યાદ કરવા વીનવું છું કે હિંદમાં અમે અતિ પ્રાચીન કાળથી સાદું જીવન અને ઉચ્ચ વિચારોના ઊંચા આદર્શના સેવનને પ્રતિષ્ઠિત કરેલું છે. એટલે સરખામણીમાં અલ્પ એવાં વેતનો અને શિષ્યવૃત્તિઓથી અમે ઘણું સિદ્ધ કરવાની આશા રાખીએ છીએ.

"સાહેબ, હું એક ક્ષણભર પણ એવો દાવો કરતો નથી કે અમારી વિદ્યાપીઠોમાં અપાતું શિક્ષણ એ એની ભગિનીસમાન બ્રિટિશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠોમાં અપાતા શિક્ષણ જેટલું જ કાર્યક્ષમ છે. વસ્તુતઃ અમારે તમારી પાસેથી ઘણું શીખવાનું છે. પરંતુ હું આપને યાદ કરવા વીનવું છું કે ઘણી ઊણપો અને પાછાતતાઓ છતાં અમારી વિદ્યાપીઠોએ અમારા દેશનાં કેટલાંક તેજસ્વીમાં તેજસ્વી રત્નો ઉત્પન્ન કર્યાં છે. કલકત્તાનો સૌથી આગળપડતો ધારાશાસ્ત્રી — કાયદાના દરબારમાં આગળપડતી એવી પોતાની ઉચ્ચ શક્તિઓ માટે ભારતભરમાં સુવિખ્યાત એવો પુરુષ — કલકત્તા વિદ્યાપીઠનો સ્નાતક છે. કલકત્તાના સૌથી આગળ પડતા દાક્તરો અને સર્જનો પૈકી ત્રણ પુરુષો જેમણે પોતાના ધંધામાં અસાધારણ સફળતા મેળવી છે, તેઓ પણ મારી પોતાની વિદ્યાપીઠના સ્નાતકો છે. અમારા કુલપતિ અર્થાત્ વાઈસરૉયે પોતે જ સર આશુતોષ મુકરજીને એક પછી એક ત્રણ વાર અમારી વિદ્યાપીઠના કુલનાયક ચૂંટવાનું અનોખું માન આપ્યું છે! એ સર આશુતોષ પણ એ જ વિદ્યાપીઠની પેદાશ છે!

" સાહેબ, બેસી જતાં પહેલાં હું ફરી એક વાર અમારી કૉલેજોમાં અપાતા શિક્ષણનો ઉદારતર સ્વીકાર કરવાની આગ્રહપૂર્વક વિનંતી કરું છું."

બેઠક પૂરી થયા પછી ટ્રિનિટીના માસ્ટર ડૉ. બટલરે શ્રી સર્વાધિકારી અને પ્રફુલ્લબાબુની સમક્ષ આવીને પોતાની ઓળખાણ આપી હતી અને કેમ્બ્રિજની વિદ્યાપીઠની મુલાકાતે આવવાનું થાય ત્યારે બંનેને પોતાના મહેમાન બનવાનું આમંત્રણ આપ્યું હતું.

આ સફરમાં પ્રફુલ્લબાબુએ કેમ્બ્રિજ યુનિવર્સિટી ઉપરાંત, સરખામણીમાં નવી એવી શેફિલ્ડની વિદ્યાપીઠ પણ જોઈ હતી. અને બધે એમનું બહુમાન કરવામાં આવ્યું હતું. રૉયલ સોસાયટીની ૨૫૦મી સંવત્સરી પણ આ જ અરસામાં હતી એટલે એમાં પણ એ કલકત્તા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજર રહ્યા હતા. લંડનના લૉર્ડ મેયરે અને શહેનશાહે પોતે પણ ઉક્ત સોસાયટીના બધા સભ્યોને અને સંવત્સરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે બહારથી આવેલા પ્રતિનિધિઓને ખાણાં આપ્યાં હતાં; અને આવકારના મેળાવડા કર્યા હતા. પ્રફુલ્લબાબુ સ્વાભાવિક રીતે જ આ બધા મેળાવડા અને ખાણાંઓમાં હાજર રહેતા. પરંતુ આવા મેળાવડાઓ વખતે વૈધિક સુરાપાન પણ તેઓ નહોતા કરતા!

આ અરસામાં એમને સર આશુતોષ મુકરજી તરફથી નીચેનો પત્ર મળ્યો જેમાં યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ નામની નવી વિજ્ઞાન-વિદ્યાપીઠની સ્થાપનાની વાત હતી.

સૅનેટહાઉસ,
કલકત્તા
૨૫ મી જૂન, ૧૯૧૨

મારા વહાલા ડૉ. રાય,

તમને યાદ હશે કે છેલ્લી ૨૪મી ફેબ્રુઆરીને રોજ જ્યારે નિયામક સભા સમક્ષ વિદ્યાપીઠની કોટિનાં ગુરુપદોની સ્થાપનાનો પ્રશ્ન આવ્યો હતો, ત્યારે વિજ્ઞાનના ગુરુપદની (chair of science)ની સ્થાપના માટે કોઈ યોજના નથી કરવામાં આવી, એ માટે તમે ખેદ દર્શાવ્યો હતો. તત્ક્ષણ મેં તમને ખાતરી આપી હતી કે તમે ધારો છો એના કરતાં જલદી એવી સ્થાપના થવાનો સંભવ છે. તમને સાંભળીને આનંદ થશે કે મારી એ ભવિષ્યવાણી શબ્દશઃ સાચી પડી છે. અને તમારી અને મારી ઉચ્ચ અભિલાષા સિદ્ધ થઈ છે. અમે બે અધ્યાપક-પદોની સ્થાપના કરી છે:—એક રસાયણશાસ્ત્ર માટે અને એક ભૌતિકશાસ્ત્ર માટે. અમે એકદમ યુનિવર્સિટીની સંશોધન પ્રયોગશાળા પણ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ બધું અમે મિ. પાલિતની ઉદારતા-ને કારણે કરી શક્યા છીએ. અમારા અનામતફંડમાંથી અમે એ કામમાં અઢીલાખ રૂપિયાનો ઉમેરો કરીશું. ગયા શનિવારે નિયામક સભા સમક્ષ મેં જે નિવેદન કર્યું છે અને જેની એક નકલ આ સાથે તમને બીડું છું, એમાં અ પરિસ્થિતિ સમજાવી છે. હવે એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને રસાયણશાસ્ત્ર માટે યુનિવર્સિટીના આદિગુરુ થવા નોતરતાં મને ઘણો હર્ષ થાય છે. મને વિશ્વાસ છે કે તમે મારી માગણી કબૂલ રાખશો. મારે ઉમેરવાની ભાગ્યે જ જરૂર હોય કે હું બધું એવી રીતે ગોઠવીશ કે જેથી તમને આર્થિક દૃષ્ટિએ નુકસાન ન જાય. તમે આવશો કે તરત આપણે તમારી મદદથી ઉપર્યુક્ત પ્રયોગશાળાની યોજના તૈયાર કરીશું. અને જેમ બને એમ જલદી બાંધકામ શરૂ કરી દઈશું. તમે પાછા ફરો ત્યાર પહેલાં ગ્રેટ બ્રિટન અથવા યુરોપ ખંડની કેટલીક સારામાં સારી પ્રયોગશાળાઓ જોઈ વળવાનો સમય તમે કાઢી શકો તો લાભ થશે.

મને જાણીને આનંદ થાય છે કે તમને સી. આઈ. ઈ. બનાવવામાં આવ્યા છે. પણ મને લાગે છે કે એમ દશ વર્ષ પહેલાં કરવું જોઈતું હતું !

તમે મઝામાં હશો. અને ઇંગ્લંડની તમારી યાત્રાનો તમે લાભ ઉઠાવ્યો હશે એવી હું આશા રાખું છું.

આપનો સહૃદય

આશુતોષ મુખરજી

કલકત્તા પાછા ફર્યા પછી એ સર આશુતોષને મળ્યા, અને યુનિવર્સિટીની વિજ્ઞાન માટેની કૉલેજની આખી યોજનાને પોતાના પૂરા ટેકાની ખાતરી આપી અને એ શરૂ થાય ત્યારે એમાં જોડાવાનું વચન આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

પ્રેસિડંસી કૉલેજમાંથી નિવૃત્તિ

ઈ. સ. ૧૯૧૨માં ઇંગ્લંડથી પાછા ફર્યા પછી ૧૯૧૬ સુધી પ્રફુલ્લબાબુના જીવનમાં કોઈ ખાસ નોંધવા લાયક બનાવ બન્યો નથી. એમનું અધ્યાપન અને સંશોધન ચાલુ હતું. અને દસમા પ્રકરણમાં દર્શાવેલ શિષ્યમંડળ પ્રતિવર્ષ વધ્યે જતું હતું. એફ. વી. ફર્નાન્ડીઝ, રાજેન્દ્રનાથ ડે, અને પ્રફુલ્લચંદ્ર ગુહાનાં નામ આ શિષ્યોમાં નોંધપાત્ર છે. પહેલા બંનેએ બીજા જોડે મળીને તેમ જ સ્વતંત્ર રીતે સંશોધનો કરેલાં છે. જ્યારે પ્રફુલ્લચંદ્ર ગુહાએ પ્રફુલ્લબાબુની પારાના નાઇટ્રાઇટ વડે બનતી ગંધકની બનાવટોનાં સંશોધનોમાં સાથ આપ્યો છે એટલું જ નહિ, ગંધકનાં સંયોજનો વિષે સ્વતંત્ર સંશોધનો કરીને ક્રુન્ડ, અર્ન્ડટ અને બૂશ જેવા પાકા પંડિતોએ રજૂ કરેલ કેટલાંક સૂત્રો (ફોર્મ્યુલા) પુરવાર ન થઈ શકે એવાં છે એ પણ બતાવી આપ્યું છે! ઢાકા યુનિવર્સિટીમાં માન સાથે બી. એસસી. પાસ કરીને શ્રી. ગુહા ત્યાંના અધ્યાપક પ્રો. વૉટસનના હાથ નીચે આગળ વધવા માગતા હતા. પરંતુ એ રજા પર જવાથી રખડી પડાય એમ હતું. એથી એમની ખાસ કરુણ વિનંતીથી પ્રફુલ્લબાબુએ એમને પોતાની પાસે બોલાવી લીધેલા! એ પ્રફુલ્લબાબુના હાથ તળે ભણીને એમ. એસસી.માં પહેલે નંબરે પાસ થયેલા અને પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મેળવી પાછળથી ડી. એસસી. પણ થઈ આવેલા છે.

સામાન્ય રીતે સરકારી નોકરીમાંથી માણસ ૫૫ વર્ષે નિવૃત્ત થાય છે. પણ ગયા પ્રકરણને અંતે સૂચવેલા ખાસ આમંત્રણને માન આપી પ્રફુલ્લબાબુએ ૫૪ વર્ષની ઉમરે પ્રેસિડંસી કૉલેજમાંથી નિવૃત્ત થયા. અને ૧૯૧૬માં દુર્ગાપૂજાના તહેવારો પછી સર આશુતોષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢેલી નવી યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સમાં રસાયણશાસ્ત્રના મુખ્ય અધ્યાપક બન્યા.

જે કૉલેજમાં એમણે જીવનભર કામ કર્યું અને જ્યાં કામ કરતાં કરતાં એ રસાયણશાસ્ત્રના એક અજાણ્યા અધ્યાપકમાંથી જગપ્રસિદ્ધ રસાયણ-પારંગત થયા, એ કૉલેજ છોડતાં સ્વાભાવિક રીતે એમને ઘણું જ દુઃખ થયું હતું. ત્યાંના વિદ્યાર્થીઓ તરફથી યોજાયેલા વિદાયસમારંભ વખતે વિદ્યાર્થીઓએ એમને આપેલા ભાવભીના માન-પત્ર પરથી અને એના જવાબમાં એમણે પોતે જે કહેલું તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે.

વિદ્યાર્થીઓના માનપત્રમાં લખ્યું હતું:

"સાહેબ, કૉલેજને પડતી આપની ખોટ કદી નહિ પૂરી શકાય એમ અમને ભય છે. માણસો આવશે અને જશે પણ સ્વભાવની જે મધુરતાથી, સાદાઈની જે બળવત્તાથી, સેવાભાવનાની જે અથાકતાથી, સંસ્કારિતાની જે વિશાળતાથી, ચિંતન અને ચર્ચાની જે સુજ્ઞતાથી ત્રીસ વર્ષ યા તેથી વધારે સમય સુધી આપે આપના વિદ્યાર્થીનાં મન હરી લીધાં છે તે અમે ફરીથી સંભવતઃ ક્યાં મેળવવાની આશા રાખી શકીશું?

"સાહેબ, આપની સિદ્ધિ ખરેખર નાનીસૂની નહોતી. તમારી જીવનની રીતિ અને એની સ્પષ્ટ ભારતીય વિશિષ્ટતાઓ ભારતીય સંસ્કૃતિના સાદા, મધુર અને પુરુષાર્થકાળનું સ્મરણ કરાવતી હતી. અહીંના આપના સમગ્ર જીવન પર્યંત આપ અમારા માર્ગદર્શક, તત્ત્વચિંતક, અને મિત્ર રહ્યા છો. અમારે મન આપ પ્રાચીન ગુરુનો પુનરવતાર છો; પ્રાચીન ભારતીય આધ્યાત્મિકતાના ખજાનાની એક પ્રકાશમૂર્તિ છો, પ્રેરણામૂર્તિ છો; તમને મળવામાં કદી મુશ્કેલી નહિ, તમારું વદન હંમેશાં કેવું ખુશમિજાજ! તમારું દિલ અને નાણાં કોથળી હંમેશાં સલાહ-સૂચના, અને નાણાંની ભીડવાળા ગરીબ વિદ્યાર્થીની વહાર કરવા કેવું તત્પર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારું જીવન કેવું દૃઢ, કેવું બ્રહ્મચારીની સાદગીવાળું અને શાંતપ્રશાંત ગહન એવા દેશપ્રેમવાળું!

"આધુનિક યુગમાં હિંદે મેળવેલી બૌદ્ધિક સિદ્ધિઓનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે આધુનિક રસાયણશાસ્ત્રના સ્રષ્ટા તરીકે આપના નામનો ઉલ્લેખ થશે. આપણા દેશમાં રાસાયણિક સંશોધનના ક્ષેત્રમાં પહેલ કરનાર હોવાનું અને દેશને વૈજ્ઞાનિક જિજ્ઞાસાની પ્રેરણા પાનાર અગ્રણી હોવાનું માન અને કીર્તિ આપને ભાગે જાય છે. હિંદુ રસાયણશાસ્ત્રના આપના ઇતિહાસે ભારતીય સિદ્ધિઓનું નવું પ્રકરણ ઉઘાડ્યું છે અને ભૂતકાળના અંધકાર પર એવો પુલ બાંધી આપ્યો છે કે જેના પર જઈને યુવાન સંશોધનકારો નાગાર્જુન અને ચરક જેવા આત્માઓ સાથે હાથ મિલાવી શકે છે!

"આપની સિદ્ધિઓ આટલી જ નથી. રસાયણશાસ્ત્રના સૈદ્ધાન્તિક અભ્યાસે આપને એનો પ્રયોગ દેશનાં કુદરતી સાધનો પર અજમાવવાને પ્રેર્યા છે. બહારની મદદ સિવાય હિંદી વિજ્ઞાન અને વ્યાપારી સંગઠન શું કરી શકે છે એનું બેંગાલ કેમિકલ ઍન્ડ ફાર્મસ્યૂટિકલ વર્ક્સ એ જીવતું જાગતું સાક્ષી છે. . . ."

લાગણીથી કંપતા અવાજે પ્રફુલ્લબાબુએ જવાબ આપતાં જણાવ્યું હતું:

"મારી પુરાઈ રહેલી લાગણીઓને યોગ્ય શબ્દો આપવામાં હું નિષ્ફળ જાઉં તો મને ક્ષમા મળશે એવી આશા રાખું છું. જે માયાળુ શબ્દો, અરે! પ્રશંસાયુક્ત વાણીમાં તમે મારો ઉલ્લેખ કરવાની કૃપા કરી એથી હું ગૂંચવાઈ ગયો છું, ને હારી ગયો છું! હું જાણું છું કે આવા પ્રસંગે તમે મારા ઘણા દોષો અને ઊણપો વિષે વધારે પડતી ઉદારતા અને ક્ષમાવૃત્તિ દાખવો અને મારા સદ્‌ગુણો વિષે — જો તમને કોઈ જડ્યા હોય તો — તમે એટલો જ અઘટિત ભાર મૂકો એ સ્વાભાવિક છે. એમ છતાં એ વાત જવા દો. ગૃહસ્થો, મારા વહાલા મિત્ર અને પ્રતિષ્ઠિત સાથીએ (સર જગદીશચંદ્ર બોઝ તરફ આંગળી કરીને) અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ (પોતાના તરફ આંગળી કરીને) નમ્ર સેવકે લગભગ ૩૦ વર્ષ સુધી પડખોપડખ સાથે રહીને પોતપોતાના વિભાગમાં કામ કર્યું છે અને સારા તેમ જ માઠા સમાચારની વેળાએ એકબીજાને ઉત્સાહિત કર્યા છે, એ વસ્તુને મેં ઘણી વાર દૈવી નિર્માણ જેવી માની છે. મને વિશ્વાસ છે કે જે ઝાંખી જ્યોત જગવવાનું અમારે ભાગે આવેલું હતું, એને અમારા વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પેઢીઓ જાગતી રાખશે અને એની તેજસ્વિતા, વિસ્તૃતતા અને ઉગ્રતા વધતી વધતી આપણી સારીયે વહાલી માતૃભૂમિને પ્રકાશિત કરશે. કદાચ તમારામાંના કેટલાકને ખબર હશે કે, જેને સાધારણ રીતે દુન્યવી દોલત અથવા ભંડાર કહેવામાં આવે છે, એની મેં ઝાઝી પરવા કરી નથી; એમ છતાં, જો કોઈ મને પૂછે કે તમે પ્રેસિડંસી કૉલેજની કારકિર્દીમાં કેટલી પૂંજી એકઠી કરી, તો હું એને પ્રાચીન કૉર્નેલિયાના શબ્દોમાં જવાબ આપીશ. તમે બધાએ એ રોમન બાનુની વાત સાંભળી હશે કે, એક વખત એક ઉમદા ખાનદાન બાનુ એને ઘેર ગઈ હતી અને પોતાનાં ઘરેણાંગાંઠાં અને ઝવેરાતની બડાશ મારતી હતી. અને કહેતી હતી કે કોર્નેલિયા, જોઉં તો ખરી તમારાં ઝવેરાત કેવાં છે? કોર્નેલિયાએ એને કહ્યું, 'થોડી વાર ખમી જાઓ, મારા બે દીકરા નિશાળે ગયા છે તેમને આવવા દો.' પછી જ્યારે એ દીકરા ઘેર આવ્યા, ત્યારે એમની તરફ આંગળી કરીને એ સગર્વ બોલી, 'આ મારું ઝવેરાત છે, જુઓ!' વખતોવખત મારી આજુબાજુ એકઠા થયેલા એકનિષ્ઠ કાર્યકરોના થોડા જ પ્રતિનિધિઓનું નામ લઉં તો મારે પણ કૉર્નેલિયાની જેમ મારા રસિકલાલ દત્ત, નીલરતન ધાર, જ્ઞાનેન્દ્રચંદ્ર ઘોષ, જ્ઞાનેન્દ્રનાથ મુખરજી જેવા શિષ્યો તરફ આંગળી ચીંધવી જોઈએ!

"સદ્‌ગૃહસ્થો, હું પ્રેસિડંસી કૉલેજ સાથેનો મારો સંબંધ કાપી રહ્યો છું એમ માનવું મારે માટે અસંભવિત છે. મારાં બધાં હૃદયસ્થ સંસ્મરણો એની આજુબાજુ વીંટળાયેલાં છે. રાસાયણિક પ્રયોગશાળાનો ખૂણેખૂણો અરે એનો ઈંટચૂનો પણ સુવાસિત સ્મરણોનો સૂચક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે હું સંભારું છું કે આ પિતૃસંસ્થા જોડે જોડાયેલી ઉપસંસ્થા સમી હેર સ્કૂલમાં હું ચાર વર્ષ ભણ્યો છું અને આ કૉલેજના વિજ્ઞાન-વિભાગમાં બીજાં ચાર વર્ષ મેં વિદ્યાર્થી તરીકે ગાળેલાં છે, ત્યારે તરત જણાય છે કે તમારી કૉલેજ સાથેનો મારો સંબંધ ૩૫ વર્ષ જેટલા ગાળા સુધી વિસ્તરેલો છે! આ વિદ્યાશાળાની પવિત્ર ભૂમિ પર ક્યાંક મારી રાખની એક મૂઠી સાચવી રખાય એવી મારી મરણ વખતની ઇચ્છા હશે. સદ્ગૃહસ્થો, મને ભય છે કે જે મર્યાદામાં રહીને બોલવાનું મેં ધાર્યું હતું, તે મર્યાદા હું ચૂકી ગયો છું. તમે મને જે સુંદર માન-પત્ર આપ્યું છે એને માટે હું મારા હૃદયતલથી એક વાર ફરીથી તમારો આભાર માનું છું; અને તમને વિશ્વાસ આપું છું કે આજના પ્રસંગનું સ્મરણ હું જીવતાં સુધી નહિ ભૂલું."

૧૩

યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ

યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સના નવા કાર્યક્ષેત્રમાં એમને જે શિષ્યો મળ્યા, એમાં પ્રિયદારંજન રાય, પુલિનબિહારી સરકાર, જ્ઞાનેન્દ્રનાથ રાય, જોગેન્દ્રચંદ્ર બર્ધન, પ્રફુલ્લકુમાર બોઝ, ગોપાલચંદ્ર ચક્રવર્તી અને મનમોહન સેન અગ્રનોંધને પાત્ર છે અને એમાં પણ પ્રો. પ્રિયદારંજન રાય તો સવિશેષ નોંધને પાત્ર છે.

પ્રફુલ્લબાબુ જણાવે છે: "મારાં લખાણો છપાવતાં પહેલાં એમને બતાવવાનો મેં નિયમ કરેલો છે. ૧૯૨૬ની સાલમાં મળેલી હિંદી રાસાયણિક સભાની વાર્ષિક સભાઓના મંચ પરથી પ્રમુખ તરીકે અપાયેલાં મારાં ભાષણો મુખ્યત્વે એમના વિચારો અને સૂચનો પર રચાયેલાં છે. એમના કરતાં વધારે સંકોચશીલ અને શાંત કાર્યકર ભાગ્યે જ જોવામાં આવે છે. હિંદી પદવી ઊતરતી અને યુરોપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડતી એવી લઘુતાગ્રંથિથી એ સર્વથા મુક્ત છે...એમણે અદ્યાપિ જે વીસેક સંશોધનપત્રો લખ્યા છે એમાંનો કોઈ પણ, કોઈ પણ વિદ્યાપીઠ સમક્ષ, પદવી માટે રજૂ કરાય તો એને ડૉક્ટરની પદવી એનાયત કરવી પડે એમ છે; છતાં એવું કશું જ કરવાની એ ના પાડે છે!"

યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સની તેમની નવી જગાએ પ્રફુલ્લ-બાબુ ખનિજ રસાયણ શીખવતા. એમને સાધનોની ખોટ પડતી પણ તેઓ ગમે તેમ કરીને ગાડું ગબડાવતા. પરંતુ ભૌતિક રસાયણ અને ભૌતિકશાસ્ત્રના ખાતામાં તો સાધનોનો લગભગ અભાવ જ હતો! કલકત્તા યુનિવર્સિટી પાસે પૈસા નહોતા ને ફક્ત હિંદી અધ્યાપકો દ્વારા જ ચલાવવાની શરતે મળેલ ટ્રસ્ટફંડોના જોર પર સ્થપાયેલા આ વિદ્યાલયને કાંઈ પણ મદદ કરવાનું સરકારને દિલ નહોતું! પ્રફુલ્લબાબુએ લખ્યું છે કે, 'બૅંગ્લોર ઇન્સ્ટિટ્યૂટ જે વાર્ષિક ૬½ લાખની આવક ધરાવે છે એને હિંદી સરકાર ૧½ લાખની મદદ આપે છે. જોકે એ સંસ્થા અધિકાંશે સફળ ગણાતી નથી અને એના સંચાલનની રીતો વિરુદ્ધ હિંદભરમાં લોકમત જાગ્રત થયેલો છે. બાદશાહી પગાર આપી આપીને ગોરાઓ રાખવામાત્રથી જો કોઈ પણ કેળવણીની સંસ્થા સફળ થઈ જતી હોત, તો એ સંસ્થા ક્યારની સફળ થઈ ગઈ હોત!'

મુંબઈનું રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બાવીસ લાખના ખર્ચે સ્થપાયું હતું. એમાં શરૂઆતમાં જ સરકારે પાંચ લાખ રૂપિયા મદદ કરી હતી. એનું વાર્ષિક ખર્ચ પ્રફુલ્લબાબુએ આ ટીકા લખી ત્યારે એમના આંકડાઓ પ્રમાણે ૧½ લાખ રૂપિયા હતું. જેમાંથી રૂ. ૨૫,૦૦૦ તો સરકાર પાસે પડેલા એ સંસ્થાના મૂળ ફંડનાં વધેલાં નાણાંના વ્યાજના આવતા! છતાં, પ્રાંતિક સરકાર એને સારી મદદ કરતી. પણ બંગાળ સરકાર આ કલકત્તાના વિજ્ઞાન-વિદ્યાલયને ભૂખે મારતી અથવા તો પોતાના પગ પર ઊભા રહેવાની શિખામણ આપતી!

૧૯૨૬માં બ્રિટિશ શહેનશાહતની વિદ્યાપીઠોની મહાસભા કેમ્બ્રિજ ખાતે મળી ત્યારે પાછા પ્રફુલ્લબાબુ ત્યાં કલકત્તા યુનિવર્સિટીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિનિધિ તરીકે ગયા હતા. એમણે આ મહાસભામાં પોતાની ઉપર્યુક્ત ફરિયાદ ઉઠાવી હતી અને કેળવણીની બાબતમાં હિંદી તેમ જ પ્રાંતિક સરકારોની કંજૂસાઈની ઝાટકણી કાઢી હતી.

તેમણે જણાવ્યું કે, "અમારી સાયન્સ-કૉલેજનું અસ્તિત્વ બંગાળાના બે મહાન પુત્રોની ઉદારતાને આભારી છે. એમાંના પહેલા — સર ટી. એન. પાલિતે પોતાના અવસાન પૂર્વે થોડા સમય પર એને માટે પંદર લાખ આપેલા છે; જે એક લાખ સ્ટર્લિંગ જેટલા કહી શકાય. એ ભાઈ કેવળ એક ધારાશાસ્ત્રી હતા. અને એ દાન કરતાં એમને લગભગ પોતાનાં બાળકોનો વારસાહક ડૂલ કરવો પડ્યો હતો; કારણ સાયન્સ-કૉલેજની સ્થાપના અર્થે એમણે લગભગ પોતાની બધી સંપત્તિનું દાન કરેલું છે.

"એમના જેવા બીજા પુરુષ સ્વ. રાસબિહારી ઘોષ છે. એ પણ ધારાશાસ્ત્રી હતા. એમના ધંધામાં એ સૌથી આગળપડતા અને બુદ્ધિશાળી પુરુષો પૈકી ગણાતા. એમણે પણ લગભગ પોતાનું સર્વસ્વ — સુમારે એકસો પચાસ હજાર પાઉંડ વિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસાર્થે સમર્પણ કરેલા છે. હિંદીઓ તરફથી અમને હરેક પ્રકારની મદદ મળેલી છે અને અમારી કૉલેજ લગભગ ૬૦ લાખ રૂપિયાની ઇસ્કામત ધરાવે છે.

"પણ આખી કરુણકથા અહીં જ શરૂ થાય છે. જ્યારે જ્યારે અમે હિંદી સરકાર પાસે કે બંગાળ સરકાર પાસે ધા નાખીએ છીએ, ત્યારે હું ક્યારનો કહી ચૂક્યો છું એમ અમને એમ કહેવાયું છે કે 'નાણાં નથી. ક્યાંથી આપીએ ?' જોકે મહાભારત એવી શાહી યોજનાઓનો અમલ કરવાનો હોય છે ત્યારે તો નાણાંની પાણીની જેમ રેલંછેલ થાય છે! મારી ગણતરી પ્રમાણે અમને ૯૮ ટકા લોકોની મદદ છે, જ્યારે બે જ ટકા સરકારી મદદ છે!"

આમ છતાં 'સૂર્ય છૂપે નહીં બાદલ છાયો' અને 'કર્મ છૂપે ન ભભૂત લગાયો' એ ન્યાયે સાધનહીન શ્રી જ્ઞાનેનચંદ્ર ઘોષે 'ઘોષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ' તરીકે ઓળખાતો નિયમ શોધી કાઢ્યો. મેઘનાદ સહાએ પણ એવી જ મુશ્કેલીઓ સામે ઝૂઝતાં ઝૂઝતાં ત્યાં ' સહાનું ઇક્વેશન ' શોધી કાઢ્યું હતું.

એક બાજુ હોશિયાર વિદ્યાર્થીઓ આ પ્રમાણે પુરુષાર્થ કરતા હતા, ત્યારે બીજી બાજુ સર આશુતોષ અને બીજાઓ યુદ્ધસમયની ચાલુ મુશ્કેલીઓ હોવા છતાં જોઈતાં સાધનો મેળવવાના બીજા માર્ગોએ ફરી વળતા હતા. એમ કરતાં કાસિમ બજારના મહારાજા જેમણે બરહામપુરની પોતાની કૉલેજમાં ભૌતિકશાસ્ત્રનો ' ઑનર્સ 'નો અભ્યાસક્રમ ઉઘાડવા માટે કેટલાંક કીમતી પ્રયોગસાધનો ખરીદેલાં હતાં, એમણે એ યોજના પડતી મુકાતાં સર આશુતોષની વિનંતીથી એ સાધનો સાયન્સ-કૉલેજને ભેટ આપ્યાં. અને સિબપુરની ઇજનેરી કૉલેજના પ્રો. બ્રુહ્લે પણ કેટલાંક સાધનો ઉછીનાં આપ્યાં. બીજું એક સાધન જેની પ્રફુલ્લબાબુને ઘણી જરૂર હતી, એ એમણે સેંટ ઝેવિયર્સ કૉલેજ પાસેથી ઉછીનું મેળવ્યું ને એમ નવી કૉલેજનું ગાડું ગબડાવ્યું !

પ્રોફેસર સી. વી. રામન જેમણે પાછળથી નોબેલ પ્રાઇઝ મેળવ્યું એમણે પોતાની ' રામન અસર ' નામથી ઓળખાતી શોધ આ સાયન્સ-કૉલેજમાં અધ્યાપન કરતાં કરતાં જ કરેલી છે. પ્રફુલ્લબાબુ પોતાનાં સંસ્મરણોમાં સાચું લખે છે કે ' વિજ્ઞાનના આ મંદિરે ફક્ત એક રામન જ આપ્યા હોત, બીજું કાંઈ નહિ, તોપણ એના સંસ્થાપકની ઉચ્ચ આકાંક્ષાની સુયોગ્યતા એથી પૂરતી પુરવાર થાત.'

આ સાયન્સ-કૉલેજમાં ગયા પછી ઈ. સ. ૧૯૨૪માં કલકત્તામાં પ્રફુલ્લબાબુના પ્રમુખપદે પ્રથમ હિંદી રસાયણ-સમાજની સ્થાપના થઈ. ને એના તરફથી એક મુખપત્ર પણ શરૂ થયું જેથી હિંદમાં થતી રાસાયણિક શોધો પ્રગટ કરવાને માટે ઇંગ્લંડ, જર્મની, અમેરિકાનાં રાસાયણિક પત્રો પાસે જવાની જરૂર રહી નહિ.

આ સાયન્સ-કૉલેજમાં શ્રી પ્રફુલ્લબાબુએ ૧૯૩૭ સુધી સેવા આપી. ઈ. સ. ૧૯૨૨માં એમણે એ પદેથી નિવૃત્ત થવા કલકત્તા યુનિવર્સિટીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજા માગેલી. પણ યુનિવર્સિટીએ એમને ઓછામાં ઓછાં બીજાં પાંચ વર્ષ એ પદે ચાલુ રહેવા વિનંતી કરેલી. એ વિનંતી એમણે સ્વીકારી ને પાંચ જ નહિ પણ બીજાં પંદર વર્ષો એને પોતાની સેવા આપી. એ નોકરીની ભાવનાથી એમાં કદી નહોતા જોડાયા. એમને મન તો રસાયણશાસ્ત્રનું શિક્ષણ આપવું અને એ વિષયના સંશોધનોમાં મચ્યા રહેવું, એ પોતાના જીવનધર્મનો જ એક અગત્યનો ભાગ હતો. પરંતુ, ૧૯૨૨ પછીનાં ૧૫ વર્ષ તો એમણે કેવળ સેવાબુદ્ધિથી જ ત્યાં આપેલાં; કારણ એ ગાળા દરમિયાનનો પોતાનો બધો પગાર એ ઉક્ત વિદ્યાલયના રસાયણ-વિભાગને સાધન ઇ૦ થી સમૃદ્ધ અને વિકસિત કરવા માટે સમર્પણ જ કરતા! 'મૉડર્ન રિવ્યૂ'ના સંપાદકના કથન અનુસાર એમણે કલકત્તા યુનિવર્સિટીને લગભગ બે લાખ રૂપિયાનું દાન કરેલું છે. અને ઈ. સ. ૧૯૪૪ના જૂન મહિનામાં એમનું અવસાન પણ એ કૉલેજની ભૂમિ પર જ થયેલું છે. એ રીતે જોતાં પ્રેસિડંસી કૉલેજ તેમ જ આ પાલિત સાયન્સ-કૉલેજ બંને આધુનિક હિંદી રસાયણ-શાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે યાત્રાનાં ધામ બની ગયાં છે!

૧૪

જીવનનો પરમ પ્રવૃત્તિકાળ

શ્રી પ્રફુલ્લબાબુ લખે છે: "૧૯૨૧ની સાલથી મેં ખાદીના અને રાષ્ટ્રીય કેળવણીના પેગામનો પ્રચાર કરવામાં આગળપડતો ભાગ લીધો છે; અને હું દેખીતી રાજકીય હિલચાલોમાં આકર્ષાયો છું. અનેક જિલ્લા પરિષદોનું પ્રમુખપદ મારે લેવું પડેલું છે. અને દલિત વર્ગોની પરિષદોનું સુકાન સંભાળવું પડેલું છે; આ બધા ઉપરાંત ૧૯૨૧ના ખુલના વિભાગના દુકાળના સંબંધમાં તેમ જ ૧૯૨૨ના ઉત્તર બંગાળના રેલસંકટ વગેરેમાં સંકટનિવારણ-સમિતિઓની આગેવાની કરવાનું મારે માથે નાખવામાં આવેલું છે. જાડી ગણતરી કરી જોતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે કે (ભારતવર્ષના) આ વિશાળ ખંડભરમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ હું અનેક વાર ફરી વળ્યો છું. અને છેલ્લાં દશ વર્ષમાં ભગભગ બે લાખ માઈલની મુસાફરી મેં કરી છે. તદુપરાંત ૧૯૨૦માં ચોથી વાર અને ૧૯૨૬માં પાંચમી વાર મેં ઈંગ્લંડની સફર પણ ખેડેલી છે."

મહાત્મા ગાંધીના અને દેશના, રૉલેટ-ઍક્ટ સામેના પુણ્યપ્રકોપ અને જલિયાનવાલા બાગની કતલથી જન્મેલા, ઉગ્ર મનોમન્થનથી ઈ. સ. ૧૯૨૧માં અસહકારની જે પ્રચંડ પ્રવૃત્તિનું મોજું દેશભરમાં ફરી વળ્યું, તેમાં અધ્યાપક-સંશોધક તરીકેનો પોતાનો વિશિષ્ટ ધર્મ ચૂકયા વિના, પોતાને મળેલો કોઈ પણ ફલકાળ ફગાવી દીધા વિના અને સરકાર જોડે સીધી કે આડકતરી રીતે સંકળાયેલી શિક્ષણસંસ્થામાંથી છૂટા થયા વિના એમણે લેવાય એટલો પૂરો ભાગ લીધો છે એમ કહી શકાય. બંગાળાની રાષ્ટ્રીય શિક્ષણ સમિતિ (નેશનલ કાઉન્સિલ ઑફ ઍજ્યુકેશન)ના એ પ્રમુખ થયા; અને મહાત્મા ગાંધીની ખાદીપ્રવૃત્તિના અડંગ પ્રચારક થયા. બધા બુદ્ધિપ્રધાન માણસોની જેમ શરૂઆત એમણે ખાદીના ઉપહાસથી કરી હતી; પણ અંતે એ ખાદીના પરમ ઉપાસક એવા પહેલા વૈજ્ઞાનિક થઈ ગયા.

એ પોતાની આત્મકથામાં લખે છે: "ખાદી વિષેનાં છેલ્લાં સાત-આઠ વર્ષનાં મારાં ભાષણો અને લખાણો એકત્ર કરવામાં આવે, તો એક મોટો ગ્રંથ થાય. છતાં આપણા બુદ્ધિપ્રધાન લોકો પૈકીનો એક વર્ગ જે ક્રિયાત્મક કે સર્જનાત્મક કશું જ કરતો નથી, પણ કેવળ પરોપજીવી જીવન ગુજારે છે, અને મોટાં શહેરોમાં આરામ ખુરસીઓમાં પડ્યે પડ્યે સસ્તી હાંસીમાં અને મહેણાંમારીમાં અને ટોણાબાજીમાં રાચ્યા કરે છે, એમની કઠોર ઉપેક્ષા જોતાં આ વિષય પર ભાર મૂકયા કરવાની જરૂર છે. રેંટિયો એ માત્ર યથાર્થ આશીર્વાદ જ નથી, દુકાળનો એ તો વીમો છે. ઉત્તર બંગાળામાં હમણાં જે બની ગયું છે, એનાથી આ સાબિત થઈ ચૂકયું છે. ૧૯૨૨–૨૩ના રેલસંકટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવારણના કામ વખતે અત્રાઈ (રાજશાહી) અને તાલોરા (બોગ્રા)ની આજુબાજુનાં અમુક કેન્દ્રો આ દિશાના પ્રયોગો માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. ભયંકર સંકટવેળાએ હજારેક રેંટિયા વહેંચવામાં આવ્યા હતા, અને ચારપાંચ મહિનાને અંતે મણબંધી સૂતર એકત્ર કરવામાં આવ્યું હતું. સ્થાનિક વણકરોએ એને ત્યાં જ વણ્યું પણ હતું; અને એમ એ વણકરોને વિશેષ રાહત મળી હતી. આઠથી દસ આંકના સૂતરથી શરૂઆત કરતાં કરતાં અમે ત્રીસથી ચાળીસ આંકના સૂતર સુધી પહોંચી ગયા છીએ. તદુપરાંત કાંતનારાઓએ પોતાની પ્રાચીન કુશળતા મેળવી લીધેલી હોવાથી સૂતર ઠીકઠીક સસ્તું પડવા માંડ્યું છે. (અને) વેપારની મંદીને (૧૯૩૧) લીધે શણની કિંમતમાં અસાધારણ ઘટાડો થઈ જવાથી કાંતનારાઓની રેંટિયા વગેરેની માગણીઓથી અક્ષરશઃ અમે ઘેરાઈ ગયા છીએ. . . . રોકડ નાણાંની મદદ, જે આપે છે તેનું અને લે છે તેનું, એમ બંનેનું પતન કરે છે. જ્યારે સ્વમાનપૂર્વકની આ રોજી મદદ લેનારને માનસિક રાંકતામાંથી ઉગારી લે છે."

હિંદ ખેતીપ્રધાન અને ગ્રામપ્રધાન દેશ છે અને મોટે ભાગે એવો રહેવાનો છે એવું એ માનતા. અને એથી કહેતા કે કાંતણ અને વણાટ જ હિંદમાં સાર્વત્રિક થઈ શકે એવો ગ્રામોદ્યોગ છે.

ઉદ્યોગીકરણ બાબતમાં એ લખે છે: 'મુંબઈની કાપડની મિલો હુગલીની શણની મિલોની જેમ અત્યારે ત્રણથી ચાર લાખ માણસને કામ આપે છે. બીજા એક બે લાખ માણસને કાનપુરની મિલો કામ આપે છે. હિંદનાં ઔદ્યોગિક કેન્દ્રોમાં વધારેમાં વધારે વીસ લાખ માણસ રોજી મેળવે છે, પણ (હિંદની વસ્તીના) બાકીના ૩૧ કરોડ અને ૮૦ લાખનું શું? અહીં મૅન્ચેસ્ટરો, લિવરપુલો, ગ્લાસગોઓ અને ડંડીઓ ઊભાં થઈ જાય અને ગામડાંની વસતીનો ૭૦ ટકા ભાગ શહેરોમાં આવી વસે ત્યાં સુધી શું તમે રાહ જોયા કરશો? શું તમે હિંદના ગ્રામવિસ્તારોનું ઔદ્યોગીકરણ કરવાના છો? કલકત્તા અને હાવરાના અપવાદો બાદ કરો તો બંગાળામાં કોઈ મોટાં ગામ જ નથી. જિલ્લાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાં ગામ કહેવાય છે તેની મોટાઈ કેવળ નામની છે. કાયદાની અદાલતો ત્યાં ઊભી થઈ છે અને ત્યાં પરોપજીવી વસતી વસે છે. મને ભય છે કે ઔદ્યોગીકરણ માટે તમારે કયામતના દિવસ સુધી રાહ જોવી પડશે.'

હિંદના બુદ્ધિપ્રધાન વર્ગો પૈકી સાદગી ધારણ કરનારા ઘણાખરા માણસ ઈ. સ. ૧૯૨૧ની ગાંધીજીની ચળવળ પછી નજરે પડતા થયા છે; પણ પ્રફુલ્લબાબુ તો પહેલેથી જ સાદગીના શોખીન પુરુષ હતા. ગાંધીજીને એમનું પ્રથમ ઓળખાણ કરાવવામાં આવ્યું ત્યારે એમને અધ્યાપક તરીકે માસિક આઠસો રૂપિયા મળતાં પણ એમાંથી પિતાનું દેવું વાળતાં જે બચતું, એનો ઘણો નાનો ભાગ જ એ પોતાની જાત પર ખર્ચતા. પગારનો મોટો ભાગ તો એ મદદની જરૂરવાળા વિદ્યાર્થીઓ અથવા તો શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓને મદદ કરવામાં જ, અથવા તો પોતાનાં સ્વદેશી ઔદ્યોગિક સાહસો પાછળ જ ખર્ચતા. જીવનભર એમણે પોતાના હાથમાં આવતાં નાણાંનો એવો જ ઉપયોગ કર્યો છે.

આથી બંગાળના ગામડિયાઓને જ્યારે એશઆરામ શોધતા, પોતે ઉગાડેલી તમાકુની બીડીને બદલે વિલાયતી સિગારેટ ફૂંકતા, પગે ચાલવાને બદલે સામાન્ય દાવાદૂવી અર્થે બે ચાર માઈલનું અંતર વટાવવા માટે પણ ભાડાની મોટરમાં બેસતા, અને ખાદી છોડી લૅન્કેશાયરનું ઝીણું કાપડ અપનાવતા જોતા, ત્યારે એમનો જીવ કકળી ઊઠતો. જેને મિનિટે મિનિટનું મૂલ્ય છે, જે મિનિટે મિનિટના પૈસા ઘડે છે એને મોટર શું વિમાનમાં બેસીને પણ મુસાફરી કરવાપણું હોઈ શકે; હિંદના ગરીબ ખેડૂતને મોટરની શી જરૂર છે? શા માટે એણે પશ્ચિમની સંસ્કૃતિનાં રમકડાં પાછળ ખુવાર થવું જોઈએ? એ લખે છે: "બંગાળનો ખેડૂત મૂળે અભણ અને અજ્ઞાન છે. જમાનાઓથી ચાલી આવતી ખેતીની પ્રાથમિક પદ્ધતિઓને એ અનુસરે છે. એમ છતાં એ જ્યારે પશ્ચિમની 'સંસ્કૃતિ'ને અપનાવવા જાય છે, ત્યારે એ પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વનાશ જ વહોરી લે છે. . . . આર્થિક આપઘાત જ કરે છે. . . . કેટલા લાખ કાંતનારાઓ, વણકરો, લુહારો, હોડીવાળાઓ અને ગાડાવાળાઓની રોજી (આમ કરતાં) ખૂંચવાઈ ગઈ છે એના દાખલા પર દાખલા આપવાની શું જરૂર છે?"

સર જોન બર્ડવૂડે ૧૮૮૦માં લખેલા બોલ ટાંકી પ્રફુલ્લબાબુ હિંદીઓને એમ કહેતા કે 'દેશની બનાવટનું ન હોય એવું કાપડ કદી ન પહેરવું, એને હિંદી ગૃહસ્થો અને બાનુઓએ પોતાની સંસ્કૃતિનો, બલ્કે આબરૂનો ભાગ બનાવવો જોઈએ.'

દેશમાં બે લાખ માઈલની જે સેવાયાત્રા કરી હોવાની એઓ પોતાની આત્મકથામાં વાત કરે છે, તે રાષ્ટ્રનું ઘડતર કરનારા સ્વદેશી, અસ્પૃશ્યતાનિવારણ, રાષ્ટ્રીય કેળવણી, શિક્ષણ સ્વભાષા દ્વારા જ, ખાદી જેવા વિચારોના પ્રચારાર્થે જ હતી.

આ પ્રચારકાર્યમાં એમને અતિશય ગૂંથાયેલા જોઈને કેટલાક લોકો એમને પ્રશ્ન કરતા કે હવે તમે તમારી પ્રયોગશાળાને અને તમારા પ્રિય એવા રસાયણશાસ્ત્રને રજા આપી દીધી છે કે શું? આના લગભગ જવાબ તરીકે એમણે 'સમયનો ઉપયોગ અને દુરુપયોગ' એ વિષય પર એક ભાષણ આપ્યું હતું. એમાં એમણે સ્થાપિત કર્યું હતું કે, પોતે જ પોતાનો કાર્યક્રમ ઘડી કાઢે, અને એને ચીવટથી પાર પાડે તો માણસ ઘણું કરી શકે છે. યોગ્ય સમયે યોગ્ય કામ કરવામાં આવે, તો માણસ સામાન્ય રીતે કરે છે એનાથી દસ ગણું કામ કરી શકે, એવું એ માનતા. મનપસંદ કામ કરતાં—પછી તે ગમે એટલું સખત હોય—માણસને થાક જ લાગતો નથી, એ તો રમતની જેમ માણસના મનને ઊલટું તાજગી અર્પે છે. જે કામ માણસ પોતે પોતાના ઉત્સાહથી ઉપાડે છે, એની પાછળ એ કેટલા કલાક આપે છે એની ગણતરી એ કરતો જ નથી, જ્યારે વેઠિયો ઘડિયાળ તરફ જ જોયા કરે છે! કામ જોતાં વેંત જ એને ટાઢ ચડે છે અને કામ પૂરું કરતાં કરતાં તો એ થાકીને લોથ થઈ જાય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે પ્રયોગશાળાની પ્રવૃત્તિ ઉપરાંત એમણે ઉપર્યુક્ત બહારની પ્રવૃત્તિઓ ઉપાડી એથી પ્રયોગશાળામાંના કામને એમણે લગભગ કશો જ ધોકો પહોંચવા દીધો નથી. પોતાની આત્મકથામાં એમણે પોતાની રોજનીશીનાં કેટલાંક પાનાં ઉતાર્યાં છે, એના પરથી જણાય છે કે આ દિવસોમાં પણ એ નિયમિત પ્રયોગશાળામાં જતા, નિયમિત ખાનગી અભ્યાસ કરતા, અને સંશોધનો પણ કરતા!

કામનું દબાણ વધારે હોય ત્યારે મિનિટે મિનિટનો એ વધુ કરકસરથી ઉપયોગ કરતા; અને છતાં હંમેશાં પોતાના વિદ્યાર્થી માટે જ નહિ, સેવાયાત્રાના દિવસોમાં તો સંખ્યાબંધ મુલાકાતીઓ માટે પણ, એમના દરવાજા હંમેશાં ઉઘાડા રહેતા. એઓ કદી મોઢું બગાડતા નહિ, કે ખિજાતા નહિ, પણ હંમેશાં બાળકની જેમ હસતા અને બાળકના જેવા રમતિયાળ રહેતા!

૧૯૨૩માં અમદાવાદમાં એ ગૂજરાત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરવા આવ્યા, ત્યારનો બાળક જેવા રમતિયાળપણાનો એક દાખલો શ્રી મહાદેવભાઈએ સંઘર્યો છે, તે એમના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે:

'પોતાની કૉલેજના વિદ્યાર્થીઓ એમને ખભે ચડીને બેસે છે, પોતે વિદ્યાર્થીઓને ખભે ચડીને ભાષણ આપે છે! આ વાતનો પ્રો. કૃપાલાનીએ તેમને વિદાય દેતાં ઉલ્લેખ કર્યો, ત્યારે તેમણે પ્રો. કૃપાલાનીના વાક્યને આ પ્રમાણે સુધાર્યું, 'હા એ સાચું! પણ મને ઉપાડી શકે તેવાની ખાંધે હું ચડું છું.' પોતે વિજ્ઞાનશાસ્ત્રી રહ્યા, એટલે પ્રયોગ કરી બતાવવાનો તેમને શોખ તો ખરો જ. એટલે જ જાણે, પોતે કેમ ખાંધ પર ચડતા હશે તેનો ખ્યાલ વિદ્યાર્થીઓને આપવા માટે તેઓ આપણા વ્યાયામવીર રામમૂર્તિને ખભે ચડીને થોડી વાર વિદ્યાર્થીઓ આગળ રજૂ થયા!'

ડૉ. રાય સિવાય કયો નેતા એક ગંભીર પ્રસંગે મળેલી માનવમેદની આગળ આવી વાનરલીલાભરી જિંદાદિલી દાખવી શકે એમ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારા જીવનનો પરમ પ્રવૃત્તિમય કાળ કયો એમ પૂછવામાં આવે તો હું કહું કે ૬૦ ઉંમર થઈ ત્યાર પછીનો!' એમ એમણે એક જગાએ લખેલું છે. એમના જેવા નાજુક શરીરના માણસ માટે ઉપર્યુક્ત રમતિયાળપણા વિના એમ ન જ કરી શકાત એ સ્પષ્ટ છે. બાળક જ્યારે સૂતું નથી હોતું ત્યારે પ્રવૃત્તિ જ કરતું હોય છે. એની પ્રવૃત્તિ બધી રમત હોવાથી એને એનો શ્રમ લાગતો નથી. એક રમત-પ્રવૃત્તિથી એ કંટાળે છે ખરું; પણ બીજી પ્રવૃત્તિ હાથમાં લેતાં તરત પેલો કંટાળો એ ભૂલી જાય છે; અને એમ એના મનની તાજગી એવીને એવી રહે છે.

૧૫

'વિજ્ઞાન વાટ જોઈ શકે, સ્વરાજ્ય નહિ'

સીધી રાજકીય પ્રવૃત્તિ પ્રફુલ્લબાબુના સ્વભાવને અનુકૂળ નહોતી. એટલે સામાન્ય રીતે એ કોઈ ને કોઈ રચનાત્મક કામમાં જ પડતા. ખરું પૂછો તો જેના જીવનનો ઉત્તમોત્તમ સમય પ્રયોગશાળા અને વિદ્યાભ્યાસ વચ્ચે વહેંચાઈ ગયો હોય, એ માણસ મોટી ઉંમરે રાજકારણમાં પડે ને હિંદુસ્તાન જેવા વિશાળ દેશ બલ્કે ખંડમાં દૂર દૂર ઘૂમે અને ભાષણો કરે, અને તે પણ કેવળ કર્તવ્યબુદ્ધિથી તો એ દૃશ્ય ખરેખરું અપૂર્વ અને દેવદુર્લભ ગણાય. ઈ. સ. ૧૯૨૧-૨૬ના અરસામાં નવી નીકળેલી રાષ્ટ્રીય શાળાઓને, ખાદીની પ્રવૃત્તિને, અને અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિને અનુમોદન આપવા પ્રફુલ્લબાબુ દેશમાં નીકળી પડયા હતા; આગળ કહેવાઈ ગયું તે પ્રમાણે ખુલના, દિનાજપુર, કટક વગેરે જિલ્લા-પરિષદોનાં પ્રમુખપદ લેવાનાં આમંત્રણ પણ એમણે સ્વીકારેલાં. — કોઈ કીર્તિલોભથી અહંતુષ્ટિ ખાતર નહિ, પણ કર્તવ્યબુદ્ધિથી. કારણ બધા આગળપડતા રાજનૈતિક આગેવાનો ત્યારે જેલવાસી થઈ ગયેલા હતા. અસહકારની હિલચાલનું જોર જ્યારે ગુરુ-શિખર સુધી વિસ્તર્યું હતું, ત્યારે પ્રફુલ્લબાબુએ જાહેર કર્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, 'વિજ્ઞાન વાટ જોઈ શકે, સ્વરાજ્ય નહિ!' જીવનચરિત્રોના વાચનના આ રસિયા વૈજ્ઞાનિકને ખબર હતી કે, ૧૯૧૫માં જ્યારે પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે તે તે દેશના વૈજ્ઞાનિકોએ બંદૂકો ઝાલી હતી અને રણક્ષેત્ર પર પ્રાણ પાથર્યા હતા. છતાં એ સામે ચાલીને સરકારને પોતાનો કેટી., સી. આઈ. ઈ.નો ઇલકાબ પાછો આપવા નથી ગયા. સ્વ. મહાદેવભાઈની ભાષા વાપરીએ તો છાપાંતિલકવાળા અસહકારી એ નથી બન્યા. પણ પોતાની મર્યાદામાં રહીને એમણે ૧૯૨૧ની પ્રચંડ રાજકીય પ્રવૃત્તિમાં વીર્યવાન ભાગ તો ભજવ્યો જ છે. સરકારના ખોફની એમણે કદી પરવા કરી નથી!

રૌલેટ-ઍક્ટ નામક કાળા કાયદાનો વિરોધ કરવા કલકત્તાના ટાઉન હૉલમાં જ્યારે એક જબરદસ્ત સભા મળી, ત્યારે બાબુ ચિત્તરંજનદાસ મુખ્ય વક્તા હતા. સાંજે હમેશાં મેદાનમાં પ્રફુલ્લબાબુ ફરવા જતા; એમ એ દિવસે એ જરા વહેલા નીકળીને એ સભાસ્થાન પર ગયા. ત્યારે હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. અને અંદર ન સમાતા શ્રોતાઓનું એક મોટું ટોળું હૉલના દક્ષિણ તરફનાં પગથિયાં પર અને બહાર વિશાળ રસ્તા પર ઊભું હતું. સૌને સંભળાય એ માટે દાસબાબુ એ પગથિયાં પર ઊભા રહ્યા હતા અને એમની સામેના માનવસાગરના એક દૂરને કિનારે કોઈનું ખાસ ધ્યાન ન ખેંચાય એ રીતે પ્રફુલ્લબાબુ ઊભા હતા. પણ કેટલાક લોકોનું ધ્યાન એમની તરફ ગયું અને એ ઓળખાઈ ગયા! એથી માર્ગ કરી કરીને, પ્રેમપૂર્વક એમને ધકેલી ધકેલીને લોકોએ ઠેઠ દાસબાબુની હારમાં પહોંચાડી દીધા. અને પછી એમને દાસબાબુએ સભા સમક્ષ રજૂ થયેલા ઠરાવ પર બોલવા વિનંતી કરી. એ બોલવા ઊભા થયા. તાળીઓના ગડગડાટ અને વંદેમાતરમના ઉપરાઉપરી પોકારોની ઝડીમાં થોડી મિનિટ સુધી તો એ બોલી જ ના શક્યા. પછી એમણે એવા અર્થનું કહ્યું કે, "હું તો આ સભામાં ફક્ત જોવા-સાંભળવા જ આવ્યો હતો. મારે અહીં ભાષણ કરવું પડશે એનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. હું તો પ્રયોગશાળાના પિંજરાનું 'પંખી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. સામાન્ય રીતે રાજકારણમાં મારે ઝંપલાવવાપણું ન જ હોય. એમ છતાં હું જાણું છું કે જીવનમાં એવા પ્રસંગો આવે છે કે જ્યારે વૈજ્ઞાનિકોને પણ પોતાની કાચ નળીઓ છોડી દેવાની હોય છે, ને દેશની હાકલને માન આપી ખડા થવાનું હોય છે અને રૉલેટનો કાળો કાયદો એ એવો એક પ્રસંગ છે." (તાળીઓનો કાન ફાડી નાખે એવો ગડગડાટ)

પછી જ્યારે દાસબાબુને જેલમાં પૂરવામાં આવ્યા, ત્યારે તા. ૧૪–૧૨–'૨૧ને રોજ એમણે દાસબાબુનાં પત્ની પર નીચેના અર્થનો પત્ર લખ્યો હતો :—

મારાં વહાલાં બહેન,

મારી છાતી લાગણીઓથી એટલી બધી રૂંધાઈ ગઈ છે કે હું એને પ્રદર્શિત કરી શકતો નથી. અરવિંદ બાબુનો એમનો ઐતિહાસિક બચાવ, જે રાજ્ય તરફથી ચલાવાયેલા મુકદ્દમાઓમાં હંમેશાં પ્રથમ કોટિનો ગણાશે, એની તારીખથી તમારા પતિ લોકોની દૃષ્ટિએ આગળ પડતા રહ્યા છે. એમની અસીમ ઉદારતા, એમનો ઉચ્ચ દેશપ્રેમ અને આદર્શવાદ, તથા નિર્બળોના બચાવમાં એમણે દાખવેલાં પ્રેમશૌર્ય,—એ બધાએ હંમેશાં વાહ વાહ પોકરાવી છે. કેટલીક બાબતોમાં મારી દૃષ્ટિ એમનાથી જુદી હોવા છતાં હું હમેશાં એમની તરફ આકર્ષાયો છું અને એમના ધ્યાન ખેંચનારા વ્યક્તિત્વે બંગાળીઓનાં અથવા તો યુવાન ભારતનાં મન હરી લીધાં છે એથી મને કશું આશ્ચર્ય થતું નથી. રાજકીય બાબતોમાં એમનાથી ભિન્ન મત ધરાવનારાઓ પણ એમના અજોડ ત્યાગની પ્રશંસા કર્યા વિના રહી શકે એમ નથી. એમના કસોટીકાળમાં અમારાં હૃદય એમની—ચિત્તરંજનની તરફ છે. નિષ્ણાતોની મર્યાદાઓ મને માલૂમ છે. એટલે અલગતા અને વિલગતાની મારી સ્થિતિમાંથી મને ભય છે કે હું એમના જીવનકાર્યની પૂરી ગંભીરતાનો સાક્ષાત્કાર કરવામાં નિષ્ફળ જાઉં છું. કવિએ કહ્યું છે કે, "વૈજ્ઞાનિક કીર્તિલોભી અને આત્મશ્લાઘી હોય છે." કુદરતના નિરીક્ષણ માટે એની આંખ બરાબર કેળવાયેલી છે. પણ એનો જીવ સંકુચિત અને રાંક હોય છે!

સંભવતઃ મારા પ્રિય વિષય વિષેની એકાંગી અને આજીવન ભક્તિને લીધે મારી દૃષ્ટિએ ઝાંખ વળી ગઈ છે અને મારો આત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વયંમર્યાદિત થઈ ગયો છે. એમ છતાં હું તમને ખાતરી આપું છું કે, મારા પ્રિય વિજ્ઞાનની સેવા બજાવવામાં મારા મનનો એકમાત્ર ખ્યાલ એ જ છે કે એની દ્વારા હું મારા દેશની સેવા કરું છું. આપણા અભિલાષો એક જ છે. ઈશ્વર જાણે છે કે મારે જીવનમાં બીજો કોઈ ઉદ્દેશ નથી.

જે આનંદ અને વીરતાથી તમારા પર આવી પડેલાં દુઃખ તમે સહન કરી રહ્યાં છો તેનાથી રજપૂતોના કીર્તિકાળના દિવસો વીત્યા ત્યારથી અત્યાર સુધી ભાગ્યે જ જોવામાં આવેલું હોય એવું દૃષ્ટાંત તમે આધુનિક બંગાળને પૂરું પાડ્યું છે.

હું ખરા દિલથી આશા રાખું છું કે આપણી પ્રિય માતૃભૂમિ પર જે કાળાં વાદળાં ફરી વળેલાં છે, એ થોડા વખતમાં વીખરાઈ જશે અને તમારા પતિ પુનઃ તમને સોંપાશે.

પ્રફુલ્લબાબુની જાહેર રાજકીય પ્રવૃત્તિનું એક ત્રીજું દૃષ્ટાંત જોઈએ. ૧૯૨૫ની કોકોનાડાની હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠકમાં પ્રફુલ્લબાબુ પ્રતિનિધિ અને મુલાકાતી બંને રીતે હાજર હતા. પ્રતિષ્ઠિત મુલાકાતીઓને અપાતી ખાસ ટિકિટ ધરાવનાર તરીકે એમને મંચ પર પ્રમુખ સાહેબ મૌ. મહંમદઅલીની પડખે જ બેસાડવામાં આવેલા હતા. બીજા દિવસની બેઠકમાં બપોર પછીની નમાજના સમયે મૌલાના સાહેબની ખાલી ખુરસીમાં કોઈને બેસાડવાની જરૂર હતી. સામાન્ય રીતે સ્વાગતપ્રમુખને આવે વખતે એ સ્થાન અપાય છે. પણ મૌલાનાએ કોઈને પૂછ્યાગાછ્યા વિના પ્રતિનિધિઓનો અભિપ્રાય માગ્યો ને એ સ્થાન પ્રફુલ્લબાબુને આપવાની સૂચના કરી. તાળીઓના ગડગડાટથી પ્રતિનિધિઓએ આ સૂચના વધાવી લીધી અને સર પ્રફુલ્લચંદ્ર રાય કેટી., સી. આઈ. ઈ. દસ મિનિટ માટે એ અસહકારની ગાદી પર ગાદીનશીન થયા! આ પ્રસંગ સંભારી પ્રફુલ્લબાબુ પોતાની આત્મકથામાં લખે છે કે, "આ રમૂજી બનાવની જોડ મને જર્મન ઇતિહાસમાં મળી આવે છે. વાત એવી છે કે લૉર્ડ હાલ્ડેન બર્લિનથી પાછા ફર્યા, ત્યારે રાજા એડવર્ડે ૧૯૦૭માં જર્મન શહેનશાહને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજમહેલમાં રાજમહેમાન તરીકે બોલાવ્યા હતા. રાજનીતિની મોટી બાબતો ચર્ચવાની હોવાથી એમના પ્રધાનમંડળના કેટલાક સભ્યો પણ અલબત્ત સાથે આવેલા હતા. એક પ્રસંગે એ જર્મન પ્રધાનોમાં મતભેદ પડ્યો અને દલીલો એવી ગરમાગરમીની હદે પહોંચી ગઈ કે, લૉર્ડ હાલ્ડેન કહે છે: 'હું વચ્ચે ઊભો થયો અને બોલ્યો, મહારાજ! તમારા પ્રધાનમંડળનો હું સભ્ય નથી. હું પરદેશી છું. એટલે મારે અહીં હાજર ન રહેવું જોઈએ.' પણ જર્મન શહેનશાહ, જે ખુશમિજાજની તીવ્ર બુદ્ધિ ધરાવનારા આદમી હતા અને હાલ્ડેનના અનુમોદનની અપેક્ષા ધરાવનારા હતા, એ બોલ્યા: 'આજની રાત મારા પ્રધાનમંડળના સભાસદ બનો. હું તમારી નિમણૂક કરીશ.' લૉર્ડ હાલ્ડેને કહ્યું, 'પૂરી ખુશીથી મહારાજ'!"

૧૬

સમાજસેવાની પ્રવૃત્તિ અને રાહતકાર્ય

૧૯૨૧માં ઈંગ્લંડની ચોથી સફર કરીને પ્રફુલ્લબાબુ દેશમાં પાછા આવ્યા, ત્યાર પછી ટૂંક વખતમાં ખુલના જિલ્લાના દક્ષિણ વિભાગમાં અને એની પાસેના સુંદરવનના પ્રદેશમાં દુકાળ પડેલો. કલકત્તામાં રહ્યા ત્યાં સુધી તો એની ગંભીરતાની એમને ખબર ના પડી. પણ ઉનાળાની રજાઓમાં મે મહિનામાં એ પોતાને ગામ ગયા, ત્યારે લાગલાગટ બે પાક નિષ્ફળ જવાથી એ વિભાગના લોકો કેવી આકરી આફતમાં ફસાઈ પડ્યા છે, એ એમણે સગી આંખે જોયું.

ત્યાર પૂર્વે વર્તમાનપત્રોમાં થોડો ઊહાપોહ થવાથી સ્થાનિક સરકારી અધિકારીએ અમલદારી તપાસ કરી હતી અને લોકોની ફરિયાદ હસી કાઢતાં બહાર પાડ્યું હતું, 'લગભગ દરેક ગામમાં ફળ પુષ્કળ થાય છે, નાના છોકરાઓ ખાડાખાબોચિયાં કે નદીનાળાંમાંથી માછલાં મારી શકે છે, અને દૂધ તો લગભગ માગ્યું મળે છે!' ખરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત એ હતી કે, ચોખાદાળના વાખા હોય ત્યાં દૂધ કોણ ખાય? એ કારણે જ દૂધ સસ્તું હતું! અને સુંદરવન ફળસુંદર નહિ હોતાં કેવળ નામસુંદર વા યથાર્થ સુંદર વન જ હતું! પણ સાતસેમે મજલેથી એટલે કે દાર્જીલિંગ કે સિમલાની ટેકરીઓ પર બેઠે બેઠે ચલાવાતી સરકારને તો આવી જ ખબર પડે ને! છાપાં ઊહાપોહ કરે કે ભાષણિયા ભાષણો આપીને કાંઈ ધમાલ કરે, ત્યારે જ સરકારના કાનના ધાક ઊઘડે. પણ એટલાથી કાંઈ કામ થાય નહિ. એણે તો પોતાના અમલદારોને પુછાવવું જોઈએ અને એમનો અહેવાલ રજૂ થયા પછી એની ચર્ચા કરીને જ શું કરવું તે નક્કી કરવું જોઈએ! મંત્રીમંડળ (સેક્રેટરિયેટ)ના કાર્યાલય તરફથી પૂછપરછનો કાગળ વિભાગી કમિશનર પર જાય. એના તરફથી એવો પત્ર જિલ્લા કલેક્ટર વા મૅજિસ્ટ્રેટો પર જાય. એ પાછા ફોજદારને પૂછે, ને ફોજદાર પાછા ગામડાંના મુખીઓને કે ગ્રામપંચાયતને પૂછે ને એ પાછા પોતાના પગીને પૂછે! ઉપરી અમલદારને ના ગમે એવો અહેવાલ તો પાછો કોઈએ મોકલવો ન જોઈએ! એટલે શું થાય? આવાં જ જાહેરનામાં બહાર પડે ને?

પ્રફુલ્લબાબુને લાગ્યું કે સરકાર આવી મશ્કરી ભલે કરી શકે, મારે તો યથાશક્તિ મદદ જ કરી છૂટવું જોઈએ. આથી એમણે રાહત-ફંડ માટે જાહેર વિનંતી બહાર પાડી. જનતાએ સારો જવાબ આપ્યો. નાણાં ધાર્યા કરતાં વિશેષ મળ્યાં. મુખ્યત્વે બારિસાલ અને ફરીદપુરનાં પરગણાંમાંથી સ્વયંસેવકોનું એક સારું જૂથ આવી પહોંચ્યું. સ્થાનિક નેતાઓએ સહકાર આપ્યો અને એમ ગ્રામજનતાને રાહત પહોંચાડી શકાઈ.

૧૯૨૨માં ઉત્તર બંગાળમાં રેલ આવી. ગામડિયાઓએ તો સરકારને એની પહેલેથી ચેતવણી આપી હતી અને અરજી કરી હતી કે અમારા પ્રદેશમાં થઈને જતી રેલવેની સડકોનાં નાળાં જે અત્યારે ઘણાં સાંકડાં છે એ તોડીને મોટાં કરાવો; નહિ તો અમે ક્યારેક રેલ આવતાં મરી જઈશું. ગામડિયા કાંઈ ઇજનેરો નહોતા કે વિલાયત ભણી આવેલા નહોતા; પણ પોતાની સાદી બુદ્ધિથી એમણે જોયું હતું કે ભારે વરસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડશે તો રેલવે સડકો પાણી રોકશે, એનાં નાનાં નાળાં પાણીનો નિકાલ નહિ કરી શકે અને આપણે માર્યા જઈશું. ૧૯૨૨ ના ઑક્ટોબરના પહેલા અઠવાડિયામાં ખરેખર રેલસંકટ આવી પડ્યું તેની પૂર્વે પૂરા એક વર્ષ પહેલાં જિલ્લા મૅજિસ્ટ્રેટ પર નાળાં સુધારવાને અમુક જગાએ લાંબા પુલ બાંધવા અરજીઓ કરાઈ હતી; અને એમણે એ રેલવેના એજન્ટ સાહેબ પર રવાના કરી હતી. પણ વિદેશી કંપનીના એ અધિકારીને એ વિષે કાંઈ કરવાપણું લાગ્યું નહિ. કંપનીને ખર્ચ વધે ને ગોરા ભાગીદારોનો નફાભાગ (ડિવિડંડ) ઘટે એવી સૂચના તે બરાબર હોઈ શકે? એજન્ટ સાહેબે ૨૮ મી ઑક્ટોબરે જવાબ આપી દીધો કે ઘટતી તપાસ પછી અમારો એવો મત છે કે ઉક્ત જગાએ પુલ બાંધવાની કશી જરૂર નથી. મૅજિસ્ટ્રેટે એ જવાબની નકલ કરાવીને અરજદારોની જાણ માટે રવાના કર્યાનો શેરો માર્યો! પતી ગયું!

૨૨ મી સપ્ટેમ્બરથી ધોધમાર વરસાદ શરૂ થયો. અઠવાડિયાની હેલી થઈ. નદીઓ અને નાળાં ઊભરાઈ ગયાં ને રેલવેની સડક પર થઈને પાણી વહેવા લાગ્યાં. દાર્જીલિંગથી ૨૫મીએ ઊપડેલો મેલ બીજી સવારે પાર્વતીપુર પહોંચ્યો. આગળ જવાય એવું નહોતું. દક્ષિણ તરફ રેલની સડક પાણીમાં ડૂબી ગઈ હતી. અને એક જગાએ એ તૂટી પણ ગઈ હતી. 'સ્ટેટ્સમૅન'ના એક ગોરા તંત્રી એમના કમભાગ્યે અને પ્રજાના સદ્‌ભાગ્યે એ જ મેલમાં મુસાફરી કરતા હતા. એટલે એમણે ફોટાઓ સાથે એક સરસ લેખ લખ્યો અને દુનિયાને રેલસંકટની ખબર પડી. દરમિયાન ખાનગી સંદેશાઓને આધારે સુભાષબાબુને એની ખબર પહોંચી ગઈ હતી એટલે તે જાતતપાસ માટે ત્યાં પહોંચી ગયા. પછી પોતાના ઉપ-પ્રમુખપદ નીચે ચાલતા બંગાળના યુવક મંડળ પર, મહાસભા પર અને પ્રફુલ્લબાબુ પર એને વિષે એમણે તારો કર્યા. કલકત્તામાં જાહેર સભા બોલાવાઈ. બધી કોમોના પ્રતિનિધિઓ યુરોપિયનો સુધ્ધાં એમાં મોટી સંખ્યામાં હાજર થયા અને પ્રફુલ્લબાબુના પ્રમુખપદે એક રાહત સમિતિ નિમાઈ. થોડા જ વખત પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ (પ્રફુલ્લબાબુ) રાહતફંડના ઉઘરાણાના કામમાંથી છૂટ્યા હતા ત્યાં આ બીજું આવી ઊભું! એટલે એમણે આ ભારે જવાબદારી સ્વીકારતાં આનાકાની કરી, લોકોએ આગ્રહ કર્યો અને ઘણી આનાકાનીથી એમણે કામ માથે લીધું.

યુનિવર્સિટી સાયન્સ કૉલેજનાં વિશાળ મકાનો સંકટનિવારણ સમિતિના કાર્યાલય તરીકે વપરાવા લાગ્યાં. અને વિદ્યાલયની સામાન્ય શાંતિનું સ્થાન અસાધારણ પ્રવૃત્તિનાં મોજાંઓએ લીધું! સ્ત્રીપુરુષોનાં ટોળે ટોળાં નિરંતર ત્યાં આવતાં જતાં દેખાતાં! કલકત્તાની કૉલેજો અને યુનિવર્સિટીના કેટલાક આગળ પડતા અધ્યાપકો સમેત વિશેષ નહિ તો ૭૦ સ્વયંસેવકોને ત્યાં સવારથી મધરાત સુધી કામમાં રોકાયેલા રહેવું પડતું.

રેલસંકટના ભયંકર સમાચાર દેશમાં ફરી વળતાં રાહત આપનારી અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી ગઈ હતી. એ બધી સંસ્થાઓને એકસૂત્રિત કરી પ્રફુલ્લબાબુની સમિતિએ સહકારથી કામ લીધું; એથી કોઈનું વ્યક્તિત્વ માર્યું ગયું નહીં અને રાહતકાર્ય ક્યાંય બિનજરૂરી રીતે બેવડાયું નહીં. હાથ પરના કાર્ય બાબત લોકોને સત્તાવાર અને અદ્યતન ખબરો આપવા આ સમિતિએ એક ખાસ ખાતું કાઢ્યું હતું, એ એની નવીનતા હતી.

પ્રફુલ્લબાબુના આ વખતના કામ વિષે 'મૅન્ચેસ્ટર ગાર્ડિયન'માં તેના ખબરપત્રી તરફથી છપાયેલા લેખનો નીચેનો ઉતારો જાણવા જેવો છે:

"બે હજાર ચોરસ માઈલ જેટલા વિસ્તાર પર આ સંકટ ફેલાયેલું હતું. અને એમાં દસ લાખ કરતાં વધારે માણસો સપડાયેલાં હતાં. . . . ૬૦ કરતાં વધારે માણસો ડૂબ્યાં નહોતાં; પણ ગીચ વસતીવાળા ગ્રામવિસ્તારના સાતસો ચોરસ માઈલ જેટલા વિસ્તારમાંનાં અડધાં કરતાં વધારે ઘર પડી ગયાં હતાં, બધો ઘાસચારો નાશ પામ્યો હતો અને ૧૨,૦૦૦ ઢોર ડૂબી મૂઆં હતાં. બીજું, ૫૦૦ ચોરસ માઈલ કરતાં વધારે વિસ્તારમાંનો મુખ્ય પાક તદ્દન અથવા લગભગ તદ્દન નાશ પામ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યારે આ સંકટ આવ્યું ત્યારે સરકાર રેલની સપાટીથી ઘણે ઊંચે દાર્જીલિંગના ડુંગરો પર બેઠેલી હતી. . . . એ એને મળેલા પ્રાથમિક અહેવાલોએ એમને પરિસ્થિતિની ગંભીરતાનો કંઈ ખ્યાલ આપ્યો લાગતો નથી. રાહતપ્રવૃત્તિ શરૂ કરતાં એમણે વિલંબ કર્યો, અને છેવટે જ્યારે શરૂઆત કરી ત્યારે જે રાહત મોકલી એ અપૂરતી મોકલી, ના છૂટકે મોકલી, નાખુશીથી મોકલી અને લોકમતના દબાણ તળે મોકલી. કંઈ નહિ તો બંગાળાની સામાન્ય જનતા પર તો એ જ છાપ પડી છે.

"આ સંજોગોમાં એક રસાયણાચાર્ય સર પી. સી. રાય આગળ આવ્યા અને સરકારે જે ના કર્યું તે કરવા પોતાના દેશજનોને એમણે હાકલ કરી. લોકોએ એનો જવાબ સોત્સાહ આપ્યો. એક મહિનામાં બંગાળાના લોકોએ ત્રણ લાખ રૂપિયાનો ફાળો ભર્યો. ધનિક સ્ત્રીઓએ પોતાનાં ઘરેણાંગાંઠાં ને રેશમી કાપડ આપી દીધાં અને ગરીબોએ પોતાનાં ફાજલ કપડાં આપ્યાં. સેંકડો જુવાનો એ ગામડાં-ઓમાં જવા અને ગામડિયાઓમાં રાહતની વહેંચણી કરવા સ્વયંસેવક બન્યા. જોકે એઓ જાણતા હતા કે કામ આકરું છે, શરીરને કષ્ટ આપનારું છે અને પ્રદેશ મલેરિયા-પીડિત છે. . . .

"સર પી. સી. રાયની વિનંતીના જવાબના ઉત્સાહનું કારણ અમુક અંશે વિદેશી સરકારને પાછી પાડવાની બંગાળાની સ્વાભાવિક ઇચ્છામાં રહેલું હતું, અને અમુક અંશે પીડિતો પ્રત્યેની જાહેરજનતાની સાચી સહાનુભૂતિમાં રહેલું હતું. પણ મોટે ભાગે એનું કારણ સર પી. સી. રાયના નોંધપાત્ર વ્યક્તિત્વ અને પ્રતિષ્ઠામાં રહેલું હતું. સર પી. સી. રાય વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક છે. હું નથી ધારતો કે એમને ચુસ્ત અસહકારી કહી શકાય; પરંતુ એ ઘણા કડક રાષ્ટ્રવાદી છે અને સરકારના ઘણા કડક ટીકાકાર છે. વળી એ સાચા સંગઠનકાર છે અને સાચા શિક્ષક છે. એક યુરોપિયનને મેં એમ કહેતો સાંભળ્યો કે જો મિ. ગાંધી ફક્ત બીજા બે સર પી. સી. રાય સર્જી શક્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોત, તો આ જ વર્ષમાં એ સ્વરાજ્ય મેળવી શકયા હોત. એક બંગાળી વિદ્યાર્થીએ મને કહ્યું, 'જો કોઈ સરકારી અમલદારે અથવા તો કોઈ અસહકારી રાજકાજવાદીએ ફાળાની માગણી કરી હોત, તો જનતાએ ત્રણ ટકા પણ ન આપ્યા હોત. પણ જ્યારે સર પી. સી. રાય માગણું કરે છે, ત્યારે દરેક જણ જાણે છે કે નાણાંનો સદુપયોગ જ થશે અને પાઈ પણ બગડશે નહિ."

દીનબંધુ એન્ડ્રૂઝે પણ પોતાના અહેવાલમાં પ્રફુલ્લબાબુનાં મુક્તકંઠે વખાણ કરેલાં છે.

૧૯૩૧ના સપ્ટેમ્બરમાં ફરી રેલસંકટ આવ્યું. ઉત્તર અને પૂર્વ બંગાળાનો ઘણો ભાગ એમાં સપડાયો હતો. અને બંગાળાના ઇતિહાસમાં એ સૌથી ભયંકર રેલસંકટ હતું. એમાં પણ કામની આગેવાની પાછી પ્રફુલ્લબાબુને માથે પડી. અને એમણે એ જ શિસ્ત, સહકાર, સહાય-વૃત્તિ, ચીવટ, કરકસર અને સફળતાથી કામ પાર પાડ્યું.

૧૭

સ્વદેશી ઔદ્યોગિક સાહસો

ધી સોડપુર સલ્ફ્યુરિક વર્ક્સ અને બેંગાલ કેમિકલ ઍન્ડ ફાર્મ-સ્યુટિકલ વર્ક્સ ઉપરાંત બીજાં બેચાર સ્વદેશી ઔદ્યોગિક સાહસો જોડે પ્રફુલ્લબાબુ સંકળાયેલા હતા.

એમના પિતા શ્રી હરિશ્ચંદ્ર રાય જેટલા વિચારવિહારી હતા એટલા જ પ્રફુલ્લબાબુ વિચારો અને યોજનાઓની વિગતમાં ઊતરનારા અને વહેવારુ હતા. અને આ વહેવારુપણું એમણે નાનપણમાં એમના પિતા સાથે વતનમાં રહેતા ને ગ્રામશાળામાં ભણતા ત્યારે પણ દેખાડી આપ્યું હતું. સફળ ઔદ્યોગિક સાહસો કરનારમાં સાહસિકવૃત્તિ અને ઉદ્યોગપરાયણતા ઉપરાંત દુકાનદારીની અર્થબુદ્ધિની પણ આવશ્યકતા હોય છે. ખેતીવાડીના ધંધામાં એમને નાનપણથી ઘણો રસ પડતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન ખોદવી અને ખેડવી, વાવણી કરવી, રાંપ દેવી, નીંદવું અને પોતાને હાથે જાત જાતનો પાક ઉગાડવો એમાં એમને ખાસ રસ પડતો. ખેડૂતો કઈ કઈ રીતે ખેતી કરે છે તે એ બારીકાઈથી નિહાળતા. આદુ અને હળદર પણ એમણે ઉગાડ્યાં હતાં અને નાળિયેરી તથા સોપારીનો બાગ પણ બનાવેલો હતો. અને આ કામમાં માતાપિતા એમની યોજનાઓ તરફ સહાનુભૂતિ દાખવતાં અને બનતી બધી મદદ કરતાં. અને રોજીએ માણસો રાખવા માટે પૈસા પણ છૂટથી આપતાં. એટલે એ ધરાઈને પોતાનો શોખ પૂરો કરી શકતા. પુત્રોની શિક્ષણની સગવડ માટે પિતાએ જ્યારથી કલકત્તામાં ઘર માંડ્યું, ત્યારે પણ પ્રફુલ્લબાબુને એમ થતું કે ક્યારે ઉનાળાની કે શિયાળાની રજાઓ પડે ને હું વતનમાં જઈ ખેતી સંભાળું ! એ ખેતીની પેદાશનો વધારાનો ભાગ જાતે વેચવા બેસતા ત્યારે એમના કેટલાક પાડોશીઓને એ ન ગમતું. એઓ કહેતા, ‘જમીનદારનો છોકરો આમ દુકાનદારી કરવા બેસે એ તે શોભે છે?’ પણ એ ગણકારતા નહિ.

થોડાં વર્ષો પછી આ દુકાનદારીની બુદ્ધિ એમને કામમાં આવી. પિતાશ્રી હરિશ્ચંદ્ર રાયે એક વિદ્વાન પંડિતના સમજાવ્યાથી પોતાના તુક્કા-બાજ સ્વભાવ પ્રમાણે વિલ્સનનો સંસ્કૃત-અંગ્રેજી કોશ જે અલભ્ય બનતો જતો હતો, અને બજારમાં ચાળીસથી પચાસ પચાસ રૂપિયે વેચાતો હતો, તે પ્રકાશિત કરવાનું સાહસ કર્યું હતું. પણ એમાં એમણે સાતેક હજાર રૂપિયા ખોયેલા હતા. કેટલીક નકલો ઓછી કિંમતે જાણીતા બુકસેલરોને આપી દેવા છતાં સેંકડો નકલો બાકી રહી હતી. તેમને પસ્તીમાં કાઢી નાખવાની વાત થતી હતી. પણ પ્રફુલ્લબાબુએ એનો વિરોધ કર્યો અને એ નકલોનાં સંભાળપૂર્વક પોટલાં બંધાવીને એક બાજુ મુકાવી રાખ્યાં. ૧૮૭૮માં પિતાએ દેવાને કારણે કલકત્તાનું ઘર કાઢી નાખીને પાછા વતન જવાનું નક્કી કર્યું. ત્યારે પ્રફુલ્લબાબુને મુક્તારામબાબુની ગલીમાં આવેલા ૮૦ નંબરના એક બરાક જેવા ઘરમાં રહેવા જવું પડેલું. આ વખતે પ્રફુલ્લબાબુની અર્થબુદ્ધિએ સારું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યું. પિતા નિયમિત માસિક ખર્ચ મોકલવાનો પ્રયત્ન કરતા, પણ પ્રફુલ્લબાબુ જાણતા હતા કે એમ કરતાં એમને કેટલી મુશ્કેલી પડે છે! આથી એમને વિચાર આવ્યો કે મારે કાંઈ ને કાંઈ પેદા કરવું જોઈએ ને પિતાનો ભાર હળવો કરવો જોઈએ. એ વખતે એમનું ધ્યાન ઉપર્યુક્ત બાંધી મૂકેલી વિલ્સનની ડિક્ષનેરીઓ તરફ ગયું. એમણે વર્તમાનપત્રોમાં જાહેરખબર છપાવી કે એ શબ્દકોશની નકલો છ રૂપિયા લેખે વેચવાની છે. કલકત્તાના ગ્રંથવિક્રેતાઓ તરફથી તેમ જ હિંદુસ્તાનના બીજા વિભાગોમાંથી ઉપરાઉપરી માગણીઓ આવવા માંડી અને રૂપિયા ખખડવા લાગ્યા. આથી એમને એક ગ્રંથવિક્રેતા કંપની કાઢવાનું મન થયું. ઉક્ત શબ્દકોશ જ્ઞાનેન્દ્રચંદ્ર રાય અને બંધુઓના નામથી પ્રકટ થયો હતો એટલે એમણે ઘર આગળ પાટિયું માર્યું:— ‘જી. સી. રાય એન્ડ બ્રધર્સ, પ્રકાશકો અને ગ્રંથવિક્રેતાઓ.’ અને જાહેરખબરમાં ઉમેર્યું કે ‘કલકત્તા બહારના ઑર્ડરો પર ધ્યાન અપાય છે!’ ને એમ કેટલીક સારી કમાણી કરી. એક વખત તો એમણે એવો જ વિચાર કરેલો કે ભણી રહ્યા પછી બસ ગ્રંથવિક્રેતા તરીકે જ જમાવવી! ગિલક્રાઇસ્ટ શિષ્યવૃત્તિ મળવાથી આ તરંગ શમી ગયો ને એ રસાયણશાસ્ત્રી થઈ ગયા! એ ઉંમરે જ એમણે એવો પણ વિચાર કરેલો કે સરકારી નોકરી તો ના જ કરવી! પણ વિલાયત જઈને ડી. એસસી. થઈ આવ્યા એટલે જીવનની શરૂઆત એમણે સરકારી નોકરીથી જ કરી! કવિએ સાચું જ કહ્યું છે કે,

‘હું આ કરું ને આ કરું એ માનવી મિથ્યા બકે
નવ ઈશની આજ્ઞા વિના એક તૃણ પણ હાલી શકે.’

પણ સરકારી નોકર થવાથી એમના હાડમાં રહેલી આ ઉદ્યોગપ્રિયતા અને વેપારી બુદ્ધિ કાંઈ મરી ગઈ નહિ. રસાયણશાસ્ત્રી થવાથી અને પશ્ચિમના દેશોની મુસાફરી કરવાથી તથા ત્યાંનાં સાહસો જોવાથી એમણે પોતાના રાસાયણિક જ્ઞાનનો ઉપયોગ દેશમાં સ્વદેશી ઔદ્યોગિક સાહસો સ્થાપવામાં કરવાનો નિશ્ચય કર્યો. આજે તો સરકારી નોકરીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહીને આવાં સાહસો કરવાની રજા પણ કદાચ ન મળે; પણ એમના જમાનામાં એટલાં બધાં બંધન હતાં નહિ. સરકારી નોકરો રાજકારણમાં પણ ભાગ લઈ શકતા; એટલે એમણે સોડપુરનું ગંધકના તેજાબનું કારખાનું ખરીદ્યું અને બેન્ગાલ કેમિકલ એન્ડ ફાર્માસ્યુટિકલ વર્ક્સની સ્થાપના કરી. આ બે ઔદ્યોગિક સાહસો ઉપરાંત, 'ધી કલકત્તા પૉટરી વર્ક્સ' 'ધી બૅંગાલ એનમલ વર્ક્સ' 'ધી બંગીય સ્ટીમ નૅવિગેશન કંપની' અને 'બંગ લક્ષ્મી મિલ્સ'માં પણ એમણે સોત્સાહ ભાગ લીધેલો અને એમના સંચાલક (ડાયરેક્ટર) પણ થયેલા.

આ કંપનીઓમાંથી 'ધી કલકત્તા પૉટરી વર્ક્સ' ૧૯૩૨માં શ્રી પ્રફુલ્લબાબુએ પોતાની આત્મકથા લખી ત્યાં સુધીમાં તો કાંઈ પણ નફાભાગ વહેંચતી થઈ નહોતી. સાંતાલ પરગણામાં રાજમહાલ પાસે મંગળહાટ નામના સ્થળે એક ગૃહસ્થને ઈ. સ. ૧૯૦૧માં ચીની માટી મળી આવી ત્યારથી એનાં મૂળ નખાયાં એમ કહી શકાય. વર્ષો સુધી એક ખાનગી કંપની તરીકે કામ કર્યા પછી અને લાખો રૂપિયા એમાં નાખ્યા પછી ૧૯૧૯માં એણે 'બેન્ગાલ પૉટરીઝ લિમિટેડ'ના નામથી દસ લાખની મૂડીથી કામ કરવા માંડેલું. એ કંપનીએ ત્રણ નવી ભઠ્ઠીઓ નાખી. એમની આશા હતી કે એમ કરવાથી રૂ. ૪,૨૦,૦૦૦ નો માલ પેદા કરી શકાશે અને દર વર્ષે ૧,૬૦,૦૦૦ રૂ. નો નફો કરાશે. પણ એ ગણતરીઓ ખોટી પડી ને ૧૯૨૦થી '૨૫ સુધી તો કંપનીને ભયંકર કટોકટીમાંથી પસાર થવું પડ્યું હતું.

આવી કંપનીઓ સરકારની મદદ સિવાય અને ખાસ રક્ષણ સિવાય પરદેશી હરીફાઈ સામે ટકી શકતી નથી એવો પ્રફુલ્લબાબુને અનુભવ થયો.

'ધી બેન્ગાલ એનેમલ વર્ક્સ લિમિટેડ' ૧૯૨૧માં શરૂ થઈ. નારકેલ ડાંગા ખાતે પાછળથી પ્રફુલ્લબાબુનો એક શિષ્ય શ્રી દેવેન્દ્રનાથ ભટ્ટાચાર્ય ૧૯૨૩માં જાપાનથી જોઈતા સાંચાઓ અને બીજાં સાધનો લઈ આવ્યો. ને કલકત્તાથી પંદરેક માઈલને અંતરે પાલ્ટા ખાતે વિશાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન ખરીદીને ત્યાં આધુનિક ઢબનું કારખાનું કાઢવામાં આવ્યું. એના ભાઈ શ્રી દ્વિજેન્દ્રનાથ ભટ્ટાચાર્ય, જે એક સ્થાનિક કૉલેજમાં અંગ્રેજી સાહિત્યના અધ્યાપક હતા, એમણે ત્યાર પૂર્વે ઇંગ્લંડ, જર્મની અને અમેરિકાથી મંગાવેલા તદ્‌વિષયક ગ્રંથો જોઈ જોઈને પોતાના અથાગ શ્રમ અને ઉત્સાહથી કામ ધકાવ્યે રાખ્યું હતું. ૧૯૨૭ની સાલ સુધીમાં આ કંપનીએ ઠીક ઠીક પ્રગતિ કરી અને હજારો પ્રયોગોને અંતે બ્રિટિશ માલ સાથે સરખામણીમાં ટકી શકે એવાં વાસણો બનાવવાની કળા સાધી લીધી!

પ્રફુલ્લબાબુ લખે છે: "ઔદ્યોગિક ઇંગ્લંડમાં પણ એનેમલવાળાં લોઢાનાં વાસણોના ઉદ્યોગને ૨૫ ટકા રક્ષણાત્મક જકાતથી રક્ષણ આપવું પડે છે. જ્યારે હિંદુસ્તાનમાં આ બાળદશા ભોગવતા ઉદ્યોગને જાપાન અને જર્મની જેવા જબરા હરીફો સામે હરીફાઈમાં ઊતરવું પડે છે:—રાજ્યની કે બૅંકની કોઈ પણ મદદ વગર!

"અલબત્ત ટાટા આયર્ન વર્ક્સ અથવા તો ટીટાગર પેપર મિલ્સ વગેરેના જેવી મોટી કંપનીઓ મોટો ઊહાપોહ કરી-કરાવીને સરકારના કાન સુધી પોતાનો પોકાર પહોંચાડી શકે છે અને સંરક્ષણ મેળવી શકે છે; પણ નાના ઉદ્યોગોને તો મૂંગે મોઢે સહેવાનું ને સાફ થઈ જવાનું જ ભાગ આવે છે."

'બંગીય સ્ટીમ નૅવિગેશન કંપની' જોડેના પોતાના ગાઢ સંબંધ પરથી પ્રફુલ્લબાબુ કહે છે, "આપણે પરદેશીઓની હરીફાઈ સામે અને અંગ્રેજ રાજકર્તાઓની બિનસહાનુભૂતિ સામે જ ઝૂઝવાનું નથી હોતું. દુઃખની વાત તો એ છે કે આપણા પોતાના ભાઈઓની અણસમજભરી હરીફાઈ સામે પણ ઝૂઝવાનું હોય છે! મારો એ કમનસીબ અનુભવ છે કે જ્યારે જ્યારે કોઈ નવું સાહસ શરૂ કરવામાં આવે છે અને એ હજી અનેક મોટા દુશ્મનો સામે જીવવા માટે ફાંફાં મારતું હોય, ત્યારે ત્યારે આપણા પોતાના દેશજનો જ અવિચારીપણે એની સામે પોતાનાં ઘણાં હરીફ સાહસો ઊભાં કરે છે, ભાવ કાપીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજય મેળવવાની હરીફાઈ માંડે છે, પોતાના ટાંટિયા કાપે છે ને પેલી કંપનીને ભારે ખોટમાં ઉતારે છે! . . . પ્રથમ તો અમે કામ શરૂ કર્યું ત્યારે જે અંતરનું નૂર અમે એક રૂપિયો લેતા, તે જ અંતરનું નૂર એક જબરી બ્રિટિશ કંપનીએ ફક્ત એક આનો લેવા માંડ્યું! અમારી કંપનીના બેત્રણ સંચાલકો જેઓ ખોટ ખાવા તૈયાર થયા, એમની મદદ ન હોત, તો અમારી કંપની શરૂઆતમાં જ નામશૂન્ય થઈ જાત."

બીજાં સ્થળોએ એમને નવી ઊભી થયેલી દેશી કંપનીઓ સામેની હરીફાઈનો પણ એવો જ અનુભવ થયો હતો. એ ચાર દહાડાનાં ચાંદરણાં જેવી નવી કંપનીઓ ભાવ કાપીને ફાવવા જતાં છેવટે તો મરી જ ગઈ, પણ ઉક્ત કંપનીને તો નુકસાનમાં જ ઉતારતી ગઈ!

સુસંયોજિત રાષ્ટ્રીય યોજના વિના સ્વદેશી ઉદ્યોગોની સ્થિતિ સુધરવાની નથી. જાપાનને પોતાના દેશમાં ઉદ્યોગો દાખલ કરતાં બધા ઉદ્યોગો લગભગ પોતાના કાબૂ તળે રાખવા પડ્યા હતા એ વાત પ્રફુલ્લબાબુ વારંવાર ભારપૂર્વક જણાવતા.

૧૮

આ તે રાય કે રંક?

'ખાદી એ દૈવી બાળક છે. આખા જગતની વસતિના પાંચમા ભાગની જાગ્રત અસ્મિતાની તે પ્રતિમા છે.

'મિત્રો! ધૈર્ય ધરો, કાંતવું, વણવું અને ખાદી ધારણ કરવી એ ત્રણે કર્તવ્યોને વળગી રહો. આપણને સ્વરાજ મળશે જ.'

તા. ૧૮–૩–૨૩ના 'નવજીવન'ના વધારામાં છપાયેલા આચાર્ય શ્રી પ્રફુલ્લચંદ્ર રાયના ખાદીના સંદેશામાંના આ શબ્દો છે. એમાંની ભવિષ્યવાણી અંશતઃ ફળી છે. અંશતઃ કહેવાનું કારણ એ છે કે અંગ્રેજો હિંદ છોડી ગયા છે. પણ હિંદ સમસ્તનું એક સાર્વભૌમ રાજ્ય હતું તેમાંથી પરસ્પર સુમેળ વિનાનાં ભારત અને પાકિસ્તાન એવાં બે સાર્વભૌમ રાજ્યો ઊભાં થયાં છે. હિંદની એકતામાં એટલે અંશે ફાચર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગેલી છે અને બંને ભાગની પ્રજાને એથી એટલે અંશે વિખવાદનો વારસો મળ્યો છે.

શ્રી પ્રફુલ્લબાબુએ ગૂજરાત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરતાં ઈ. સ. ૧૯૨૩માં કહેલું: 'પ્રજાઓ પોતાનાં જ પરાક્રમો વડે ઘડાય છે. સ્વરાજ આપણે આપકમાઈથી કમાવાનું છે. ભારે પ્રયત્નને પરિણામે તે મળ્યું હોય તેમાં સ્વરાજ્યનું સ્વરાજ્યપણું છે. કોઈએ ભેટ આપેલા સ્વરાજ્યનું મૂલ્ય ફૂટી બદામ પણ નથી.'

આપણા પ્રયત્નોના પ્રમાણમાં આપણને સ્વરાજ્ય જરા વહેલું મળી ગયું; પરંતુ મળ્યું છે, તે વાત નક્કી. પ્રયત્ન કરી આપણે તેને પૂર્ણતર અને પાકું કરી શકીએ એવી સાર્વભૌમ સત્તા તો આપણને મળી જ છે. અફસોસ એક જ, કે આ સ્વરાજ્ય મળતાં પહેલાં ત્રણેક વર્ષ ઉપર જ અર્થાત્ ૧૬મી જૂન, ૧૯૪૪ને રોજ, શ્રી પ્રફુલ્લબાબુનો તેજસ્વી પ્રબળ આત્મા ૮૩ વર્ષના થયેલા ખોખા જેવા દુર્બળ ખોળિયાને છોડી ગયો છે. એઓ સ્વેચ્છાપૂર્વક જિંદગીભર કુંવારા અને બ્રહ્મચારી રહ્યા હતા. એટલે પોતાની પાછળ તેમણે કોઈ સંતાનો નથી મૂક્યાં, પરંતુ સંતાનો કરતાં વધારે સાતત્ય સાચવે એવું બહોળું શિષ્યમંડળ એઓ જરૂર મૂકી ગયા છે. ઊગતી યુવાનીમાં એ વિજ્ઞાનને વર્યા અને યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સના જે ખંડમાં લાગલગાટ ત્રીસ વર્ષથી એ સેવા આપતા આવ્યા હતા તે જ ખંડમાં વિજ્ઞાનને જ ખોળે દેહ છોડી એ સ્વધામ તરફ પાછા ફર્યા એ કાંઈ અકસ્માત નથી; એમના વિજ્ઞાનપ્રેમની ગહનતા, સ્થિરતા અને પ્રાબલ્યનું સ્વાભાવિક અને સીધું એવું પરિણામ માત્ર છે. 'મોત માગ્યાં મળતાં નથી' એવી એક કહેવત છે. પરંતુ ભક્તોને તો મોત માગ્યાં પણ મળી શકે છે એવું ભગવદ્‌વાક્ય છે, એનો આ ચિરંજીવ પુરાવો છે.

ઈ. સ. ૧૯૨૨ પછી ૧૯૩૭ સુધી, અર્થાત્ પગારના ધોરણે કામ કર્યું ત્યાં સુધી, પોતાનો પગાર એઓ કૉલેજના વિજ્ઞાનવિભાગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૃદ્ધિ પાછળ જ સમર્પણ કરતા હતા. કલકત્તા યુનિવર્સિટીને એમણે આ રીતે બે લાખ રૂપિયાનું દાન કરેલું છે. સાધારણ બ્રહ્મોસમાજને એમણે પોતાની અડધી મિલકત આપી દીધેલી છે. એમની પાસે આર્થિક મદદની આશાએ ગયેલા વિદ્યાર્થીઓ પૈકી કોઈ નિરાશ થયો જાણ્યો નથી. એઓ દાનવીર હતા; પરંતુ દાનીપણાના અભિમાન જેવી કોઈ વસ્તુ એમના મનમાં નહોતી. એ કહેતા, ' સર્વ દાનમાં કનિષ્ઠ દાન ધનનું છે. સહાનુભૂતિ, પ્રેમાળ શબ્દો, પ્રેરક હાસ્ય, નમ્ર સલાહ કે થાકેલાંને વિસામો દેવો એવાં એવાં દાનને કોઈ દાન પહોંચી શકે એમ નથી.'

એઓ સાધારણ બ્રહ્મોસમાજના પ્રમુખ હતા અને સમાજસુધારક હતા. ઈ. સ. ૧૯૨૩ માં ગૂજરાત મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ ડૉ. રાયને નોતર્યા ત્યારે સ્વાગત કરતાં આચાર્યશ્રી કૃપાલાનીએ પોતાની અનુપમ વાણીમાં કહેલું છે તે નોંધવા જેવું છે : ' સંસારસુધારાની દિશામાં આપની સેવાઓ જગજાહેર છે. આપની પ્રિયતમ દેવી સરસ્વતીને પૂજતાં પૂજતાં આપ માતૃભૂમિને અને માનવજાતિને વીસર્યા નથી. કેટલાક સર્વની એકતામાં માનતા હોવાની અને પોતે માનવજાતિના સેવક હોવાની વાતો કરે છે. પણ તેમની માનવજાતિને બંધન-મર્યાદા કશું જ હોતું નથી. તેથી કયા મધ્યબિંદુથી પોતાનું સેવાકાર્ય શરૂ કરવું તે જ તેઓને જડતું નથી. બીજું કાંઈ ન જડવાથી તેઓ પોતાની જાતને જ કેન્દ્ર બનાવી દે છે ને તેમની સેવા પોતામાં જ સંભવે છે ને પોતામાં જ લય પામે છે; પણ આપની માનવજાતિને તો બંધન અને મર્યાદા બંને છે. તેનું કેન્દ્ર ભારતવર્ષ છે — નહીં, તેનું કેન્દ્ર બંગાળા છે કે જ્યાં આપ આપના મલેરિયા ને તાવથી પીડાતા ભાઈઓની સાધુજનને છાજતી ભક્તિથી સેવા કરો છો; દીનહીન અને પતિતોની વચમાં પોતાનું સિંહાસન નાખીને વિરાજેલા દીનબંધુઓની આપ પૂજા કરો છો. ઘણાઓ રસ્તે પથરા ફોડનાર મજૂરોનાં ફાટચાંતૂટચાં વસ્ત્રોની દયા દર્શાવે છે; પણ તેમનાં પોતાનાં કપડાં જોઈએ છીએ તો સ્વચ્છ ઊજળાં હોય છે. પણ આપનાં કપડાં તો જે મેલ તે ગરીબોનાં કપડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર હોય છે તે જ મેલથી તેમની સેવા કરતાં ખરડાયેલાં અમે જોયાં છે.'

સદ્ગતના વિદ્યાવ્યાસંગ અને શિષ્યવાત્સલ્ય વિષે કૃપાલાનીજીએ એ જ પ્રસંગે કહેલું છે:

'આ વિષે અનેક વાતો અમે આપને મોઢેથી તેમ જ આપના ઓળખીતાઓને મોઢેથી સાંભળેલી છે. આપ હમેશાં આપના શિષ્યોને મિત્રની જેમ રાખો છો, તેમને બાળક ગણવાને આપ અધિકારી છો, પણ પોતાના હૃદયની ઉદારતાથી આપે તેમને સમાન કરીને રાખ્યા છે. આપે તેમની ઉપર પ્રેમ વરસાવ્યો છે, ને તેના જવાબમાં તેમણે પણ આપની ઉપર પ્રેમ વરસાવ્યો છે. તેઓ આપની કેવી સેવા કરે છે તે અમે જાણીએ છીએ. આપને ત્યાં નોકરચાકરની ગરજ રહેતી નથી. બધાં કામકાજ આપના શિષ્યો જ કરી આપે છે! કેટલાક શિષ્યોને આપે સમાન કરીને રાખ્યા છે; પણ તેનાથી પરિચયજન્ય અણછાજતી છૂટ તેઓ લઈ શકતા નથી. કારણ કે, આપની મહત્તા પ્રાચીન ગુરુઓના જેટલાં જ માનભક્તિ ઉપજાવનારી છે!'

શ્રી પ્રફુલ્લબાબુ ચારિત્ર્યમાં અને જ્ઞાનમાં જેટલા મોટા અને વિદ્વાન હતા એટલા જ હલનચલન અને રીતભાતમાં બાળક જેવા સરળ અને રમતિયાળ હતા. મહાદેવભાઈએ એક જગાએ કહ્યું છે: 'વાનર કરતાં વધારે ટીખળી પ્રો. કૃપાલાની જેવાને જેમની બાળચર્યા જોઈને આશ્ચર્ય થાય તેમના જીવનના તરવરાટની સહેજે કલ્પના થઈ શકશે.'

એઓ આધુનિક વૈજ્ઞાનિક જગતમાં હિંદની ખુરસી નખાવનાર એવા આપણા આદ્ય વૈજ્ઞાનિક હતા. મૌલિક સંશોધનો માટે એ નામાંકિત થયેલા છે; અને મૌલિક સંશોધનો માટે જાણીતા થયેલા અનેક શિષ્યોના એ આચાર્ય છે. શ્રી મહાદેવભાઈએ લખ્યું છે: 'કોઈ કે કહ્યું હતું કે ગાંધીયુગમાં સાદાઈ બહુ સોંઘી થઈ ગઈ છે. પણ જે યુગમાં સાદાઈ મોંઘી હતી તે યુગમાં પણ ડૉ. રાય ફકીર જેવી સાદાઈ રાખતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની સાદાઈના મૂળમાં તેમનો પ્રકૃતિપ્રેમ છે. વિલાયત જઈ ને ભણી આવેલા વિદ્વાનોની પરિષદ ભરાઈ હોય તો એમાં અડવી લાગે એટલી ભારે એમની સાદાઈ હતી. એટલું જ નહીં, દેશમાંના અંગ્રેજી ભણેલાઓ વચ્ચે પણ એ બેઠા હોય ને બહારનો કોઈ એમને ખોળતો આવે ને એમનું ઓળખાણ કરાવાય તો પ્રથમ તો એ પાછો જ પડે! મશ્કરી તો નથી કરતા ને? આ ડૉ. રાય? એવું જ એને થાય.'

આ તે રાય કે રંક?

अूंचा अूंचा सब कोई चाले नीचा न चाले कोय;
नीचा नीचा जो कोई चाले सबसे अूंचा होय.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

શ્રી પ્રફુલ્લબાબુના જીવનની સાલવારી

૧૮૬૧ જન્મ
૧૮૭૦ હેર સ્કૂલમાં દાખલ
૧૮૭૪ મરડો થયો
૧૮૭૭(?)આલ્બર્ટ સ્કૂલમાં દાખલ
૧૮૭૯ મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યુશનમાં દાખલ
૧૮૮૨ વિલાયત અભ્યાસ માટે
૧૮૮૫ 'બળવા પહેલાંનું અને પછીનું હિંદ' એ વિષેનો નિબંધ
૧૮૮૭ ડી. એસસી. થયા
૧૮૮૮ હોપ પ્રાઇઝ શિષ્યવૃત્તિ
૧૮૮૯ રસાયણશાસ્ત્રના અધ્યાપકપદે
૧૮૯૧ અનિદ્રાનો રોગ
૧૮૯૪ બંગાળીઓના ખોરાક વિષે સંશોધનો
૧૮૯૫ પારાના નાઇટ્રાઇટની શોધ
૧૯૦૨ હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ — ૧
૧૯૦૪ બીજી વાર વિલાયત
૧૯૦૬(?)બેંગાલ કેમિકલ એન્ડ ફાર્મસ્યૂટિકલ વર્ક્સની સ્થાપના
૧૯૦૯ હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ – ૨
૧૯૧૨ ત્રીજી વાર વિલાયત: બ્રિટિશ શહેનશાહતનાં વિશ્વવિદ્યાલયોની મહાસભામાં પ્રતિનિધિ
૧૯૧૬ યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ
૧૯૧૮ મદ્રાસ યુનિવર્સિટીમાં હિંદુ રસાયણશાસ્ત્ર વિષે વ્યાખ્યાનો
૧૯૨૦ સાયન્સ કૉંગ્રેસના પ્રમુખ; ચોથી વાર વિલાયત
૧૯૨૧ ખાદીપ્રચાર, રાષ્ટ્રીય કેળવણી તથા ખુલનાની દુષ્કાળનિવારણ-પ્રવૃત્તિના અગ્રણીપદે
૧૯૨૨–૨૩ દુષ્કાળનિવારણ અને રેલસંકટનિવારણની પ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૩ ગૂજરાત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત

૧૯૨૪ રસાયણસભાના પ્રમુખ

૧૯૨૫ અખિલ ભારતીય હિંદુમહાસભાના અધિવેશનના સ્વાગતપ્રમુખ: હિંદી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં કામચલાઉ પ્રમુખપદે

૧૯૨૬ માઇસોર યુનિવર્સિટીના પદવીદાન સમારંભના પ્રમુખ: પાંચમી વાર વિલાયત: શાહેનશાહતનાં વિશ્વવિદ્યાલયોની મહાસભામાં

૧૯૨૯ હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રદર્શનનું ઉદ્ઘાટન: આંધ્ર યુનિવર્સિટીનું પદવીદાન

૧૯૩૧ બંગાળમાં રેલસંકટનિવારણ

૧૯૩૨ આત્મકથાનું પ્રકાશન

૧૯૩૭ અધ્યાપકપદેથી નિવૃત્ત

૧૯૪૪ સ્વર્ગવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષનામોની શબ્દસૂચિ

અત્રાઈ ૮૨
અન્સારી (ડૉ.) ૫૩
અમૃત બજાર પત્રિકા ૪
અયોધ્યાનાથ ૯
આલ્બર્ટ સ્કૂલ ૧૩,૧૪,૫૯
આલ્બર્ટહોલ ૫૯
ઇકેસ્લેઘ (લૉર્ડ) ૨૨
ઇન્ડિયન મૅડિકલ કૉન્ગ્રેસ ૪૨
ઇલિયટ, જ્યૉર્જ (સર) ૪૭
ઈટલી ૨૭
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (પં.) ૫,૬,૧૬
એકૅડેમી દ સાયન્સીસ ૫૬
એડવર્ડ (રાજા) ૮૯
એડિનબર્ગ ૨૦,૨૩,૨૮,૫૮
એડિનબર્ગ યુનિવર્સિટી ૩૬
„ „ કેમિકલ સોસાયટી ૨૪,૩૬
એન્ડ્રૂઝ (દીનબંધુ) ૯૫
એર્ડમૅન (પ્રો.) ૫૪
એલન, એચ. બી. (પ્રો.) ૬૭
એલન, ફ્રેન્ક (પ્રો.) ૬૭
કર્ઝન (લૉર્ડ) ૫૯
કલકત્તા ૬,૭,૩૩,૩૬
„ પૉટરી વર્ક્સ ૯૮
„ યુનિવર્સિટી ૬૪,૭૭,૭૯
કાનપુર ૮૨
કાલિદાસ (કવિ) ૧૭
કાસિમ બજારના મહારાજા ૭૯
કૂલી ૩૭
કૃપાલાની (પ્રો.) ૮૫,૧૦૩
કૃષ્ણનગર કૉલેજ ૪
કૅમિકલ સોસાયટી, લંડન ૬૪,૬૬
કૅમ્બ્રિજ યુનિવર્સિટી ૬૯
કેવેન્ડૂ ૫૫
કૉપ્સ ૪૯
કૉબ્બ, ફ્રાંસિસ વિલિયમ ૧૦
કૉર્નેલિયા ૭૫
કૉલેજ દ ફ્રાન્સ ૫૫
કૉહેન (પ્રો.) ૫૪
ક્રુમબ્રાઉન, એલેક્ઝાંડર ૨૧,૨૪,૫૩
ક્રૉફ્ટ, આલ્ફ્રેડ (સર) ૨૮,૩૦,૪૭
ક્રૉસ (લૉર્ડ) ૨૫
ગંગુલી, અતુલચંદ્ર ૬૧
ગાયટન દ મૉરવુ ૫૫
ગાય-લુઝાક ૫૫
ગાંધી (મહાત્મા) ૫૮,૫૯,૮૧,૮૩,૯૪
ગિબન, એડમંડ ૬૨
ગૂજરાત વિદ્યાપીઠ ૮૫,૧૦૧
ગેટે (મહાકવિ) ૫૫
ગેલિલિયો ૯
ગોખલે, ગોપાલ કૃષ્ણ ૫૭,૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોષ, અતુલચંદ્ર ૬૧
,, જ્ઞાનેન્દ્રચંદ્ર ૭૫
,, રાસબિહારી ૭૮
ચક્રવર્તી, ગોપાલચંદ્ર ૭૬
ચેમ્બર્સ બાયોગ્રાફી ૯
જર્નલ ઑફ ધી એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલ ૩૩,૪૭
જર્નલ ડસ સાવન્ટ્સ ૫૦
જિનિવા ૫૫
જિલક્રાઇસ્ટ સ્કોલરશિપ ૧૭,૨૪,૨૬,૯૭
જી. સી. રાય એન્ડ બ્રધર્સ ૯૭
જોનસન (ડૉ.) ૮,૨૦
ઝુરિચ ૫૫
ટાટા આયર્ન વર્ક્સ ૯૯
ટીટાગર પેપર મિલ્સ ૯૯
ટેન્નેટ એન્ડ કો. ૩૬
ટૉની, ચાર્લ્સ ૨૬,૪૬
ટૉમ્સન, જોસેફ (સર) ૬૭, ૬૮
ટ્રેવર્સ (ડૉ.) ૫૩
ઠાકુર, દેવેન્દ્રનાથ ૯
,, રવીન્દ્રનાથ ૨૦
ડિક્સન (પ્રો.) ૫૪
ડે, કનૈયાલાલ ૪૨
ડે, તિનકોડી ૬૬
ડે, માણિકલાલ ૬૩
ડેવર, જેમ્સ (સર) ૫૩
ડેવી ફેરેડે રિસર્ચ લેબોરેટરી ૫૩
તત્ત્વબોધિની પત્રિકા ૪,૯
તાલોરા ૮૨
તિલક ૫૭
થેનર્ડ ૫૫
થોમસન, જુલિયસ (પ્રો.) ૫૬
દત્ત, અક્ષયકુમાર ૯
,, ઉદ્યોગચંદ્ર ૪૨,૪૯
,, મધુસૂદન ૪
,, રસિકલાલ ૬૩,૬૪,૭૫
દાસ, ચિત્તરંજન ૮૭
દેસાઈ, મહાદેવ ૮૫,૮૭,૧૦૩
ધાર, નીલરતન ૬૩,૬૬,૭૫
નવજીવન ૧૦૦
નાયક, કુંવરજી (ડૉ.) ૬૫
નિયોગી, પંચાનન ૬૧
નેચર ૬૭
નૉર્થકોટ, સ્ટ્રેફર્ડ (સર) ૨૨
ન્યૂટન ૯
ન્યૂમૅન, ફ્રાંસિસ વિલિયમ ૧૦
પતંજલિ ૫૫
પર્કિન (પ્રો.) ૫૪
પાલ, કૃષ્ણદાસ ૧૮
પાલિત, ટી. એન (સર) ૭૦,૭૮
પાલિત સાયન્સ કૉલેજ ૮૦
પેડલર, એલેક્ઝાંડર ૧૬,૨૮,૨૯,૩૧, ૩૨,૫૨
પેલેતિયર ૫૫
પ્રેસિડંસી કૉલેજ ૮,૧૬,૩૦,૪૬,૪૯, ૬૦,૬૨,૬૫,૭૨,૭૫,૮૦
પ્લેફેર, (લૉર્ડ) ૨૫
ફર્નાન્ડીઝ, એફ. વી. ૭૨
ફાર્મસ્યુટિકલ જર્નલ ૫૪
ફિશર, એમિલ (ડૉ.) ૫૪
ફેયરર ૩૪
ફોરક્રોય ૫૫
ફોસેટ ૨૨
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રેન્કલિન, બેન્જામિન ૯
ફ્રેન્કલેન્ડ (પ્રો.) ૫૪
બટલર (ડૉ.) ૬૯
બર્ડવુડ, જોન (સર) ૮૪
બર્થેલોટ ૪૯, ૫૦, ૫૫, ૫૬, ૬૧, ૭૬
બર્નાર્ડ, ચાર્લ્સ (સર) ૨૫, ૨૬
બર્લિન ૫૪, ૫૫
બસુ, ભૂપેન્દ્રનાથ ૫૮
,, રાજનારાયણ ૯
બંગલક્ષ્મી મિલ્સ ૯૮
બંગીય સ્ટીમ નૅવિગેશન કંપની ૯૮,૯૯
બાયરન (કવિ) ૧૫,૫૮
બુટ્ટો, ક્રિસ્ટોપાલ ઍન્ડ કો. ૩૬,૪૨
બુહલે (પ્રો.) ૭૯
બેકુરેલ ૫૧
બૅનરજી, સુરેન્દ્રનાથ (સર) ૧૬,૫૭
બેન્ગાલ એનેમલ વર્ક્સ ૯૮
બેન્ગાલ કેમિકલ ઍન્ડ ફાર્મસ્યુટિકલ
વર્ક્સ ૭,૩૫,૪૨,૪૬,૪૮,૭૪,૯૮
બેન્ગ્લોર ઇન્સ્ટિટ્યુટ ૭૭
બૅલી, સ્ટુઅર્ટ (સર) ૨૮
બોગ્રા ૮૨
બોઝ, અમૂલ્યચરણ ૪૦,૪૧,૪૩,૪૫
,, આનંદમોહન ૫૭
,, જગદીશચંદ્ર (સર) ૧૯, ૨૯, ૩૦, ૫૨, ૭૪
,, પ્રફુલ્લકુમાર ૭૬
,, રાજનારાયણ ૧૦
,, સત્યનારાયણ ૧૯
,, સત્યેન્દ્રનાથ ૬૩
બ્રહ્મોબંધુસભા ૩૩
બ્રહ્મોસમાજ ૭, ૯, ૧૦, ૩૩
બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન ૫
ભટનાગર ૬૧
ભટ્ટાચાર્ય, દેવેન્દ્રનાથ ૯૮
,, દ્વિજેન્દ્રનાથ ૯૯
ભાદુરી, કુલભૂષણ ૩૭
,, ચંદ્રભૂષણ ૩૨, ૩૭, ૩૮
ભુવનમોહિની ૫
મહંમદઅલી (મૌલાના) ૮૯
મહારાજા કૉલેજ, જયપુર ૧૪
મુકરજી, આશુતોષ(સર) ૬૯,૭૦,૭૧,૭૯
,, જ્ઞાનેન્દ્રચંદ્ર ૬૩
,, જ્ઞાનેન્દ્રનાથ ૬૩, ૭૫
મુંબઈ ૮૨
મૂર, વિલિયમ (સર) ૨૫
મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યુશન ૧૬, ૧૮
મૅન્ચેસ્ટર ૫૪, ૮૨
મૅન્ચેસ્ટર ગાર્ડિયન ૯૩
મૈત્ર, યાદવચંદ્ર ૩૭
મૉડર્ન રિવ્યૂ ૮૦
યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ ૭૬,૯૩
રક્ષિત, જિતેન્દ્રનાથ ૬૪
રસેન્દ્રસારસંગ્રહ ૪૯
રાજશાહી ૮૨
રાજશાહી કૉલેજ ૬૦
રામન, સી. વી. (પ્રો.) ૭૯
રામમૂર્તિ (પ્રો.) ૮૫
રાય, આનંદીલાલ ૪
,, જ્ઞાનેન્દ્રનાથ ૭૬
,, દ્વારકાનાથ ૧૯
,, પી. કે. (ડૉ.) ૧૯
,, પ્રફુલ્લચંદ્ર [પાનેપાને]
,, પ્રિયદારંજન ૭૬
,, માણેકલાલ ૩
,, રામમોહન ૭, ૨૦
,, હરિશ્ચંદ્ર ૩,૪,૫,૬,૧૬,૧૮,૯૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રારુલી ૩, ૪, ૬
રિચર્ડસન, ડી. એલ. (કૅપ્ટન) ૪
રુથફોર્ડ ૫૧
રૅમ્સે, વિલિયમ (સર) ૫૩, ૫૪, ૬૬
રોઝબરી (લૉર્ડ) ૬૭
રૉયલ ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ ૭૭
રૉલેટ ઍક્ટ ૮૧
રૉસ્કો ૬૬
રૉસ્કો ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ ૭૭

લંડન ૧૯, ૨૦, ૨૫, ૩૧
લાહિરી, પ્રસન્નકુમાર ૧૬
લીડન, જૉન ૯
લેવી, સિલ્વન (પ્રો.) ૫૫
લેવોઇઝિયર ૫૫
લૉરેન્ઝ, રિચર્ડ (પ્રો.) ૫૫
વાલ્ડી ઍન્ડ કો. ૩૭

વિદ્યાસાગર ઈશ્વરચંદ્ર : જુઓ
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
વિલિયમ, ચાર્લ્સ (સર) ૩૧
,, જોન્સ (સર) ૯
વિલ્સનકૃત સંસ્કૃત-અંગ્રેજી કોશ ૯૫
વિવિધાર્થસંગ્રહ ૪
વૉકર, જેમ્સ ૫૪
વૉટસન (પ્રો.) ૭૨
વૉન્ટ, હૉફ ૫૪

શાર્લોટનબર્ગ ૫૪

સરકાર નીલરતન ૩૪, ૩૯
,, પુલિનબિહારી ૬૩, ૭૩
સર્વાધિકારી, દેવપ્રસાદ ૬૬, ૬૯
સહા, મેઘનાદ ૬૩
સંકટનિવારણસમિતિ ૮૦
સિબપુર ઇજનેરી કૉલેજ ૭
સિંહા, સતીશચંદ્ર ૪૩
સીટી કૉલેજ ૬૫
સુલભ સમાચાર ૧૦
સેન, કૃષ્ણબિહારી ૧૪
,, કેશવચંદ્ર ૭, ૯, ૧૦, ૧૩, ૧૪
,, જતીન્દ્રનાથ ૬૧
,, મનમોહન ૭૬
,, હેમેન્દ્રકુમાર ૬૫
સોડપુર સલ્ફ્યુરિક વર્ક્સ ૩૭, ૯૫
સૉડી ૫૧
સ્કવાયર ૪૧
સ્કૉટ ૧૪, ૪૫
સ્કૉટમૅન ૨૩
સ્ટેટ્સમૅન ૧૮, ૯૨
સ્ટ્રુટ ૫૬
સ્પેન્સર ૨૦
સ્માઇલ્સ ૨૦
સ્મિથેલ્સ (પ્રો.) ૫૪
હાલ્ડેન (લૉર્ડ) ૮૯, ૯૦
હિંદી રાષ્ટ્રીય મહાસભા ૮૯
હિંદુ કૉલેજ ઑફ કલકત્તા ૭
હિંદુ પત્રિકા ૪
હિંદુ પેટ્રિયટ ૧૮
હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ ૪૬, ૫૦, ૫૨
હેર ડેવિડ ૭
હેર સ્કૂલ ૭, ૧૩, ૩૧
હૉપ પ્રાઇઝ સ્કૉલરશિપ ૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માળાનાં બીજાં પુસ્તકો

૧. આધુનિક ભારત લે૦ આ૦ જાવડેકર; અનુ૦ પાંડુરંગ દેશપાંડે ૬–૦–૦

મધ્યયુગની રાજાશાહીમાંથી નીકળી અર્વાચીન લોકશાહીની દૃષ્ટિએ આપણું રાષ્ટ્ર કઈ રીતે જાગ્રત થયું, એ નૂતન હિંદની ઉદયકથા આ પુસ્તકનો વિષય છે. અર્વાચીન હિંદનો અભ્યાસ કરનાર દરેકને ખાસ ઉપયોગી.

૨. હિંદની અંગ્રેજ વેપારશાહી લે૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ ૪–૦–૦

યુરોપના ગોરા વેપારીઓએ આપણા દેશમાં ૧૬ મા સૈકા પછી આવવાનું શરૂ કર્યું. તેમાંથી ધીમે ધીમે બે સૈકાંમાં પોતાનું રાજ્ય કેવી રીતે તેમણે જમાવ્યું તેનો ઇતિહાસ નવી જ શૈલી તથા દૃષ્ટિથી આ પુસ્તકમાં રજૂ થયો છે. અર્વાચીન હિંદ વિષે વિચાર કરનાર દરેકને ઉપયોગી. પાંચ નકશા સાથે.

૩. મહાસભાના ઠરાવો સં. વિઠ્ઠલદાસ મ૦ કોઠારી ૬–૦–૦

ઈ. સ. ૧૮૮૫થી લઈને સ્વાતંત્ર્યના ઉદય સુધીનાં (ઈ. સ. ૧૯૪૭) બાસઠ વર્ષમાં હિંદી રાષ્ટ્રીય મહાસભાનાં ૫૪ અધિવેશન થયાં. તેમાં થયેલી સત્તાવાર ઠરાવોની સામગ્રી આ પુસ્તકમાં વર્ષવાર એકઠી કરવામાં આવી છે. ઉપરાંત મહાસમિતિ અને કારોબારી સમિતિએ પસાર કરેલા મહત્ત્વના ઠરાવો તથા મહાસભાનું જૂનું અને નવું બંધારણ પણ આપવામાં આવ્યાં છે. વિસ્તૃત-સૂચિ સહિત. સચિત્ર.

૪. કેળવણી વડે ક્રાન્તિ સંપા૦ વિઠ્ઠલદાસ મ૦ કોઠારી ૩–૦–૦

આ પુસ્તકમાં ગૂજરાત વિદ્યાપીઠનો ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીનો ઇતિહાસ, સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી, અને વિદ્યાપીઠના કુલપતિ તરીકે ગાંધીજીએ આપેલાં વ્યાખ્યાનો ત્રણ વિભાગોરૂપે રજૂ કરવામાં આવ્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠની કારકિર્દીનો સ્વરાજની લડત માટેનો યુગ પૂરો થતાં, આ જાતનું તેના કાર્યનું સરવૈયું ગુજરાતનાં આધુનિક બળો સમજવા ઇચ્છનારને ઉપયોગી નીવડશે. સચિત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સત્યાગ્રહની સપ્તપદી સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ ૨-૦-૦

દક્ષિણ આફ્રિકા, ચંપારણ, ખેડા, અમદાવાદના મજૂરો, નાગપુર, બોરસદ અને બારડોલી — એમ સત્યાગ્રહની સાત લડતોના ઇતિહાસ પરનાં વ્યાખ્યાનો. સત્યાગ્રહના નવીન શસ્ત્ર વડે આપણા રાષ્ટ્રનો યુગપલટો સધાયો છે. તે શસ્ત્ર વડે લડાયેલી મુખ્ય સાત લડતોનું આ શબ્દચિત્ર નવી પેઢી માટે ખાસ ઉપયોગી નીવડે તેમ છે.

૬. લોકમાન્ય ટિળક લે૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે ૩-૦-૦

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એ મંત્રના દ્રષ્ટા અને આધુનિક રાષ્ટ્રીય જાગૃતિના જનક ગણાતા લોકમાન્ય ટિળકની જન્મ-શતાબ્દી નિમિત્તે આ જીવનકથા પ્રગટ કરવામાં આવી છે. રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે જીવનભર મથનાર અને તે વખતની સરકારનાં અમાનુષી દમન અને અનેક યાતનાઓ વેઠ્યા છતાં પોતાના નિરધારમાં મક્કમ રહીને રાષ્ટ્રને ચરણે જીવન સમર્પણ કરનાર તે મહાપુરુષના ઉદાત્ત જીવન અને કાર્યનો પરિચય આ પ્રેરક જીવનકથા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar